

ચેમ્બર ઓફ કોમર્સનું મુખપત્ર

# સમૃદ્ધિ

RNI REG. NO. 15089/1968

VOL. : 58 / ISSUE-04 / OCTOBER 2025

SGCCI

ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઇન્ડસ્ટ્રી

ACT WITH ONE MIND

# ACTIVITIES OF SGCCI

## ચેમ્બરના હોદ્દેદારો

**નિખિલ મદ્રાસી**
પ્રમુખ

**અશોક જીરાવાલા**
ઉપપ્રમુખ

**વિજય મેવાવાલા**
તત્કાલિન પૂર્વ પ્રમુખ

**બિજલ જરીવાલા**
માનદ્ મંત્રી

**CA મિતિષ મોદી**
માનદ્ ખજાનચી

તંત્રી
**અમરિષ ભટ્ટ**

સહતંત્રી
**વિપુલ સારપરા**

એડિટોરિયલ એન્ડ કો-ઓર્ડિનેટર
**જિતેન્દ્ર પારધી (પવાર)**



પ્રકાશક
**ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઇન્ડસ્ટ્રી**



છઠ્ઠો માળ, સંહતિ બિલ્ડીંગ, એસઆઇઇસીસી કેમ્પસ, ખજોદ ચાર રસ્તા પાસે, અલથાણ રોડ, સરસાણા, સુરત-395007, ગુજરાત, ભારત.
ફોન : +91-261-2291111
(E) info@sgcci.in (W) www.sgcci.in

**સંપર્ક : ધનેન્દ્ર પાટીલ, સેક્રેટરી**



સમૃદ્ધિમાં પ્રસિદ્ધ થતા વકતા કે લેખકોના વિચારો સાથે ચેમ્બર સહમત છે એમ સમજવું નહીં.


## અનુક્રમણિકા


| | | |
|---|---|---|
| 01 | ચેમ્બરની દક્ષિણ ગુજરાતના ઉદ્યોગોના પ્રશ્નોની ગાંધીનગર ખાતે રજૂઆત | 05 |
| 02 | ચેમ્બરના SGCCI ગોલ્ડન જ્યુબિલિ મેમોરિયલ ટ્રસ્ટ દ્વારા પીએચ.ડી. કરી રહેલા વિદ્યાર્થીઓને રૂ. ત્રણ-ત્રણ લાખની સ્કોલરશિપ અપાઇ | 07 |
| 03 | સુરત આંતરરાષ્ટ્રીય એરપોર્ટ પરથી ટૂંક સમયમાં International Precious Cargo Operations શરૂ કરવા માટે વધુ એક રજૂઆત | 09 |
| 04 | ચેમ્બર ઓફ કોમર્સ દ્વારા ઉત્કૃષ્ટ ગુરૂવર્ય એવોર્ડ સમારોહ યોજાયો, સુરતના ૫૬ શિક્ષકોને સન્માનિત કરાયા | 10 |
| 05 | ચેમ્બરના પ્રતિનિધિ મંડળે ભારતના કેન્દ્રીય જળશક્તિ મંત્રી શ્રી સી. આર. પાટીલને સમગ્ર મેનમેઇડ ફાઇબર ટેક્સટાઇલ વેલ્યુ ચેઇનને ૫%ના એકસરખા જીએસટી દર હેઠળ લાવવાની વિનંતિ સાથે રજૂઆત કરી | 12 |
| 06 | ચેમ્બરની આગેવાનીમાં ભારતભરના તમામ એમએમએફ ટેક્ષટાઇલના મોટા ભાગના એસોસીએશનોની જીએસટી દરો બાબતે ઓનલાઇન મિટીંગ મળી | 16 |
| 07 | ચેમ્બર ઓફ કોમર્સ દ્વારા 'હોમિયોપથી' પર સેશન યોજાયું | 17 |
| 08 | SGCCI રિલીફ ફંડમાંથી પંજાબના પૂરગ્રસ્તો માટે રૂપિયા ૧૨ લાખની કિંમતની ૭૦૦૦ સાડીઓ મોકલાઇ | 19 |
| 09 | ચેમ્બર ઓફ કોમર્સ દ્વારા સરસાણા સ્થિત પ્લેટિનમ હોલમાં બે દિવસીય 'સંસ્કૃતિ' – ધ મેગા આર્ટ ફેસ્ટીવલ'નો ભવ્ય શુભારંભ | 28 |
| 10 | ચેમ્બર ઓફ કોમર્સ દ્વારા પ્લેટીનમ હોલમાં 'સંસ્કૃતિ' – ધ મેગા આર્ટ ફેસ્ટીવલ' અંતર્ગત શોર્ટ ફિલ્મ મેકિંગ વર્કશોપ યોજાયો | 23 |
| 11 | ચેમ્બર દ્વારા 'સંસ્કૃતિ' – ધ મેગા આર્ટ ફેસ્ટીવલ' અંતર્ગત 'આર્ટ્સ' પર પેનલ ડિસ્કશન યોજાયું | 25 |
| 12 | ચેમ્બર ઓફ કોમર્સ દ્વારા પ્લેટીનમ હોલમાં 'હેલ્થ કોન્કલેવ ૨૦૨૫' યોજાઇ, ૧૦૦૦થી વધુ લોકો પ્રિવેન્ટીવ હેલ્થની જાણકારી મેળવવા ઉપસ્થિત રહયા | 26 |
| 13 | ચેમ્બર ઓફ કોમર્સના પ્રતિનિધિ મંડળે અમદાવાદ ખાતે એસ્ટ્રાલ પાઇપ્સ અને વાડીલાલ આઇસ્ક્રીમની ઇન્ડસ્ટ્રીયલ વિઝીટ કરી ગાંધીનગર ખાતે વિધાનસભાની લાઇવ કાર્યવાહી નિહાળી ગીફ્ટ સિટીની પણ મુલાકાત લીધી | 29 |
| 14 | ચેમ્બર ઓફ કોમર્સ દ્વારા પ્લેટીનમ હોલમાં 'અડોપ્ટિંગ નેક્સ્ટ જનરેશન, નેક્સ્ટ પ્રેક્ટિસ'ની થીમ પર આયોજિત બે દિવસીય 'ટેકનો ટોક કન્વેન્શન ૨૦૨૫'ની શરૂઆત | 33 |
| 15 | 'અડોપ્ટિંગ નેક્સ્ટ જનરેશન, નેક્સ્ટ પ્રેક્ટિસ'ની થીમ પર ચેમ્બર ઓફ કોમર્સ દ્વારા આયોજિત બે દિવસીય 'ટેકનો ટોક કન્વેન્શન 2025'નું ભવ્ય સમાપન | 35 |
| 16 | ચેમ્બર ઓફ કોમર્સ તથા સાર્વજનિક એજ્યુકેશન સોસાયટી– સુરત અને સાર્વજનિક યુનિવર્સિટી– સુરત વચ્ચે વિદ્યાર્થીઓ માટે ઇન્ટર્નશિપ, ઉદ્યોગ તાલિમ, પ્લેસમેન્ટ સુવિધા અને સ્કીલ ડેવલપમેન્ટ જેવા મુદ્દાઓને લઇને સમજૂતિ કરાર થયા | 37 |
| 17 | ચેમ્બર ઓફ કોમર્સ અને સુરત એમ્બ્રોઇડરી એસોસીએશન દ્વારા 'સિટમે- ૨૦૨૬' એક્ઝીબીશન માટે MoU–મેમોરેન્ડમ ઓફ અન્ડરસ્ટેન્ડીંગ સાઇન કરાયું | 40 |


**સમૃદ્ધિના અંક વિશેનો આપનો અભિપ્રાય આવકાર્ય છે**

# ચેમ્બરના હોદ્દેદારો



**નિખિલ મદ્રાસી**
પ્રમુખ



**અશોક જીરાવાલા**
ઉપ પ્રમુખ



**વિજય મેવાવાલા**
તત્કાલિન પૂર્વ પ્રમુખ



**બિજલ જરીવાલા**
માનદ્ મંત્રી



**CA મિતિષ મોદી**
માનદ્ ખજાનચી

# ચેમ્બરની દક્ષિણ ગુજરાતના ઉદ્યોગોના પ્રશ્નોની ગાંધીનગર ખાતે રજૂઆત



## ચેમ્બર ઓફ કોમર્સના ઉપ પ્રમુખ શ્રી અશોક જીરાવાલાની આગેવાનીમાં મુખ્ય મંત્રીશ્રી તથા નાણાં મંત્રીશ્રીને જીઆઈડીસી સંબંધિત પ્રશ્નોમાં ટ્રાન્સફર પોલિસી સરળ બનાવવા અને ઈમિટેશન જરીમાં આઈટીસી રિફંડ વર્ષ ૨૦૨૩થી બ્લોક છે તેને અનબ્લોક કરવા રજૂઆત કરવામાં આવી

શ્રી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીના ઉપ પ્રમુખ શ્રી અશોક જીરાવાલાની આગેવાનીમાં ચેમ્બરના માનદ્ ખજાનચી સીએ મિતિષ મોદી અને ડેપ્યુટી સેક્રેટરી શ્રી ખોલિક દેસાઈ સહિતના પ્રતિનિધિ મંડળે સોમવાર, તા. ૧ સપ્ટેમ્બર ૨૦૨૫ના રોજ ગાંધીનગર ખાતે ગુજરાતના મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલ અને નાણાં મંત્રી શ્રી કનુભાઈ દેસાઈને દક્ષિણ ગુજરાતના ઉદ્યોગોના વિવિધ પ્રશ્નોની વિગતવાર રજૂઆત કરાઈ હતી.

ચેમ્બર ઓફ કોમર્સના પ્રમુખ શ્રી નિખિલ મદ્રાસી અને ઉપ પ્રમુખ શ્રી અશોક જીરાવાલાએ જણાવ્યું હતું કે, ચેમ્બર ઓફ કોમર્સ દ્વારા ખાસ કરીને અમેરિકા દ્વારા લાદવામાં આવેલા ટેરિફને કારણે ઉદ્યોગોને થનારા સંભવિત નુકસાન માટે નાણાકીય રાહત પેકેજ જાહેર કરવાની માંગ સાથેની રજૂઆત કરવામાં આવી હતી. આ ઉપરાંત વર્ષ ૨૦૧૨ની ટેક્ષટાઇલ પોલિસીમાં વેટ રિફંડનું જે બેનીફિટ છે તેને વધુ બે વર્ષ લંબાવવામાં આવે અને ટેક્ષટાઇલ

ક્ષેત્રે બે વર્ષ માટે વીજળી દરમાં રૂપિયા બેની સબસિડી આપવાની રજૂઆત કરવામાં આવી હતી.

પીએમ મિત્રા પાર્કનું તાત્કાલિક ધોરણે માસ્ટર ડેવલપર એપોઇન્ટ કરવા તેમજ તેના એસપીવી બોર્ડમાં ચેમ્બરના પ્રમુખને સ્થાન અપાવવા માટે રજૂઆત કરાઇ હતી. જીઆઇડીસીમાં ઓટોમોબાઇલ રેલ્સ એન્ડ સર્વિસ એકમો હાલ કાર્યરત છે તેઓને ઔદ્યોગિક દરજ્જો અપાવવા માટે રજૂઆત કરવામાં આવી હતી. આ ઉપરાંત મ્યુનિસિપલ એરિયામાંથી વાહન વેરો નાબુદ કરવા, ઝીરો ફાર્મિંગ ક્ષેત્રે વીજળીના દરને એગ્રીકલ્ચર દરે આપવા અને વર્ષ ૨૦૧૯ની ગુજરાતની ટેક્ષટાઇલ પોલિસીમાં ઓફલાઇન અરજીઓ આવેલી છે તેને મંજુર કરવા માટે રજૂઆત કરવામાં આવી હતી.

ચેમ્બર ઓફ કોમર્સના પ્રતિનિધિ મંડળે મંત્રીશ્રીઓને જણાવવામાં આવ્યું હતું કે ઉપરોક્ત પ્રશ્નોના ઝડપી ઉકેલથી દક્ષિણ ગુજરાતના ઉદ્યોગોને પ્રોત્સાહન મળશે અને પ્રદેશના ઔદ્યોગિક વિકાસને નવી ગતિ પ્રાપ્ત થશે. ચેમ્બર દ્વારા કરાયેલી ઉપરોક્ત રજૂઆત સંદર્ભે ગુજરાતના મુખ્યમંત્રીશ્રી અને નાણા મંત્રીશ્રી તરફથી ખૂબ જ સકારાત્મક પ્રતિભાવ સાંપડ્યો હતો. ચેમ્બરની રજૂઆતોને મંત્રીશ્રીઓએ ખૂબ જ શાંતિપૂર્વક સાંભળી હતી અને ઉદ્યોગોના વિવિધ પ્રશ્નોનું વહેલી તકે નિરાકરણ લાવવામાં આવશે તેમ જણાવ્યું હતું.

---

# ભારત સરકારની કાપડ મંત્રાલયની અતિ મહત્વની Fiscal, Banking and Credit Interventions for the Textile, Apparel and Handicrafts Sector માટેની કમિટીમાં ચેમ્બરના પ્રમુખની નિમણૂંક

## કમિટીમાં ટેક્ષ્ટાઇલ, એપરલ અને હેન્ડીક્રાફ્ટ ક્ષેત્રે બેન્કીંગ ફાયનાન્સ તથા ક્રેડિટ અંગેની મુશ્કેલીઓના નિરાકરણ માટેના તથા અન્ય વિવિધ સૂચનો આપવાના રહેશે



ચેમ્બરના પ્રમુખ શ્રી નિખિલ મદ્રાસી

ભારત સરકારના કાપડ મંત્રાલય દ્વારા ફિસ્કલ, બેન્કીંગ એન્ડ ક્રેડિટ ઇન્ટરવેન્શન્સ ફોર ધ ટેક્ષ્ટાઇલ, એપરલ એન્ડ હેન્ડીક્રાફ્ટ સેક્ટર માટેની કમિટીના ચેરમેન તરીકે કોન્ફેડરેશન ઓફ ઇન્ડિયન ટેક્ષ્ટાઇલ ઇન્ડસ્ટ્રી (CITI)ના ચેરમેનની નિમણૂંક કરવામાં આવી છે. સાથે જ ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઇન્ડસ્ટ્રીના પ્રમુખ શ્રી નિખિલ મદ્રાસી અથવા તેમના દ્વારા એપોઇન્ટ કરવામાં આવનાર પ્રતિનિધિની કમિટીમાં સભ્ય તરીકે નિમણૂંક કરવામાં આવશે.

ભારત સરકારના કાપડ મંત્રાલયની ઉપરોક્ત કમિટીના મુખ્ય હેતુઓ વિષે વાત કરીએ તો ટેક્ષ્ટાઇલ, એપરલ અને હેન્ડીક્રાફ્ટ ક્ષેત્રે બેન્કીંગ ફાયનાન્સ તથા ક્રેડિટ અંગેની મુશ્કેલીઓના નિરાકરણ માટેના સૂચનો આ કમિટીમાં આપવામાં આવશે. આ ઉપરાંત, જીએસટીના દર રેશનલાઇઝેશન, ટેરિફ માટેના સૂચનો, એમએસએમઇઓને વર્કીંગ ટ્રેડ ફાયનાન્સ સમયસર, સસ્તુ અને જરૂરિયાત મુજબ ક્રેડિટ મળી રહે તે માટેના સૂચનો આપવાના રહેશે.

એક્ષ્પોર્ટ ફાયનાન્સ માટે વિશ્વભરમાંથી મોડેલ સ્ટડી કરીને આપણા દેશ માટે કયું મોડેલ એડોપ્ટ કરી શકાય તેનું સૂચન પણ આ કમિટીમાં સભ્યો દ્વારા કરવામાં આવશે. વર્ષ ૨૦૩૦ સુધીમાં ટેક્ષ્ટાઇલનું એક્ષ્પોર્ટ ૧૦૦ બિલિયન યુએસ ડોલરનો લક્ષ્યાંક કઇ રીતે હાસલ કરી શકાય તે અંગેના સૂચનો પણ કમિટીમાં આપવાના રહેશે.

ઉપરોક્ત કમિટીની મિટીંગ ૧૫ દિવસમાં એક વખત મળશે. જેમાં ચાર અઠવાડિયામાં વર્કશોપનો રિપોર્ટ આપવાની જોગવાઇ કરવામાં આવી છે. આ કમિટીમાં ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઇન્ડસ્ટ્રીના પ્રમુખ ઉપરાંત કોન્ફેડરેશન ઓફ ઇન્ડિયન ઇન્ડસ્ટ્રી (CII), AEPC, TEXPROCIL, CEPC, PDXECILના પ્રતિનિધિઓ સભ્ય તરીકે જોડાશે.

# ચેમ્બરના SGCCI ગોલ્ડન જ્યુબિલિ મેમોરિયલ ટ્રસ્ટ દ્વારા પીએચ.ડી. કરી રહેલા વિદ્યાર્થીઓને રૂ. ત્રણ-ત્રણ લાખની સ્કોલરશિપ અપાઇ




ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઇન્ડસ્ટ્રીના SGCCI ગોલ્ડન જ્યુબિલિ મેમોરિયલ ટ્રસ્ટ દ્વારા શિક્ષણ ક્ષેત્રે પ્રતિભાશાળી અને સંશોધન કાર્યમાં અગ્રેસર વિદ્યાર્થીઓને પ્રોત્સાહન આપવા માટે પીએચ.ડી. કરી રહેલા બે વિદ્યાર્થીઓને રૂપિયા ત્રણ-ત્રણ લાખની સ્કોલરશિપ આપવામાં આવી છે. પ્રથમ તબક્કામાં બંને વિદ્યાર્થીઓને રૂપિયા એક-એક લાખનો ચેક અર્પણ કરવામાં આવ્યો હતો.

ચેમ્બર ઓફ કોમર્સના પ્રમુખ શ્રી નિખિલ મદ્રાસીએ જણાવ્યું હતું કે, SGCCI ગોલ્ડન જ્યુબિલિ મેમોરિયલ ટ્રસ્ટ દ્વારા પીએચ.ડી. કરી રહેલા શ્રી ભાવ્યેશ એન. દેસાઇ (એસવીએનઆઇટી) અને શ્રી અનિકેત એચ. સાવન (ઉકા તરસાડિયા યુનિવર્સિટી)ને રૂપિયા એક-એક લાખની સ્કોલરશિપ આપવામાં આવી છે. આ



**શ્રી અનિકેત સવાણી**
**(ઉકા તરસાડિયા યુનિવર્સિટી)**



**શ્રી ભાવ્યેશ દેસાઇ**
**(એસવીએનઆઇટી)**



સ્કોલરશિપ એક વર્ષ માટે માન્ય રહેશે. વિદ્યાર્થીઓનું શૈક્ષણિક પ્રદર્શન અને સંશોધન કાર્ય સંતોષકારક રહેશે તો આગામી બે વર્ષ સુધી સતત રૂ. એક-એક લાખની સ્કોલરશિપ આપવામાં આવશે. આ રીતે, દરેક વિદ્યાર્થીને ત્રણ વર્ષમાં કુલ રૂ. ૩ લાખની આર્થિક સહાય મળશે. યોગ્ય વિદ્યાર્થીઓને તક મળે અને સંશોધન ક્ષેત્રમાં નવી પેઢી આગળ વધે એ ટ્રસ્ટનો મુખ્ય હેતુ છે.

SGCCI ગોલ્ડન જ્યુબિલિ મેમોરિયલ ટ્રસ્ટના ચેરમેન તેમજ ચેમ્બરના પૂર્વ પ્રમુખ શ્રી રજનિકાંત મારફતિયાએ જણાવ્યું હતું કે, ટ્રસ્ટ દ્વારા આપવામાં આવતી આ સ્કોલરશિપ વિદ્યાર્થીઓ માટે નાણાકીય સહાય પૂરતી જ નહીં, પરંતુ તેમના સંશોધન કારકિર્દીને નવી દિશા આપનારી સાબિત થશે. ટ્રસ્ટનો વિશ્વાસ છે કે, આ પહેલથી દક્ષિણ ગુજરાતમાં શિક્ષણ અને સંશોધન ક્ષેત્રે નવી ઊંચાઈઓ શરૂ થશે. આ તબક્કે SGCCI ગોલ્ડન જ્યુબિલિ મેમોરિયલ ટ્રસ્ટને રાજહંસ અને ક્લર ટેક ગ્રુપનો સહયોગ પ્રાપ્ત થયો છે.

# સુરત આંતરરાષ્ટ્રીય એરપોર્ટ પરથી ટૂંક સમયમાં International Precious Cargo Operations શરૂ કરવા માટે વધુ એક રજૂઆત



ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઇન્ડસ્ટ્રીના પ્રમુખ શ્રી નિખિલ મદ્રાસીના નેતૃત્વ હેઠળ SGCCI દ્વારા ૧૯ જુલાઈ, ૨૦૨૫ના રોજ Airport Authority of India (AAI) AAICLASના CEO શ્રી અજય ભારદ્વાજ અને સુરત એરપોર્ટ ડિરેક્ટર શ્રી એ.એન. શર્માને સુરત આંતરરાષ્ટ્રીય એરપોર્ટ પરથી International Precious Cargo Operations (Import-Export) શરૂ કરવા માટે વિગતવાર પ્રસ્તાવ રજૂ કરવામાં આવ્યો હતો.

તે પહેલા, તા. ૭ ફેબ્રુઆરી ૨૦૨૫ના રોજ, ચેમ્બરના તત્કાલિન પૂર્વ પ્રમુખ શ્રી વિજય મેવાવાલા સહિત ઓફિસ બેરર્સના નેતૃત્વ હેઠળ, ચેમ્બરની એવિએશન એન્ડ એરપોર્ટ કમિટીના ચેરમેન શ્રી દિનેશ શાહ દ્વારા એર ઇન્ડિયા કાર્ગો ટીમ જેમાં શ્રી શેખર મોહતી, શ્રી રાજીવ શર્મા અને શ્રી જોગુઆ ફર્નાન્ડિઝને સુરતમાં આમંત્રિત કરવામાં આવ્યા હતા. આ બેઠકમાં ચેમ્બર

## દર વર્ષે અંદાજે 10-12 બિલિયન યુએસ ડોલરના હીરા અને જ્વેલરીના આયાત-નિકાસની સંભાવનાઓ છે તે બાબત એરપોર્ટ ઓથોરિટી સમક્ષ રજૂ કરવામાં આવી હતી

ઓફ કોમર્સ, સુરત ડાયમંડ બુર્સ, SDB કસ્ટમ હાઉસ તેમજ સુરત કસ્ટમ્સના અધિકારી શ્રી અનુનય ભાટી (હજીરા કચેરી) અને એરપોર્ટ કસ્ટમ્સની ટીમના સભ્યો ઉપસ્થિત રહ્યા હતા.

ઉપરોક્ત મિટીંગમાં સુરતમાંથી સીધી આંતરરાષ્ટ્રીય કાર્ગો મુવમેન્ટની તાતી જરૂરિયાત, કિંમતી માલ માટે સ્ટ્રોંગ રૂમની આવશ્યકતા, એક્સપોર્ટર્સ માટે ઝડપી અને ખર્ચ-અસરકારક લોજિસ્ટિક્સ તથા સુરતને ભારતનું ભાવિ Precious Cargo Hub બનાવવા અંગે ચર્ચા થઈ હતી.

દરમ્યાન તા. ૩ સપ્ટેમ્બર, ૨૦૨૫ના રોજ આ પ્રસ્તાવને ચેમ્બરની એવિએશન એન્ડ એરપોર્ટ કમિટીના ચેરમેન શ્રી નિલેશ શાહ તથા ચેમ્બરના ગ્રુપ ચેરમેન અને GJEPC (Gem & Jewellery Export Promotion Council) ગુજરાતના રીજનલ ચેરમેન શ્રી જયંતિ સાવલિયાએ પુરાવાદાર આંકડાઓ સાથે વધુ મજબૂત બનાવ્યો હતો. દર વર્ષે અંદાજે 10-12 બિલિયન યુએસ ડોલરના હીરા અને જ્વેલરીના આયાત-નિકાસની સંભાવનાઓ છે તે બાબત એરપોર્ટ ઓથોરીટી સમક્ષ રજૂ કરવામાં આવી હતી. સાથે સાથે પેસેન્જર ટર્મિનલ બિલ્ડીંગ ખાતે ડેડીકેટેડ સ્ટ્રોંગ રૂમની સુવિધા ઉભી કરવાની તાત્કાલિક જરૂરિયાતને પણ ઉજાગર કરવામાં આવી હતી.

આ પ્રસ્તાવના આરંભિક તબક્કામાં ભૂતપૂર્વ AAICLAS CEO શ્રી કેકુ ગઝદરનું માર્ગદર્શન પણ મહત્વપૂર્ણ સાબિત થયું હતું. અધિકારીઓ તરફથી મંજૂરી મળ્યા બાદ આ પ્રસ્તાવની અમલવારી સુરતના એક્સપોર્ટર્સ માટે ગેમ ચેન્જર સાબિત થશે અને સુરતની ગ્લોબલ કનેક્ટીવિટીને એક નવી ઊંચાઈ આપશે.

## ચેમ્બર ઓફ કોમર્સ દ્વારા ઉત્કૃષ્ટ ગુરૂવર્ય એવોર્ડ સમારોહ યોજાયો, સુરતના ૫૬ શિક્ષકોને સન્માનિત કરાયા



ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઇન્ડસ્ટ્રી દ્વારા શિક્ષક દિનની ઉજવણીના ભાગ રૂપે તા. ૫ સપ્ટેમ્બર, ૨૦૨૫ના રોજ બપોરે ૩:૦૦ કલાકે સેમિનાર હોલ- એ, સંહતિ, સરસાણા, સુરત ખાતે ઉત્કૃષ્ટ ગુરૂવર્ય એવોર્ડ સમારોહ યોજાયો હતો, જેમાં ચેમ્બર ઓફ કોમર્સ દ્વારા સુરતના ૫૬ શિક્ષકો એટલે કે ગુરૂવર્યોનું સન્માન કરવામાં આવ્યું હતું.

ચેમ્બર ઓફ કોમર્સના પ્રમુખ શ્રી નિખિલ મદ્રાસીએ જણાવ્યું હતું કે, આજે સમાજને સંસ્કાર અને જ્ઞાન આપતા



શિક્ષકોનું સન્માન કરવાની તક અમને મળી હતી, જે અમારા માટે ગૌરવની વાત છે. શિક્ષકો એ જ સાચા રાષ્ટ્રનિર્માતા છે. શિક્ષક એ સમાજ અને દેશનું ભવિષ્ય ઘડવામાં અગત્યની ભૂમિકા ભજવે છે. ગુરુના માર્ગદર્શન અને પ્રેરણાથી જ વિદ્યાર્થી જીવનમાં આગળ વધે છે. આ જ આદરભાવને વ્યક્ત કરવા માટે ચેમ્બર ઓફ કોમર્સ દ્વારા દર વર્ષે આ એવોર્ડ સમારોહનું આયોજન કરવામાં આવે છે.

સમારોહમાં જ્યુરી મેમ્બરોનો પણ વિશેષ આભાર માનવામાં આવ્યો હતો, જેમણે નિષ્પક્ષતાપૂર્વક પસંદગી પ્રક્રિયા પૂર્ણ કરીને પ્રતિભાશાળી ગુરુવર્યોને એવોર્ડ માટે પસંદ કર્યા હતા. શ્રી રૂપીન પચ્ચીગર, શ્રી મહેશ પમનાની, શ્રીમતી નલિનીબેન શાહ, શ્રીમતી રંજનબેન પટેલ, ડૉ. રીટાબેન ફૂલવાલા, શ્રીમતી પ્રકર્ષા મહેતા અને શ્રીમતી અમિબેન નાયકે જ્યુરી તરીકેની મહત્વની ભૂમિકા ભજવી હતી.

ચેમ્બરના ઉપ પ્રમુખ શ્રી અશોક જીરાવાલાએ ગુરુવર્યોના સન્માન સમારોહમાં ઉપસ્થિત સર્વેનો આભાર માન્યો હતો. ચેમ્બરના માનદ્ ખજાનચી સીએ મિતિષ મોદી, ગ્રુપ ચેરમેનો અને શિક્ષકો સમારોહમાં ઉપસ્થિત રહ્યા હતા. શ્રીમતી સ્નેહાબેન જરીવાલા, સુશ્રી વનિતાબેન રાવત, સુશ્રી વંદનાબેન શાહ અને સુશ્રી પ્લવનમી દવેએ ચાર તબક્કામાં યોજાયેલા સન્માન સમારોહનું સંચાલન કર્યું હતું.



# ચેમ્બરના પ્રતિનિધિ મંડળે ભારતના કેન્દ્રીય જળશક્તિ મંત્રી શ્રી સી. આર. પાટીલને સમગ્ર મેનમેઇડ ફાઇબર ટેક્સટાઇલ વેલ્યુ ચેઇનને ૫%ના એકસરખા જીએસટી દર હેઠળ લાવવાની વિનંતિ સાથે રજૂઆત કરી



## શ્રી સી. આર. પાટીલે ચેમ્બરની રજૂઆત કેન્દ્રીય નાણાં મંત્રી શ્રીમતી નિર્મલાબેન સીતારમણ તેમજ કેન્દ્રીય રસાયણ અને ખાતર મંત્રી જે. પી. નડ્ડા સુધી પહોંચાડવાની ખાત્રી આપી

ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઇન્ડસ્ટ્રીના ઉપ પ્રમુખ શ્રી અશોક જીરાવાલાની આગેવાનીમાં ચેમ્બરના પૂર્વ પ્રમુખ શ્રી આશિષ ગુજરાતી, ગ્રુપ ચેરમેન શ્રી સુરેશ પટેલ, ડેપ્યુટી સેક્રેટરી શ્રી પાર્થિક દેસાઇ અને નાયલોન સ્પીનર્સ એસોસિએશનના આગેવાનો સાથેના પ્રતિનિધિ મંડળે તા. ૬ સપ્ટેમ્બર, ૨૦૨૫ના રોજ સુરત ખાતે ભારતના કેન્દ્રીય જળશક્તિ મંત્રી શ્રી સી. આર. પાટીલ સાથે બેઠક યોજી હતી.

ચેમ્બરના પ્રતિનિધિ મંડળ દ્વારા વિવિધ રસાયણો જેવા કે પ્રેગ્ઝાઇલિન, કેપ્રોલેક્ટમ, એમઇજી, પીટીએથી લઇને કાપડ સુધીના સમગ્ર મેનમેઇડ ફાઇબર ટેક્સટાઇલ વેલ્યુ ચેઇનને ૫%ના એકસરખા જીએસટી દર હેઠળ લાવવાની વિનંતિ સાથે રજૂઆત કરવામાં આવી હતી.

ચેમ્બર ઓફ કોમર્સના પ્રમુખ શ્રી નિખિલ મદ્રાસીએ જણાવ્યું હતું કે, ચેમ્બરના પ્રતિનિધિ મંડળ દ્વારા કરાયેલી રજૂઆતમાં જણાવવામાં આવ્યું હતું કે, હાલમાં એમએમએફ યાર્ન પરનો દર ૧૨%માંથી ઘટાડીને ૫% કરવામાં આવતા યાર્ન મેન્યુફેક્ચરિંગ સ્ટેજ પર ઇન્વર્ટેડ ડ્યુટી સ્ટ્રક્ચર વધુ ગંભીર બની છે, જેના કારણે ઇનપુટ ક્રેડિટનો વિશાળ અવરોધ સર્જાશે. આ ઇન્વર્ઝનને કારણે એમએમએફ સ્પીનર્સ તેમના પ્રોજેક્ટ દરમિયાન મૂડી સામાન પરની ઇનપુટ ક્રેડિટનો ઉપયોગ કરી શકશે નહીં, કારણ કે આ સેક્ટર આગામી ૩થી ૪ વર્ષમાં રૂપિયા ૨૪,૦૦૦ કરોડ સુધીના રોકાણની અપેક્ષા રાખી રહ્યું છે. મૂડી સામાન પર આ ઇનપુટ ક્રેડિટનો મોટો અવરોધ તેમની સ્પર્ધાત્મકતા ગુમાવશે અને અંતે તેઓ આગળની વેલ્યુ ચેઇનના ઘટકો પર ખર્ચનો ભાર મૂકવા માટે મજબૂર થશે.

ચેમ્બરના પ્રતિનિધિ મંડળે માનનીય કેન્દ્રીય જળશક્તિ મંત્રી શ્રી સી. આર. પાટીલને ચેમ્બર તરફથી આ રજૂઆત માનનીય નાણાં પ્રધાન શ્રીમતી નિર્મલાબેન સીતારમણ તેમજ કેન્દ્રીય રસાયણ અને ખાતર મંત્રી શ્રી જે.પી. નડ્ડા સુધી પહોંચાડવા માટે વિનંતિ કરી હતી.

ચેમ્બરના ઉપ પ્રમુખ શ્રી અશોક જીરાવાલાએ જણાવ્યું હતું કે, શ્રી સી. આર. પાટીલે ચેમ્બર દ્વારા કરાયેલી રજૂઆત ખૂબ જ શાંતિપૂર્વક સાંભળી હતી અને સંબંધિત વિભાગોને તેમજ મંત્રીશ્રીઓને ચેમ્બરની રજૂઆત પહોંચાડવાની ખાત્રી આપી હતી.

# કિડનીની સંભાળ કેવી રીતે રાખવી? વિષય પર અવેરનેસ સેશન યોજાયું



ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઇન્ડસ્ટ્રી દ્વારા હેલ્થ સિરીઝ અંતર્ગત રવિવાર, તા. ૭ સપ્ટેમ્બર, ૨૦૨૫ના રોજ સવારે ૧૦:૩૦ કલાકે સમૃદ્ધિ નાનપુરા, સુરત ખાતે 'કિડનીની સંભાળ કેવી રીતે રાખવી?' વિષય પર અવેરનેસ સેશન યોજાયું હતું. જેમાં સુરતની કિડની કેર ક્લિનિકના નેફ્રોલોજિસ્ટ તેમજ જાણીતા કિડની સ્પેશ્યાલિસ્ટ ડો. સિદ્ધાર્થ એચ. જૈને કિડનીની સંભાળ માટે વિસ્તૃત જાણકારી આપી હતી.

ચેમ્બર ઓફ કોમર્સના પ્રમુખ શ્રી નિખિલ મદ્રાસીએ જણાવ્યું હતું કે, આ સેશનનો મુખ્ય ઉદ્દેશ લોકોમાં કિડનીની યોગ્ય સંભાળ અને સ્વસ્થ જીવનશૈલી માટે જાગૃતિ લાવવાનો હતો. આ પ્રકારના અવેરનેસ સેશન લોકોમાં સ્વસ્થ જીવનશૈલી અપનાવવાનું મહત્વ સમજાવે છે અને આપણા સમાજને વધુ સ્વસ્થ રહેવા માટે સજાગ બનાવે છે.

ડો. સિદ્ધાર્થ એચ. જૈને જણાવ્યું હતું કે, આજના ઝડપી યુગમાં લોકો પોતાની સ્વાસ્થ્યની સંભાળ માટે પૂરતો સમય નથી કાઢતા. ખાસ કરીને કિડની જેવા મહત્વપૂર્ણ અંગની સંભાળ ખૂબ જ જરૂરી છે. કારણ કે કિડની શરીરના વિશિષ્ટ હિસ્સાઓમાંથી એક છે, જે શરીરમાં પાણીના સંતુલન માટે કામ કરે છે, આથી કિડનીના આરોગ્ય માટે નિયમિત ચકાસણી જરૂરી છે. કિડનીના લાંબા આયુષ્ય માટે પૂરતું પાણી પીવું ખૂબ જ જરૂરી છે. દરરોજ ઓછામાં ઓછું ૨-૩ લિટર પાણી પીને કિડનીને સ્વચ્છ રાખી શકાય છે.

તેમણે વધુમાં જણાવ્યું હતું કે, બ્લડ પ્રેશર અને સુગરનું નિયમિત નિયંત્રણ જરૂરી છે, કારણ કે આ બિમારીઓ કિડનીને નુકસાન પહોંચાડી શકે છે. દવાઓનો અતિઉપયોગ ટાળવો જોઈએ અને માત્ર ડોક્ટરના સૂચન મુજબ જ દવાઓ લેવી જોઈએ. ઓછી મીઠાવાળા અને ઓછી તળેલી ખાદ્ય વસ્તુઓનો ઉપયોગ કરવો જોઈએ. નિયમિત વ્યાયામ અને યોગ્ય ડાયટ પણ ખૂબ જરૂરી છે.



ચેમ્બરના પ્રમુખ શ્રી નિખિલ મદ્રાસી



કિડની સ્પેશ્યાલિસ્ટ ડો. સિદ્ધાર્થ એચ. જૈન

રોજિંદી જીવનમાં તણાવ ઘટાડવો જરૂરી છે, કેમ કે તણાવ પણ કિડનીને અસર કરે છે.

ચેમ્બરની પબ્લિક હેલ્થ કમિટીના ચેરપર્સન ડૉ. પારૂલ વડગામાએ પ્રાસંગિક પ્રવચન કર્યું હતું. ચેમ્બરના ગ્રુપ ચેરમેન શ્રી રાકેશ ગાંધીએ કાર્યક્રમની રૂપરેખા આપી હતી. ચેમ્બરની પબ્લિક હેલ્થ કમિટીના કો-ચેરમેન ડૉ. રાજન દેસાઈએ કાર્યક્રમનું સંચાલન કર્યું હતું. જ્યારે કમિટીના કો-ચેરમેન શ્રી નિખિલ વઘાસિયાએ નિષ્ણાત વક્તા ડૉ. સિદ્ધાર્થ જૈનનો પરિચય આપ્યો હતો. વક્તાએ સેશનમાં ઉપસ્થિત ઉદ્યોગ સાહસિકો અને નાગરિકોના વિવિધ સવાલોના સંતોષકારક જવાબ આપ્યા હતા. ચેમ્બરના SGCCI એજ્યુકેશન એન્ડ સ્કીલ ડેવલપમેન્ટ સેન્ટરના ચેરમેન શ્રી મહેશ પમનાનીએ સર્વેનો આભાર માની સેશનનું સમાપન કર્યું હતું.

# ચેમ્બર ઓફ કોમર્સ, ચેમ્બર ખાતે કાર્યરત એનઆરજી સેન્ટર અને ગુજરાત રાજ્ય બિન-નિવાસી ગુજરાત પ્રતિષ્ઠાનના સંયુક્ત ઉપક્રમે વનિતા વિશ્રામ યુનિવર્સિટી ખાતે NRI મેરેજ અવેરનેસ સેમિનાર યોજાયો



## સુપ્રિમ કોર્ટના વકીલ પ્રિતિ જોશી દ્વારા વિદેશમાં પરણવા ઈચ્છુક યુવતીઓને મહત્વની તકેદારીઓ વિશે વિસ્તૃત જાણકારી આપવામાં આવી

ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી, ગુજરાત રાજ્ય બિન-નિવાસી ગુજરાત પ્રતિષ્ઠાન અને ચેમ્બર ઓફ કોમર્સ સુરત ખાતે કાર્યરત એનઆરજી સેન્ટરના સંયુક્ત ઉપક્રમે તેમજ વનિતા વિશ્રામ યુનિવર્સિટીના સહયોગથી મંગળવાર, તા. ૯ સપ્ટેમ્બર, ૨૦૨૫ના રોજ, સવારે ૧૦:૦૦ કલાકે વનિતા વિશ્રામ યુનિવર્સિટી, સુરત ખાતે NRI મેરેજ અવેરનેસ સેમિનાર યોજાયો હતો, જેમાં સુપ્રિમ કોર્ટના વકીલ પ્રિતિ જોશીએ વિદેશમાં સ્થાયી થયેલા યુવકો સાથે લગ્ન કરવા ઈચ્છુક યુવતિઓને મહત્વની તકેદારીઓ વિશે વિસ્તૃત જાણકારી આપી હતી.

ચેમ્બર ઓફ કોમર્સના તત્કાલીન પૂર્વ પ્રમુખ શ્રી વિજય મેવાવાલાએ જણાવ્યું હતું કે, લગ્ન વ્યવસ્થા ખૂબ સુંવાળુ સ્વરૂપે ભારતીયો સાથે જોડાયેલી છે. હાલના ડિજિટલ યુગમાં સંબંધો ખૂબ ઝડપથી વિસ્તરે છે. પરિચય કેળવાતા, પરિપક્વ થતા તે સંબંધ લગ્નમાં પરિણમે ત્યારે અનેક સાવચેતીઓ રાખવી જરૂરી છે અને જ્યારે લગ્ન સંબંધ વિદેશ સ્થાયી થયેલી વ્યક્તિ સાથે જોડાવાના હોય ત્યારે વધુ અગમચેતી રાખવી જરૂરી બને છે. કારણ કે એક ખોટો નિર્ણય દીકરીનું સંપૂર્ણ જીવન બરબાદ કરી શકે છે.

મુખ્ય વક્તા સુપ્રિમ કોર્ટના વકીલ પ્રિતિ જોશીએ જણાવ્યું હતું કે, દિન પ્રતિદિન ભારતમાંથી વિદેશ જઈને વસનારાઓની સંખ્યામાં વધારો થઈ રહ્યો છે અને તેની સાથે લગ્નમાંથી ઉભી થતી સમસ્યાઓનો પણ વધારો થઈ રહ્યો છે અને તેને કારણે કેટલીક વખત જટિલ પ્રશ્નો ઉભા થતા હોય છે. બિન નિવાસી ભારતીયો સાથેના લગ્નની બાબતમાં માત્ર ભારતીય કાયદા જ નહીં, પરંતુ જે તે દેશની વધુ જટિલ કાનૂની પ્રથા સાથે જોડાયેલા ખાનગી અને આંતરરાષ્ટ્રીય કાયદા પણ લાગુ પડતા હોય છે. આથી આવા લગ્નોમાં જોખમ વધુ રહે છે.

ભાષાની મર્યાદા, સ્થાનિક પોલિસ અને કાનૂની પ્રથાની જાણકારીનો અભાવ અને ઝડપી મળી રહે તેવી નાણાકીય સહાય તેમજ મુશ્કેલીના સમયમાં આશ્રય મેળવી શકાય એવા સ્થાનનો અભાવ



**ચેમ્બરના તત્કાલીન પૂર્વ પ્રમુખ શ્રી વિજય મેવાવાલા**

જેવી અનેક સમસ્યાઓનો સામનો યુવતિઓને કરવો પડે છે. આથી યુવતિઓએ જે દેશમાં પરણવું હોય ત્યાંની ભાષા, પોશાક, સંસ્કૃતિ, જીવનશૈલી અને ઘરના માહોલને ધ્યાનમાં રાખીને જ પરણવું જોઈએ. જે યુવાન સાથે પરણવું છે તેના વિશેની ચોક્કસ માહિતી મેળવવી જોઈએ. તેમણે યુવતિઓને વિદેશમાં લગ્ન કરતા પહેલા મહત્વની તકેદારી રાખવાની સલાહ આપી હતી.

તેમણે વધુમાં જણાવ્યું હતું કે, લગ્ન માટે કોઈ બ્યુરો, એજન્ટ, દલાલ કે મધ્યસ્થી પર આંધળો વિશ્વાસ ન મૂકવો. કોઈ પણ કારણોસર બનાવટી દસ્તાવેજો કરવા માટે તૈયાર ન થવું. લગ્નના આધારે ગ્રીનકાર્ડ મેળવી આપવાના વચનોથી ભોળવાઈ જઈ લગ્ન નહિ કરવા. બીજા દેશમાં જઈ લગ્ન કરવાનો પ્રસ્તાવ ન સ્વીકારવો. વિદેશમાં રહેતી વ્યક્તિનો લગ્ન દરજ્જો એટલે કે વ્યક્તિ કુંવારી છે, છૂટાછેડા કે વિધુર/વિધવા છે, ત્યક્તા છે વિગેરેની ચકાસણી કરવી જોઈએ. આ ઉપરાંત ઇમીગ્રેશન સંબંધી સ્થિતિ, વીઝાના પ્રકાર, વિદેશમાં રહેવા તથા પતિ - પત્નિ તરીકેની પાત્રતા, નાણાકીય સંબંધી સ્થિતિ, સંપત્તિ, રહેઠાણનું સરનામું અને કુટુંબની પાર્શ્વભૂમિ વિ. મુદ્દાઓની તકેદારીપૂર્વક ચકાસણી કરવી જોઈએ.

ગાંધીનગરના બિન-નિવાસી ગુજરાત પ્રતિષ્ઠાનના સિસ્ટમ



**ગાંધીનગરના બિન-નિવાસી ગુજરાત પ્રતિષ્ઠાનના સિસ્ટમ મેનેજર શ્રી ચિંતન પ્રજાપતિ**



**સુપ્રીમ કોર્ટના વકીલ પ્રિતિ જોશી**

મેનેજર ચિંતન પ્રજાપતિએ પ્રતિષ્ઠાન દ્વારા કરવામાં આવતી વિવિધ પ્રવૃત્તિઓ વિશે વિસ્તૃત માહિતી આપી હતી. તેમણે કાર્યક્રમની રૂપરેખા આપી હતી.

વનિતા વિશ્રામ વુમન્સ યુનિવર્સિટીના પ્રોવોસ્ટ ડૉ. દક્ષેશ ઠાકરે યુનિવર્સિટી તેમજ તેઓની વિવિધ પ્રવૃત્તિઓ વિશે વિસ્તૃત માહિતી આપી હતી.

ચેમ્બરના માનદ્ મંત્રી શ્રી બિજલ જરીવાલા, ગ્રુપ ચેરમેન શ્રી પરેશ લાઠિયા, ગાંધીનગર સ્થિત બિન-નિવાસી ગુજરાત પ્રતિષ્ઠાનના ડેપ્યુટી એકાઉન્ટન્ટ શ્રી સુમિત સોલંકી અને કોલેજની વિદ્યાર્થિનીઓ સેમિનારમાં ઉપસ્થિત રહ્યા હતા. ચેમ્બરના એનઆરજી સેન્ટરના ચેરમેન કલ્પેશ લાઠિયાએ સમગ્ર સેમિનારનું સંચાલન કર્યું હતું. ચેમ્બરના એનઆરજી સેન્ટરના કો-ચેરમેન ચેતન શેઠે મુખ્ય વક્તાનો પરિચય આપ્યો હતો. વનિતા વિશ્રામ વુમન્સ યુનિવર્સિટીના ડીન, વોકેશનલ સ્ટડીઝના ફેકલ્ટી તેમજ વુમન્સ ડેવલપમેન્ટ સેલના ચેરપર્સન ડૉ. વિનિતા મોદી સેમિનારમાં ઉપસ્થિત સર્વેનો આભાર માન્યો હતો. મુખ્ય વક્તા વકીલ પ્રિતિ જોશીએ વિદ્યાર્થિનીઓના વિવિધ સવાલોના સંતોષકારક જવાબો આપ્યા હતા અને ત્યારબાદ સેમિનારનું સમાપન થયું હતું.



**વનિતા વિશ્રામ વુમન્સ યુનિવર્સિટીના પ્રોવોસ્ટ ડૉ. દક્ષેશ ઠાકર**

# ચેમ્બરની આગેવાનીમાં ભારતભરના તમામ એમએમએફ ટેક્ષ્ટાઇલના મોટા ભાગના એસોસીએશનોની જીએસટી દરો બાબતે ઓનલાઇન મિટીંગ મળી

## યાર્નના રો મટિરિયલ ઉપર ૧૮ ટકા જીએસટી દર યથાવત રહેવાને કારણે મોટા પ્રમાણમાં ITC ક્રેડિટ રિફંડ સરકારમાં જમા રહેવાની ઉદ્યોગકારોએ ભીતિ દર્શાવી

ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીની આગેવાનીમાં ભારતભરના તમામ એમએમએફ ટેક્ષ્ટાઇલના મોટા ભાગના એસોસીએશનોની જીએસટી દરો બાબતે મંગળવાર, તા. ૯ સપ્ટેમ્બર, ૨૦૨૫ના રોજ ઓનલાઇન મિટીંગ મળી હતી, જેમાં કોન્ફેડરેશન ઓફ ઈન્ડિયન ટેક્ષ્ટાઇલ, સાઇમા, સધર્ન ઈન્ડિયા મિલ્સ એસોસીએશન, મેટેક્સિલ (SRTEPC), નાયલોન સ્પિનર્સ એસોસીએશન, નવી દિલ્હીનું ટેક્ષ્ટાઇલ એસોસીએશન, એસોસીએશન ઓફ સિન્થેટિક ફાઇબર ઈન્ડસ્ટ્રી, પોલિએસ્ટર ટેક્ષ્ટાઇલ એપરલ ઈન્ડસ્ટ્રી એસોસીએશન, પેડેક્સિલ અને પીટીએ યુઝર એસોસીએશનોના પ્રતિનિધિઓ જોડાયા હતા.

ઉપરોક્ત તમામ એસોસીએશનોના પ્રતિનિધિઓએ હાલમાં જ મળેલી ૫૬મી જીએસટી કાઉન્સીલની મિટીંગમાં યાર્નના રો મટિરિયલ ઉપર ૧૮ ટકા જીએસટી દર યથાવત રહેવાને કારણે મોટા પ્રમાણમાં ઈન્વર્ટેડ ડ્યુટીમાં ભારતના તમામ સિન્થેટિક યાર્ન – સ્પિનર્સ આવી ગયા હોવાથી આ ઉદ્યોગકારોની ખૂબ મોટા પ્રમાણમાં આઇટીસી ક્રેડિટ રિફંડ સરકારમાં જમા રહેવાની ભિતી દર્શાવી હતી.

મોટા ભાગના સ્પિનર્સ એક્સપાન્શન કરવાના પ્લાનિંગમાં હતા ત્યારે આટલી મોટી રકમ ઈનપુટ ટેક્ષ ક્રેડિટમાં સરકારમાં જમા રહેશે. જેના કારણે મશીનરી પર લાગેલો ટેક્ષ આજીવન સુધી વસૂલ કરી શકાશે નહીં. જેના કારણે ભારતનું એમએમએફ ટેક્ષ્ટાઇલનું ઉત્પાદન વૈશ્વિક સ્તરે સ્પર્ધાત્મક રહેશે નહીં. જેના કારણે ભારતના તમામ સ્પિનર્સને નુકસાન થશે. ગણતરી પ્રમાણે કિલો દીઠ આશરે ૯ રૂપિયાની જીએસટી ક્રેડિટ જમા રહેશે.

મિટીંગમાં ઉપરોક્ત તમામ એસોસીએશનોનો એકસૂર હતો કે, કેન્દ્ર સરકાર દ્વારા હાલમાં જીએસટી દરોમાં જે બદલાવ કર્યો છે તેને કારણે ફેબ્રિકના સ્તરે ઈન્વર્ટેડ ડ્યુટી દૂર થઇ છે, પરંતુ યાર્નના સ્તરે ખૂબ જ મોટા પ્રમાણમાં ઈન્વર્ટેડ ડ્યુટી આવી ગઇ છે. આથી ટેક્ષ્ટાઇલના પ્રથમ રો મટિરિયલ પેરાઝાઇલિન, કેપ્રોલેક્ટમ, એમઇજી, પીટીએ તથા નાયલોન અને પોલિએસ્ટર ચીપ પર જીએસટી દર ૧૮ ટકાથી ૫ ટકા કરવાની જરૂર છે. આખા એમએમએફ ટેક્ષ્ટાઇલ વેલ્યૂ ચેઇનમાં ક્યાંય પણ ઈન્વર્ટેડ ડ્યુટી નહીં હોવી જોઇએ. આખી વેલ્યૂ ચેઇનમાંથી ઈન્વર્ટેડ ડ્યુટી દૂર કરીશું ત્યારે ભારતનો ટેક્ષ્ટાઇલ ઉદ્યોગ વૈશ્વિક સ્તરે સ્પર્ધાત્મક થશે.

વર્ષ ૨૦૩૦ સુધીમાં ભારતથી ૩૫૦ બિલિયન યુએસ ડોલરનો ટેક્ષ્ટાઇલ એક્સપોર્ટનો લક્ષ્યાંક હાંસલ કરવા માટે આવતા ૫ વર્ષોમાં પોલિએસ્ટર યાર્ન ક્ષેત્રે લગભગ ૨૪૦૦૦ કરોડના રોકાણની જરૂર છે. જ્યારે એમઇજી, પીટીએના ઉત્પાદન ક્ષેત્રે લગભગ ૪૦૦૦૦ કરોડના રોકાણની જરૂરિયાત છે. જો સરકાર ઈન્વર્ટેડ ડ્યુટી મહેકશે નહીં તો તેની ખૂબ ગંભીર અસર આ રોકાણ પર પડશે. હાલમાં અમેરિકા દ્વારા ૫૦ ટકા ટેરિફ ભારત પર લગાવવામાં આવ્યું છે ત્યારે ઘણા ઉત્પાદકોનું યાર્ન અમેરિકા એક્સપોર્ટ થતા બંધ થઇ જશે અને ડોમેસ્ટિક ક્ષેત્રે યાર્ન ઉત્પાદકો જો સ્પર્ધાત્મકતા ગુમાવશે તો ટેક્ષ્ટાઇલ પ્રોડક્ટનું ઇમ્પોર્ટ વધી જશે એવી ચિંતા તમામ ઉદ્યોગકારોએ વ્યક્ત કરી હતી.

**ઓનલાઇન મિટીંગમાં કોન્ફેડરેશન ઓફ ઈન્ડિયન ટેક્ષ્ટાઇલ, સાઇમા, સધર્ન ઈન્ડિયા મીલ્સ એસોસીએશન, મેટેક્સિલ (SRTEPC), નાયલોન સ્પિનર્સ એસોસીએશન, નવી દિલ્હીનું ટેક્ષ્ટાઇલ એસોસીએશન, એસોસીએશન ઓફ સિન્થેટિક ફાઇબર ઈન્ડસ્ટ્રી, પોલિએસ્ટર ટેક્ષ્ટાઇલ એપરલ ઈન્ડસ્ટ્રી એસોસીએશન, પેડેક્સિલ અને પીટીએ યુઝર એસોસીએશનોના પ્રતિનિધિઓ જોડાયા**

# ચેમ્બર ઓફ કોમર્સ દ્વારા 'હોમિયોપથી' પર સેશન યોજાયું




ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી દ્વારા મંગળવાર, તા. ૯ સપ્ટેમ્બર, ૨૦૨૫ના રોજ સાંજે ૪.૩૦ કલાકે સમૃદ્ધિ, નાનપુરા, સુરત ખાતે 'હોમિયોપથી' પર સેશન યોજાયું હતું. જેમાં બારાની સત્ય સાંઈ સેવા સમિતિ હોમિયોપેથિક ડિસ્પેન્સરીના ચીફ મેડિકલ ઓફિસર અને એડવાઈઝર ડૉ. રાજેન્દ્ર આશરાએ હોમિયોપથી વિષે વિસ્તૃત જાણકારી આપી હતી.

ચેમ્બર ઓફ કોમર્સના માનદ્ મંત્રી શ્રી બિજલ જરીવાલાએ સ્વાગત પ્રવચન કરતા જણાવ્યું હતું કે, આધુનિક તબીબી વ્યવસ્થામાં ઘણા પ્રકારના રોગો અને સમસ્યાઓ માટે દવાઓ અપાય છે, પરંતુ તેની સાથે ઘણા પરિબળો પણ જોડાયેલા રહે છે. ખાસ કરીને સાઈડ ઈફેક્ટસ અને ખર્ચના મુદ્દા. આ પરિબળોને ધ્યાનમાં રાખી, પ્રાચીન પણ વૈજ્ઞાનિક રીતે સક્ષમ હોમિયોપથી, જે પ્રકૃતિ અને શરીરના આંતરિક સમતોલન પર આધારિત છે તે આજે ખૂબ મહત્વનો વિકલ્પ બનીને ઊભી થઈ છે.

ડૉ. રાજેન્દ્ર આશરાએ જણાવ્યું હતું કે, હોમિયોપેથી એ વૈજ્ઞાનિક પદ્ધતિથી બનાવવામાં આવતી વૈકલ્પિક સારવાર પદ્ધતિ છે, જે શરીરના પ્રાકૃતિક રોગપ્રતિકારક શક્તિને પ્રોત્સાહિત કરીને સારવાર કરે છે. તેમણે ડિજિટલ યુગમાં હોમિયોપેથીની મહત્વપૂર્ણ ભૂમિકા પર પ્રકાશ પાડતા જણાવ્યું હતું કે, લોકો આજે જીવનની ગુણવત્તા સુધારવા માટે એલોપેથી દવાઓ પર વધુ આધાર રાખી રહ્યા છે, પરંતુ હોમિયોપથી શારીરિક અને માનસિક તંદુરસ્તી માટે સલામત અને અસરકારક વિકલ્પ તરીકે આગળ આવી રહી છે.



ચેમ્બરના માનદ્ મંત્રી શ્રી બિજલ જરીવાલા



ડૉ. રાજેન્દ્ર આશરા

સેશન દરમિયાન ઉપસ્થિત ઉદ્યોગ સાહસિકો અને વ્યવસાયિકોએ હોમિયોપેથીના વ્યવસાયિક પાસા, તેના લાભો અને ગુજરાતમાં તેની વ્યાપારિક સંભાવનાઓ પર પ્રશ્નો પૂછ્યા હતા. ડૉ. રાજેન્દ્ર આસરાએ ઉદ્યોગ સાહસિકોને વ્યવસાય શરૂ કરવા માટે માર્ગદર્શન આપ્યું હતું. તેમણે કહ્યું હતું કે, આ ક્ષેત્રમાં વધુ સંશોધન અને જાગૃતતા વધારવાથી સામૂહિક આરોગ્યમાં પણ સુધારો આવશે.

આ સત્ર દરમ્યાન મેડિટેશન સેશનનું પણ આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં હાજર ઉદ્યોગ સાહસિકો અને વ્યવસાયિકોને તણાવમુક્તિ માટે વ્યવસ્થિત રીતે મેડિટેશનની પદ્ધતિ શીખવાડવામાં આવી હતી.

ચેમ્બરની આયુષ કમિટીના ચેરપર્સન ડૉ. મન્નશાલીએ કાર્યક્રમની રૂપરેખા આપી હતી. આયુષ કમિટીના સભ્ય ડૉ. ઋજુતાબેન છત્રપતિએ વક્તાનો પરિચય આપ્યો હતો. કમિટીના સભ્ય સુશ્રી જયશ્રી પટેલે મેડિટેશન સેશનનું સંચાલન કર્યું હતું. કમિટી સભ્ય શ્રી ચિરાગ ગજ્જરે સમગ્ર સેશનનું સંચાલન કર્યું હતું. જ્યારે કમિટી સભ્ય સુશ્રી વૈશાલી દમાનિયાએ સેશનમાં ઉપસ્થિત સર્વેનો આભાર માની સેશનનું સમાપન કર્યું હતું.

# ચેમ્બર ઓફ કોમર્સ દ્વારા 'SGCCI Job Portal' લોન્ચ, નોકરી શોધનારાઓ અને ભરતી કરનારાઓ બંને માટે સરળતા રહેશે

## ચેમ્બરની નવી પહેલ ઉદ્યોગ સાહસિકોને યોગ્ય પ્રતિભા શોધવા અને યુવાનોને તેમની કુશળતા અનુસાર યોગ્ય રોજગારી મેળવવામાં મદદરૂપ બનશે : ચેમ્બરના પ્રમુખ શ્રી નિખિલ મદ્રાસી

ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઇન્ડસ્ટ્રી દ્વારા દક્ષિણ ગુજરાતના ઉદ્યોગ સાહસિકો અને નોકરી શોધનારા યુવાનો માટે એક મહત્વપૂર્ણ પહેલ અંતર્ગત 'SGCCI Job Portal' લોન્ચ કરવામાં આવ્યું છે. આ ડિજિટલ પ્લેટફોર્મ ખાસ કરીને નોકરી શોધનારાઓ અને કર્મચારી શોધનારી કંપનીઓ વચ્ચેનું જોડાણ વધુ અસરકારક બને તે રીતે તૈયાર કરવામાં આવ્યું છે.

ચેમ્બર ઓફ કોમર્સના પ્રમુખ શ્રી નિખિલ મદ્રાસીએ જણાવ્યું હતું કે, ચેમ્બરની આ નવી પહેલ ઉદ્યોગ સાહસિકોને યોગ્ય પ્રતિભા શોધવા અને યુવાનોને તેમની કુશળતા અનુસાર યોગ્ય રોજગારી મેળવવામાં મદદરૂપ બનશે. SGCCI જોબ પોર્ટલ દ્વારા આપણે ટેલેન્ટ અને ઓપોર્ચ્યુનિટી બંને વચ્ચેનું અંતર ઘટાડીને વ્યાપક સ્તરે લાભ આપી શકીશું. અત્યાર સુધીમાં ૬૮૦ ઉમેદવારો અને ૨૯૦ રિક્રુટર્સે જોબ પોર્ટલ પર રજિસ્ટ્રેશન કર્યું છે. આ પોર્ટલથી ઉદ્યોગકારો, વેપારીઓ અને ચેમ્બરના સભ્યો માટે મેનપાવરની તકલીફ દૂર થશે.

SGCCI જોબ પોર્ટલ પર માર્ગદર્શન માટે પોર્ટલની લિન્કમાં જ વિગતવાર યુ ટ્યુબ વિડિયો ઉપલબ્ધ છે. રજિસ્ટ્રેશન બાદ જરૂરિયાત મુજબ ઉમેદવારનો ઇન્ટરવ્યૂ સરળતાથી શીડ્યૂલ કરી શકાશે. નોકરી શોધનારાઓ માટે પણ નોકરી શોધવી સરળ બની રહેશે. જરૂરિયાત મુજબ નોકરી શોધનારાઓ પણ ઉપલબ્ધ નોકરીની જગ્યાઓ જાણી શકે છે.

ચેમ્બરના ગ્રુપ ચેરમેન, એડવાઇઝર ટુ પ્રેસિડેન્ટ અને SGCCI જોબ પોર્ટલના ઇન્ચાર્જ શ્રી દીપક કુમાર શેઠવાલાએ જણાવ્યું હતું કે SGCCI જોબ પોર્ટલનો ઉપયોગ કરીને નોકરી શોધનારા પોતાની સ્કિલ અને અનુભવ મુજબ પ્રોફાઇલ બનાવીને સરળતાથી પસંદગીની નોકરી શોધી શકે છે. તેઓ રોજિંદા નોકરી અપડેટ્સ મેળવવા માટે નોટિફિકેશન સેટ કરી શકશે, જેથી નવી જોબ ઓપોર્ચ્યુનિટી પોર્ટલ પર આવતા જ તેની જાણ તેઓને થશે. આ ઉપરાંત, આ પોર્ટલ પર વિવિધ ક્ષેત્ર અને કેટેગરી અનુસાર વર્ગીકૃત નોકરીનું લિસ્ટિંગ ઉપલબ્ધ રહેશે, જેનાથી વિવિધ ઉદ્યોગ ક્ષેત્રોમાં તેમજ કંપનીઓમાં નોકરી શોધવી યુવાનો માટે વધુ સરળ બનશે.

જ્યાં સુધી ઉદ્યોગ સાહસિકો અને કંપનીઓની વાત છે, SGCCI જોબ પોર્ટલ દ્વારા તેઓ સરળતાથી યોગ્ય ઉમેદવાર શોધી શકે છે. પોર્ટલ પર રિઝ્યુમે સર્ચ સિસ્ટમની મદદથી ભરતી કરનારાઓ માટે યોગ્ય ઉમેદવારોને શોધવાનું કામ અત્યંત સરળ બની જાય છે. સાથે જ, પોર્ટલ પર સંપૂર્ણ એન્ડ-ટુ-એન્ડ રિક્રુટમેન્ટ સોલ્યુશન્સ પણ ઉપલબ્ધ છે, જેનાથી નોકરીની જાહેરાતથી લઈ ભરતીની પ્રક્રિયા પૂર્ણ કરવી સરળ બની જાય છે. આ જોબ પોર્ટલનો ઉપયોગ કરી ઉદ્યોગ સાહસિકો તેમના વ્યાપાર અને ઉદ્યોગ-ધંધા માટે શ્રેષ્ઠ પ્રતિભા શોધી શકશે અને યુવાનો કારકિર્દી માટે શ્રેષ્ઠ તક મેળવી શકશે.

# SGCCI રિલીફ ફંડમાંથી પંજાબના પૂરગ્રસ્તો માટે રૂપિયા ૧૨ લાખની કિંમતની ૭૦૦૦ સાડીઓ મોકલાઇ



ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઇન્ડસ્ટ્રી દ્વારા સમાજની સેવા માટે એક મહત્વપૂર્ણ માનવતાવાદી પગલું ભરવામાં આવ્યુ છે. ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઇન્ડસ્ટ્રી રિલીફ ફંડમાંથી રૂપિયા ૧૨ લાખની કિંમતની ૭૦૦૦ સાડીઓ પંજાબના પૂરગ્રસ્તો માટે મોકલવામાં આવી હતી.

ચેમ્બર ઓફ કોમર્સના પ્રમુખ શ્રી નિખિલ મદ્રાસીએ જણાવ્યું હતુ કે થોડા દિવસો પહેલા જ પંજાબમાં ભારે વરસાદ અને પૂરના કારણે અનેક ગામો અને શહેરોમાં તારાજી સર્જાઇ હતી. પૂરને કારણે હજારો પરિવારો ઘરો ગુમાવી બેઠા છે અને સ્થાનિક લોકો માટે ખોરાક અને કપડાંની ભારે ખોટ પડી છે. આ ગંભીર પરિસ્થિતિને પગલે ચેમ્બર ઓફ કોમર્સ દ્વારા પૂરગ્રસ્ત લોકો માટે તાત્કાલિક સહાયરૂપ પગલા લેવાનું નક્કી કરવામાં આવ્યુ હતુ.

ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઇન્ડસ્ટ્રી રિલીફ ફંડમાં ચેમ્બરના પ્રમુખ શ્રી નિખિલ મદ્રાસી, ઉપ પ્રમુખ શ્રી અશોક જીરાવાલા, તત્કાલિન પૂર્વ પ્રમુખ શ્રી વિજય મેવાવાલા, માનદ્ મંત્રી શ્રી બિજલ જરીવાલા, માનદ્ ખજાનચી સીએ મિતિષ મોદી તથા ચેમ્બરના પૂર્વ પ્રમુખો શ્રી રમેશ વઘાસિયા, શ્રી હિમાંશુ બોડાવાલા, શ્રી આશીષ ગુજરાતી, શ્રી દિનેશ નાવડિયા અને સીએ પી એમ. શાહ, ટ્રસ્ટી તરીકે જવાબદારી સંભાળે છે.

ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઇન્ડસ્ટ્રી રિલીફ ફંડમાંથી રૂ. ૧૨ લાખની કિંમતની ૭૦૦૦ સાડીઓ જિલ્લા ઉદ્યોગ કેન્દ્ર સુરતના માધ્યમથી પંજાબ મોકલવામાં આવી હતી. ખાસ કરીને આ સાડીઓ મહિલાઓની જરૂરિયાતને ધ્યાનમાં રાખીને મોકલવામાં આવી હતી. જેનું વિતરણ સ્થાનિક સત્તાઓની મદદથી સૌથી વધુ અસરગ્રસ્ત વિસ્તારોમાં કરવામાં આવ્યુ હતુ.

SGCCI રિલીફ ફંડના ટ્રસ્ટીઓએ જણાવ્યું હતુ કે અત્યારે દેશના કેટલાક ભાગો પૂર જેવી ભયંકર પરિસ્થિતિમાંથી પસાર થઈ રહ્યા છે, ત્યારે સમાજના દરેક વ્યક્તિ અને સંસ્થા દ્વારા પૂરગ્રસ્ત લોકોની મદદે આવવાની જરૂર છે. ચેમ્બર ઓફ કોમર્સ દ્વારા પંજાબના પૂરગ્રસ્તોને સાડીઓ મોકલવાનો એક નમ્ર પ્રયાસ છે. આ માનવતાવાદી પ્રયાસ દ્વારા ચેમ્બર ઓફ કોમર્સે સ્પષ્ટ સંદેશ આપ્યો હતો કે ઉદ્યોગ જગત માત્ર ધંધા અને વ્યવસાયમાં જ નહીં, પણ સમાજસેવામાં પણ સહયોગ આપવા માટે જરૂરિયાતમંદોની વ્હારે આવે છે.

# બે દિવસીય 'સંસ્કૃતિ' – ધ મેગા આર્ટ ફેસ્ટીવલ'




ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઇન્ડસ્ટ્રી દ્વારા 'સંસ્કૃતિ' – ધ મેગા આર્ટ ફેસ્ટીવલ'નું આયોજન કરવામાં આવ્યું છે. આ અનોખો આર્ટ, કલ્ચર અને હેન્ડીક્રાફ્ટ ફેસ્ટિવલ તા. ૧૨ અને ૧૩ સપ્ટેમ્બર, ૨૦૨૫ના રોજ પ્લેટિનમ હોલ, સરસાણા, સુરત ખાતે બપોરે ૧૨.૦૦થી રાત્રે ૯:૦૦ કલાક સુધી યોજાયો છે. જેનો શુભારંભ ૧૨મી સપ્ટેમ્બરે બપોરે ૧૨.૦૦ કલાકે થયો હતો, જેમાં ગુજરાતી ફિલ્મ અભિનેત્રી તેમજ ફિટનેસ કોચ સપના વ્યાસ મુખ્ય મહેમાન તરીકે પધાર્યા હતા, જ્યારે પદ્મશ્રી યઝદી કરંજીયાએ અતિથિ વિશેષ તરીકે સ્થાન શોભાવ્યું હતું.

ચેમ્બર ઓફ કોમર્સના પ્રમુખ શ્રી નિખિલ મદ્રાસીએ જણાવ્યું હતું કે સંસ્કૃતિ શબ્દનું મહત્વ અને એની પરિકલ્પના ખૂબ જ ગજબની છે. સંસ્કૃતિ, આર્ટ અને કલ્ચર શીનો જીવ અને ધબકતો આત્મા છે. ચેમ્બરની ટીમે આર્ટ, કલ્ચર અને હેન્ડીક્રાફ્ટ ફેસ્ટિવલ થકી પ્લેટિનમ હોલમાં નવી સૃષ્ટિનું સર્જન કર્યું છે. જેમાં સુરતના કલાકારોએ પેઇન્ટીંગ, ફોટોગ્રાફી અને હેન્ડીક્રાફ્ટ સહિત વિવિધ કલાકૃતિઓ રજૂ કરી છે. ઉદ્યોગ, વ્યવસાય સાથે સંસ્કૃતિનું સંકલન એ સમાજની ખરી ઉર્જા છે.

ગુજરાતી ફિલ્મ અભિનેત્રી તેમજ ફિટનેસ કોચ સપના







વ્યાસે જણાવ્યુ હતુ કે જે લોકો સરસ્વતિના પૂજારી છે તેઓ સર્વોપરી છે. કારણ કે, જેમના માથા પર સરસ્વતિ (જ્ઞાન) બિરાજે છે તેઓ પાસે બધુ જ હોય છે. મારી ફિટનેસ કોચ તરીકેની સફર ચાલુ છે પણ તેની સાથે હુ આર્ટ એટલે કલામા આવી છુ. બે ગુજરાતી ફિલ્મોમા કામ કર્યુ છે અને એક ફિલ્મમા પ્રોડક્શન પણ કર્યુ છે. તેમણે કહ્યુ હતુ કે કલા અને સસ્કૃતિનુ મહત્વ સમાજના વિકાસ માટે અનિવાર્ય છે. ચેમ્બરે આ મહોત્સવ દ્વારા સસ્કૃતિ અને પરપરા સાથે નવા વિચારોને પ્રોત્સાહિત કરી સુરતના કલાકારોને પ્લેટફોર્મ પૂરુ પાડ્યુ છે.

પદ્મશ્રી યઝદી કરંજિયાએ જણાવ્યુ હતુ કે ભારત એક સસ્કૃતિ પ્રિય દેશ છે. જ્યા દરેક રાજ્યમા વિવિધ સસ્કૃતિ અને કલાનુ પ્રતિબિબ જોવા મળે છે. સુરત, પોતાની ઉત્સવ ભાવના અને સાસ્કૃતિક વારસાથી પ્રખ્યાત છે. એટલે તેને 'ઉત્સવ નગરી' તરીકે ઓળખવામા આવે છે. જીવનમા કલાને માણવુ જરૂરી છે. કારણ કે, કલા આપણને અદરથી ઉર્જાવાન બનાવે છે અને સમાજને એકસાથે જોડે છે. સસ્કૃતિ એ આપણા જીવનનો આધારસ્તભ છે. જેણે પણ કલા અને સસ્કૃતિને સમજી છે તે જીવનને વધુ સતુષ્ટ અને સમૃદ્ધ બનાવે છે.

## કલા અને સંસ્કૃતિનું મહત્વ સમાજના વિકાસ માટે અનિવાર્ય છે : ગુજરાતી ફિલ્મ અભિનેત્રી તેમજ ફિટનેસ કોચ સપના વ્યાસ



**ચેમ્બરના પ્રમુખ શ્રી નિખિલ મદ્રાસી**



**ગુજરાતી ફિલ્મ અભિનેત્રી તેમજ ફિટનેસ કોચ સપના વ્યાસ**



**પદ્મશ્રી યઝદી કરંજીયા**

# સંસ્કૃતિ એ આપણા જીવનનો આધારસ્તંભ છે, જેણે પણ કલા અને સંસ્કૃતિને સમજી છે તેણે જીવનને વધુ સમૃદ્ધ બનાવ્યું છે : પદ્મશ્રી યઝદી કરંજિયા

ચેમ્બરના તત્કાલિન પૂર્વ પ્રમુખ શ્રી વિજય મેવાવાલાએ ઉદ્‌ઘાટન સમારોહમાં ઉપસ્થિત સર્વેનો આભાર માન્યો હતો. ચેમ્બરની આર્ટ, કલ્ચર એન્ડ હેન્ડીક્રાફ્ટ કમિટીના ચેરપર્સન શ્રીમતી સ્વાતિ શેઠવાલાએ બે દિવસ દરમ્યાન થનાર કાર્યક્રમોની માહિતી આપી હતી. કમિટીના કો-ચેરપર્સન શ્રીમતી કૃતિકા શાહે ઉદ્‌ઘાટન સમારોહનું સંચાલન કર્યું હતું. ચેમ્બરના માનદ્ મંત્રી શ્રી બિજલ જરીવાલા, માનદ્ ખજાનચી સીએ મિતિષ મોદી, ગ્રુપ ચેરમેન સીએ મયંક દેસાઇ, ચેમ્બરની લેડીઝ વીંગના ચેરપર્સન અને આર્ટ, કલ્ચર એન્ડ હેન્ડીક્રાફ્ટ કમિટીના એડવાઇઝર શ્રીમતી મયુરી મેવાવાલા તથા ચેમ્બરની આર્ટ, કલ્ચર એન્ડ હેન્ડીક્રાફ્ટ કમિટીના કો-ચેરપર્સન સીએ અવનિ દેસાઇ અને સુશ્રી વનિતા રાવલ તેમજ સુરતના કલાકારો ઉદ્‌ઘાટન સમારોહમાં ઉપસ્થિત રહ્યા હતા.

'સંસ્કૃતિ' – ૪ મેગા આર્ટ ફેસ્ટીવલ'માં યુવાનો પોતાની કલા, સર્જનતા અને કલ્ચરલ અભિવ્યક્તિનું પ્રદર્શન કરી રહયા છે. ચિત્રકામ, હેન્ડીક્રાફ્ટ અને ક્રિએટીવ ફોટોગ્રાફીનું પ્રદર્શન કરી રહયા છે. આ ઉપરાંત, કલાકારો અહીં લાઇવ રંગોળી અને લાઇવ ફ્રોઝ્ય પેઇન્ટીંગ કરી રહયા છે.

સંસ્કૃતિમાં તા. ૧૩ સપ્ટેમ્બર, ૨૦૨૫ના રોજ બપોરે ૨:૦૦થી ૪:૦૦ કલાક દરમ્યાન પ્લેટીનમ હોલ, સરસાણા ખાતે આર્ટ, કલ્ચર એન્ડ ક્રિએટીવ એક્સપ્રેશન્સ વિષે સ્પેશ્યલ પેનલ ડિસ્કશન યોજાશે. જેમાં શ્રી સૌરભ દેસાઇ, સુશ્રી વૈશાલી ગોહિલ, સુશ્રી ત્રિશા શુક્લ અને ડૉ. જસ્મીન કૌર માહિતી આપશે. સાંજે ૫:૩૦થી ૭:૩૦ કલાક દરમ્યાન પ્લેટીનમ હોલ, સરસાણા, સુરત ખાતે મ્યુઝિક ટેલેન્ટ કોમ્પિટિશન પણ યોજાશે. ત્યારબાદ રાત્રે ૮:૦૦ કલાકે મ્યુઝીકલ એન્ટરટેઇનમેન્ટ ઇવનીંગ યોજાશે. જેમાં વિશ્વ – ધ બેન્ડ દ્વારા લાઇવ પરફોર્મન્સ કરવામાં આવશે. ટેલેન્ટ આર્ટિસ્ટ્સ શ્રી કુલદિપ વિશ્વકર્મા, શ્રી નિગાત પટેલ, શ્રી મોહિત ભાગા, શ્રી દેવ શર્મા અને શ્રી કુનાલ જરીવાલા લાઇવ પરફોર્મન્સ કરશે.



# 'સંસ્કૃતિ' – ધ મેગા આર્ટ ફેસ્ટીવલ' અંતર્ગત શોર્ટ ફિલ્મ મેકિંગ વર્કશોપ યોજાયો




ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઇન્ડસ્ટ્રી દ્વારા આયોજિત 'સંસ્કૃતિ' – ધ મેગા આર્ટ ફેસ્ટીવલ' દરમ્યાન તા. ૧૨ સપ્ટેમ્બર, ૨૦૨૫ના રોજ બપોરે ૨:૦૦ કલાકે પ્લેટિનમ હોલ, સરસાણા, સુરત ખાતે શોર્ટ ફિલ્મ મેકિંગ વર્કશોપ યોજાયો હતો. જેમાં મુવિન જૈન ફિલ્મ એકેડેમીના ફાઉન્ડર શ્રી મુવિન જૈને શોર્ટ ફિલ્મ બનાવવા સંદર્ભે વિસ્તૃત જાણકારી આપી હતી.

ચેમ્બર ઓફ કોમર્સના પ્રમુખ શ્રી નિખિલ મદ્રાસીએ જણાવ્યું હતું કે, આજના યુગમાં સર્જનાત્મકતા અને નવા વિચારોની ખૂબ જ મહત્વની ભૂમિકા છે. શોર્ટ ફિલ્મ મેકિંગ જેવા સેશન દ્વારા યુવા પેઢીને તેમની કલાત્મક પ્રતિભા વિકસિત કરવા અને સામાજિક મુદ્દાઓ પર એક સકારાત્મક પ્રભાવ છોડવા માટે પ્રોત્સાહિત કરી શકાય છે.

ચેમ્બરની આર્ટ કલ્ચર એન્ડ હેન્ડીક્રાફ્ટ કમિટીના ચેરપર્સન શ્રીમતી સ્વાતિ શેટવાલાએ જણાવ્યું હતું કે, સંસ્કૃતિ – ધ મેગા આર્ટ ફેસ્ટીવલ એ એક ઉત્તમ પ્લેટફોર્મ છે. જ્યાં ઉદ્યોગ સાહસિકો અને યુવાનો એકસાથે મળીને પોતાના વિચારોને વ્યક્ત કરી શકે છે. અમને ખુશી છે કે આવા સેશન દ્વારા યુવાઓને ફિલ્મ મેકિંગ ક્ષેત્રમાં માર્ગદર્શન મળતું રહે છે અને તેઓ પોતાની પ્રતિભાને સાકાર કરી શકે છે.

શ્રી મુવિન જૈને જણાવ્યું હતું કે, શોર્ટ ફિલ્મ્સ એક શક્તિશાળી માધ્યમ છે. જેના દ્વારા કરંટ ઘટનાઓ પરથી બોધપાઠ લઇને તેની સર્જનાત્મક અભિવ્યક્તિ પ્રદાન કરવામાં મદદ મળે છે. તેમણે વર્કશોપ દરમિયાન શોર્ટ ફિલ્મ બનાવવાની પ્રક્રિયા, સ્ટોરીબોર્ડ તૈયાર કરવાની રીત, કેમેરા એંગલ્સ અને એડિટીંગ જેવા વિવિધ અગત્યના પાસાઓ અંગે વિસ્તૃત જાણકારી આપી હતી. સાથે જ યુવાઓને પ્રેરણા આપી હતી કે કેવી રીતે સારા વિચારોને શોર્ટ ફિલ્મ તરીકે પ્રસ્તુત કરી શકાય અને સમાજમાં તેનો પોઝિટીવ સંદેશ પહોંચાડી શકાય.



શ્રી ધ્રુવિન જૈન

# ડરને દૂર કરીને પોતાની સર્જનાત્મકતા પર વિશ્વાસ રાખી સમાજ માટે ઉપયોગી અને પ્રેરણાદાયી શોર્ટ ફિલ્મ્સ બનાવી શકાય : શ્રી ધ્રુવિન જૈન

તેમણે જણાવ્યુ હતુ કે શોર્ટ ફિલ્મ બનાવતી વખતે સૌથી મહત્વની બાબત એ છે કે એક સારા વિચારોને સરલ અને અસરકારક રીતે રજૂ કરી શકાય છે. શોર્ટ ફિલ્મ મેકિંગ એ માત્ર ટેકનિકલી જાણવાની પ્રક્રિયા નથી, પરંતુ તેમા સારા સ્ટોરી ટેલિંગ, અભિનય, દ્રશ્ય રચના અને સંદેશની સ્પષ્ટતા પણ મહત્વની હોય છે. આજે યુવાનોમા શોર્ટ ફિલ્મ મેકિંગ માટે ઘણી તકો છે. તેમણે જણાવ્યુ હતુ કે સતત ક્રિએટીવ અભિગમ અપનાવતા રહેવાથી જ યુવાનો ફિલ્મ ઉદ્યોગમા સફળતા મેળવી શકે છે. તેમણે યુવાનોને સંદેશો આપતા કહયુ હતુ કે ડર ને દૂર કરીને પોતાની સર્જનાત્મકતા પર વિશ્વાસ રાખો અને સમાજ માટે ઉપયોગી અને પ્રેરણાદાયી શોર્ટ ફિલ્મ્સ બનાવો.

ચેમ્બરની આર્ટ, કલ્ચર એન્ડ હેન્ડીક્રાફ્ટ કમિટીના કો-ચેરપર્સન સીએ અવનિ દેસાઈએ શ્રી ધ્રુવિન જૈનનો પરિચય આપ્યો હતો. કમિટીના કો-ચેરપર્સન સુશ્રી વનિતા રાવતે ઉપસ્થિત સર્વેનો આભાર માન્યો હતો. કમિટીના સભ્ય સુશ્રી શ્રદ્ધા શાહે વર્કશોપનુ સંચાલન કર્યુ હતુ. ચેમ્બરની લેડીઝ વીંગના વાઇસ ચેરપર્સન શ્રીમતી અલ્પા મહાસી, આર્ટિસ્ટ અને યુવાનોના વર્કશોપમા ઉપસ્થિત રહયા હતા.

સંસ્કૃતિ અંતર્ગત ૧૨મી સપ્ટેમ્બરના રોજ સાંજે ૫:૩૦ કલાકે પ્લેટીનમ હોલમા પ્રાચીન અને અર્વાચીન ગરબા સ્પર્ધા યોજાઇ હતી, જેમા કુલ દસ ગ્રુપ દ્વારા ભાગ લેવામા આવ્યો હતો. છ ગ્રુપે પ્રાચીન અને ચાર ગ્રુપે અર્વાચીન ગરબાના પરફોર્મન્સ રજૂ કર્યા હતા. આ ગરબા સ્પર્ધામા દરેક ગ્રુપમા ૨૦થી ૩૫ વર્ષની મહિલાઓએ ભાગ લીધો હતો. પ્રાચીન ગરબામા અમરોલીની એસ.પી.બી. હાઇસ્કૂલ ગ્રુપ પ્રથમ ક્રમાંકે રહયુ હતુ જ્યારે ઉમિયા ધામ – સખી સહેલી ગ્રુપ બીજા ક્રમાંકે આવ્યુ હતુ. એવી જ રીતે અર્વાચીન ગરબામા નૃત્યાંજલિ ગ્રુપે પ્રથમ ક્રમાંક મેળવ્યો હતો, જ્યારે આદ્ય શક્તિ ગ્રુપ બીજા ક્રમાંકે રહયુ હતુ.






## સંસ્કૃતિ અંતર્ગત પ્રાચીન અને અર્વાચીન ગરબા સ્પર્ધા પણ યોજાઇ

# 'સંસ્કૃતિ' – ધ મેગા આર્ટ ફેસ્ટીવલ' અંતર્ગત 'આર્ટ્સ' પર પેનલ ડિસ્કશન યોજાયું



ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઇન્ડસ્ટ્રી દ્વારા આયોજિત 'સંસ્કૃતિ' – ધ મેગા આર્ટ ફેસ્ટીવલ' દરમ્યાન તા. ૧૩ સપ્ટેમ્બર, ૨૦૨૫ના રોજ બપોરે ૨.૦૦ કલાકે પ્લેટીનમ હોલ, સરસાણા, સુરત ખાતે 'આર્ટ્સ' પર પેનલ ડિસ્કશન યોજાયું હતું, જેમાં શ્રી સૌરભ દેસાઇ, સુશ્રી વૈશાલી ગોહિલ, સુશ્રી ત્વિશા શુક્લ અને ડૉ. જસ્મીન ફ્રોરે પેનલિસ્ટ તરીકે આર્ટ્સ વિષે પોતાના મંતવ્યો રજૂ કર્યા હતા અને એક સર્જનાત્મક દૃષ્ટિકોણથી કલાને સમાજમાં કેવી રીતે મહત્વની ભૂમિકા ભજવવી જોઇએ? તે અંગે વિસ્તૃત ચર્ચા કરી હતી.

ચેમ્બર ઓફ કોમર્સના પ્રમુખ શ્રી નિખિલ મદ્રાસીએ જણાવ્યું હતું કે, 'સંસ્કૃતિ – ધ મેગા આર્ટ ફેસ્ટીવલ' એ ઉદ્યોગ સાહસિકો, કલાકારો, વિદ્યાર્થીઓ અને અન્ય રૂચિ ધરાવતા લોકોને એકત્રિત કરીને કલા, સંસ્કૃતિ અને હેન્ડીક્રાફ્ટ ક્ષેત્રે નવા વિચારો રજૂ કરવાની તક આપી હતી. પેનલ ડિસ્કશન દ્વારા આર્ટ્સ ક્ષેત્રમાં નવી દિશા અને પ્રેરણા મળી હતી, જેનાથી યુવાઓને સર્જનાત્મક ક્ષેત્રમાં આગળ વધવાની તક મળી હતી. 'સંસ્કૃતિ' એ યુવા પ્રતિભા અને સર્જનાત્મક વિચારધારા ધરાવતા લોકો માટે એક સકારાત્મક માધ્યમ બની રહ્યું હતું.

શ્રી સૌરભ દેસાઇએ જણાવ્યું હતું કે, 'આર્ટ્સ' એ માત્ર સર્જનાત્મક અભિવ્યક્તિ નથી પણ તે સમાજને સંદેશ આપવા માટેનું એક શક્તિશાળી માધ્યમ છે, જેના દ્વારા સમાજના વિવિધ મુદ્દાઓને પ્રસ્તુત કરી શકાય છે.

સુશ્રી વૈશાલી ગોહિલે જણાવ્યું હતું કે, યુવાનોમાં કલાત્મક પ્રતિભા પ્રેરિત કરવા માટે આવા પ્લેટફોર્મ્સ ખૂબ જરૂરી છે, જેનાથી તેઓ પોતાની પ્રતિભા રજૂ કરી શકે છે અને નવા વિચારોને આગળ વધારી શકે છે.

સુશ્રી ત્વિશા શુક્લે જણાવ્યું હતું કે, 'આર્ટ્સ' એ માનવ સંસ્કૃતિનું અભિન્ન અંગ છે, જે વ્યક્તિગત તેમજ સામાજિક



ચેમ્બરના પ્રમુખ
શ્રી નિખિલ મદ્રાસી



શ્રી સૌરભ દેસાઇ



સુશ્રી વૈશાલી ગોહિલ



સુશ્રી ત્વીશા શુકલ



ડૉ. જસ્મીન કૌર

વિકાસમાં યોગદાન આપે છે. ફેશન, પેઈન્ટિંગ, હેન્ડીક્રાફ્ટ્સ, મ્યુઝિક અને અન્ય ક્રિએટિવ એક્ટિવિટીઝ દ્વારા વ્યક્તિ પોતાનું વ્યક્તિત્વ અને સંદેશ સ્પષ્ટપણે રજૂ કરી શકે છે.

ડૉ. જસ્મીન કૌરે જણાવ્યું કે, 'આર્ટ્સ' માત્ર મનોરંજન માટે નથી, પરંતુ એ સમાજને જાગૃત કરવા અને સમાજની વિવિધ સમસ્યાઓ પર ચર્ચા કરવાનો એક અનોખો માર્ગ છે. શિક્ષણ અને કલાનું સંયોજન સમાજના સર્વાંગી વિકાસ માટે જરૂરી છે.

ચેમ્બરની આર્ટ, કલ્ચર અને હેન્ડીક્રાફ્ટ કમિટીના કો-ચેરપર્સન સુશ્રી વનિતા રાવતે પેનલ ડિસ્કશનમાં મોડરેટર તરીકે ભૂમિકા ભજવી હતી. કમિટીના સભ્ય સુશ્રી માનસી વિરાણીએ કાર્યક્રમનું સંચાલન કર્યું હતું. જ્યારે કમિટી સભ્ય શ્રી વૈભવ સુતરિયાએ ઉપસ્થિત સર્વેનો આભાર માની પેનલ ડિસ્કશનનું સમાપન કર્યું હતું. આ પેનલ ડિસ્કશનમાં ચેમ્બરની આર્ટ, કલ્ચર અને હેન્ડીક્રાફ્ટ કમિટીના ચેરપર્સન શ્રીમતી સ્વાતિ શેઠવાલા, કો-ચેરપર્સન શ્રીમતી કૃતિકા શાહ, કમિટી સભ્યો સુશ્રી નિમિષા પારેખ અને શ્રીમતી રોશની ટેલર તથા યુવાઓ ઉપસ્થિત રહ્યા હતા.

# 'હેલ્થ કોન્કલેવ ૨૦૨૫' યોજાઇ, ૧૦૦૦થી વધુ લોકો પ્રિવેન્ટીવ હેલ્થની જાણકારી મેળવવા ઉપસ્થિત રહયા



## ભારતમાં ૬૦ ટકા મૃત્યૃ નોન કોમ્યુનિકેબલ ડિસીઝને કારણે થાય છે, અત્યારે દેશમાં ૧૧ કરોડ લોકો ડાયાબિટીસની સાથે જીવી રહયા છે ત્યારે પ્રિવેન્ટીવ હેલ્થને પ્રોત્સાહન આપવા ચેમ્બરે હેલ્થ કોન્કલેવનું આયોજન કર્યું હતું : ચેમ્બર પ્રમુખ શ્રી નિખિલ મદ્રાસી

# ૪૦ ઊંમર પછી રોજ ૪૦ મિનિટ ચાલશો નહીં તો ક્યાંય નહીં ચાલો : ઈન્ડિયન મેડિકલ એસોસીએશનના નેશનલ પ્રેસિડેન્ટ ઈલેક્ટ ડૉ. અનિલ નાયક



ચેમ્બરના પ્રમુખ
શ્રી નિખિલ મદ્રાસી



IMAના નેશનલ પ્રેસિડેન્ટ
ઈલેક્ટ ડૉ. અનિલ નાયક



ધારાસભ્ય શ્રીમતી
સંગિતાબેન પાટીલ

## ઓબેસિટીના કારણે શરીર વિવિધ રોગોનું ઘર બની જાય છે, આથી સ્વસ્થ જીવનશૈલી, સંતુલિત ખોરાક, નિયમિત વ્યાયામ, પૂરતી ઊંઘ અને માનસિક સ્વાસ્થ્યનું ધ્યાન રાખવું જરૂરી છે : ધારાસભ્ય શ્રીમતી સંગીતાબેન પાટીલ


ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી દ્વારા રવિવાર, તા. ૧૪ સપ્ટેમ્બર ૨૦૨૫ના રોજ સવારે ૧૦:૦૦ કલાકે પ્લેટીનમ હોલ, SIECC કેમ્પસ, સરસાણા, સુરત ખાતે 'હેલ્થ કોન્કલેવ ૨૦૨૫'નુ આયોજન કરવામા આવ્યુ હતુ. જેમા ઈન્ડિયન મેડિકલ એસોસીએશનના નેશનલ પ્રેસિડેન્ટ ઈલેક્ટ ડૉ. અનિલ નાયક મુખ્ય મહેમાન તરીકે ઉપસ્થિત રહ્યા હતા. ધારાસભ્ય શ્રીમતી સંગીતાબેન પાટીલ, ઈન્ડિયન મેડિકલ એસોસીએશનના ગુજરાત સ્ટેટ પ્રેસિડેન્ટ ડૉ. મેહુલ શાહ, વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીના કુલપતિ ડૉ. કિશોરસિંહ ચાવડા અને હેમચંદ્રાચાર્ય નોર્થ ગુજરાત યુનિવર્સિટીના કુલપતિ પ્રોફેસર ડૉ. કે.સી. પોરિયાએ અતિથિ વિશેષ તરીકેનુ સ્થાન શોભાવ્યુ હતુ.

હેલ્થ કોન્કલેવમા ચેમ્બર ઓફ કોમર્સ અને ઈન્ડિયન મેડિકલ એસોસીએશન વચ્ચે MoU થયા હતા. આ સમજૂતિ કરારમા સુરતમા એઈમ્સ કક્ષાની હોસ્પિટલ લાવવા માટે સયુક્તપણે પ્રયાસ કરાશે, ઈન્ડસ્ટ્રીયલ વર્કરોના આરોગ્યને સુધારવા માટે સયુક્તપણે પ્રયાસ કરાશે અને સાથે જ પાચ હજાર ટીબી પેશન્ટોને દત્તક લેવાનો નિર્ધાર કરવામા આવશે.

ચેમ્બર ઓફ કોમર્સના પ્રમુખ શ્રી નિખિલ મદ્રાસીએ જણાવ્યુ હતુ કે, ભારતમા ૬૦ ટકા મૃત્યુ નોન કોમ્યુનિકેબલ ડિસીઝ જેવી કે ડાયાબિટીસ, હાઈપર ટેન્શન, કાર્ડિયોવાસ્ક્યુલર ડિસીઝ, કેન્સર અને રેસ્પીરેટરી ઈલનેસને કારણે થાય છે. ભારતમા અત્યારે ૧૧ કરોડ લોકો ડાયાબિટીસની સાથે જીવી રહ્યા છે ત્યારે પ્રિવેન્ટીવ હેલ્થને પ્રોત્સાહન આપવાના હેતુથી હેલ્થ કોન્કલેવનુ આયોજન કરવામા આવ્યુ હતુ.

ઈન્ડિયન મેડિકલ એસોસીએશનના નેશનલ પ્રેસિડેન્ટ ઈલેક્ટ ડૉ. અનિલ નાયકે જણાવ્યુ હતુ કે, જીવનમા રૂપિયા કમાવી શકાય છે પણ હેલ્થ સૌથી મહત્વની છે. ૪૦ ઊંમર પછી રોજ ૪૦ મિનિટ ચાલશો નહી તો ક્યાય નહી ચાલો. ખોરાક પણ માપનો હોવો જોઈએ. માનવ શરીર ૭૦ ટકા પાણીથી બનેલુ છે, આથી ભરપૂર માત્રામા પાણી પીવુ જોઈએ. ૮ કલાકની સારી ઊંઘ લેવી જોઈએ. ઉપવાસના રોજ લોકો સૌથી વધારે ખાય છે. પરંતુ ઉપવાસનો સાચો અર્થ અન્નનો ઉપવાસ નહી પણ ભગવાનના નજીક આવવાને ઉપવાસ કહેવાય છે. તેમણે કહ્યુ હતુ કે, જો આપણે હેલ્થનુ ધ્યાન રાખીશુ તો ક્યારેક ડોક્ટરની જરૂર પડશે નહી. તણાવથી મુક્ત રહેવુ જોઈએ. કારણ કે, જે આપણી પાસે છે તે નક્કી જ છે. એટીટ્યુડ અને વ્યવહાર સારો રાખવો જોઈએ.

ધારાસભ્ય શ્રીમતી સંગીતાબેન પાટીલે જણાવ્યુ હતુ કે, જો વ્યક્તિ સ્વસ્થ નહી હોય તો સમાજ નબળો પડી જાય છે. નબળો સમાજ ધરાવનાર દેશ ક્યારેય પ્રગતિ કરી શકે નહીં. સમાજને સ્વસ્થ રાખવાનુ કામ ડોક્ટરો કરી રહ્યા છે. તેમણે કહ્યુ હતુ



IMAના ગુજરાત સ્ટેટ પ્રેસિડેન્ટ ડૉ. મેહુલ શાહ



VNSGUના કુલપતિ ડો. કિશોર સિંહ ચાવડા



હેમચંદ્રાચાર્ય નોર્થ ગુજરાત યુનિવર્સિટીના કુલપતિ પ્રોફેસર ડો. કે.સી. પોરિયા

# અત્યારે ફિઝિકલ અને મેન્ટલ સ્ટ્રેસ વધી રહયા છે, સાથે જ ઓબેસિટી અને કુપોષણ બંને પણ વધી રહયા છે ત્યારે સ્વસ્થ સમાજ માટે ઈન્ડસ્ટ્રીનો સહયોગ જરૂરી બની જાય છે : ઈન્ડિયન મેડિકલ એસોસીએશનના ગુજરાત સ્ટેટ પ્રેસિડેન્ટ ડો. મેહુલ શાહ

કે લોકોમા સ્વસ્થ આરોગ્ય માટે જાગૃતિ લાવવાની જરૂર છે. ખાસ કરીને ગામડાઓમા લોકોને મોટીવેટ કરવાની જરૂર છે. ઓબેસિટીના કારણે શરીર વિવિધ રોગોનુ ઘર બની જાય છે. આથી સ્વસ્થ જીવનશૈલી, સંતુલિત ખોરાક, નિયમિત વ્યાયામ, પૂરતી ઊંઘ અને માનસિક સ્વાસ્થ્યનુ ધ્યાન રાખવુ જરૂરી છે. તેમણે વડાપ્રધાનશ્રી દ્વારા શરૂ કરાયેલી ફીટ ઈન્ડિયા મુવમેન્ટ વિષે પણ માહિતી આપી હતી. વધુમા તેમણે ગામડાઓમા હેલ્થ કોન્કલેવ જેવા કાર્યક્રમો કરવાનુ સૂચન કર્યુ હતુ.

ઈન્ડિયન મેડિકલ એસોસીએશનના ગુજરાત સ્ટેટ પ્રેસિડેન્ટ ડો. મેહુલ શાહે જણાવ્યુ હતુ કે, અન્ન, શિક્ષણ અને સ્વાસ્થ્યની સુવિધા નિઃશુલ્ક મળે ત્યારે સમાજ મજબૂત બને છે. અત્યારે બહેનોનુ આયુષ્ય ૭૨ અને ભાઈઓનુ આયુષ્ય ૬૮ વર્ષનુ છે. તબીબી વ્યવસાય અને ઈન્ડસ્ટ્રી સાથે મળીને કામ કરે તો સમાજનુ ઘડતર સારુ થાય છે. અત્યારે ફિઝિકલ અને મેન્ટલ સ્ટ્રેસ વધી રહયા છે, સાથે જ ઓબેસિટી અને કુપોષણ બંને પણ વધી રહયા છે ત્યારે સ્વસ્થ સમાજ માટે ઈન્ડસ્ટ્રીનો સહયોગ જરૂરી બની જાય છે.

ડો. મેહુલ શાહે જણાવ્યુ હતુ કે, ઈન્ડસ્ટ્રી, કંપનીઓ અને લોકોના સમૂહોએ પોતાના કર્મચારીઓ તથા તેમના પરિવારજનોની જવાબદારી લેવી પડશે ત્યારે જ સમાજનુ સ્વાસ્થ્ય સુધારી શકાય તેમ છે. ઉદ્યોગોએ ઈન્ડસ્ટ્રીયલ વર્કરોના તથા તેમના પરિવારજનોના સ્વાસ્થ્યની જવાબદારી લેવી પડશે. એવામા ઈન્ડસ્ટ્રીયલ વર્કરોમા ટીબીયુક્ત પેશન્ટોની સારવારની જવાબદારી ઉપાડવાની ચેમ્બરે જે પહેલ કરી છે તે કાબિલેદાદ છે. ઉદ્યોગો આવુ કરશે તો ગુજરાત જ નહી પણ આખા દેશને દિશાચિહ્ન આપી શકીશુ.

વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીના કુલપતિ ડો. કિશોરસિંહ ચાવડાએ જણાવ્યુ હતુ કે, મનની સમસ્યાને કારણે જ બધી સમસ્યાઓ ઊભી થાય છે. સિનિયર સિટીઝનને મેડિકલની સૌથી વધારે જરૂરિયાત હોય છે. અત્યારે દરેક ઘરનો મેડિકલ ખર્ચ ઓછો છે પણ ભવિષ્યમા આ ખર્ચ સૌથી વધારે થઈ જશે. આથી ભારતીય સંસ્કૃતિ મુજબ વર્તીશુ તો ભવિષ્યમા આ સમસ્યા નહી થશે. બધાએ શુદ્ધ વાતાવરણ માટે પ્રયાસ કરવો પડશે.

હેમચન્દ્રાચાર્ય નોર્થ ગુજરાત યુનિવર્સિટીના કુલપતિ પ્રોફેસર ડો. કે.સી. પોરિયાએ જણાવ્યુ હતુ કે, કોરોનાના સમયે ભારત શુ છે તે વિશ્વને સમજાઈ ગયુ હતુ. ભારતે પોતાના દેશવાસીઓની સાથે સાથે અન્ય દેશોના લોકોના જાન બચાવવા માટે સરાહનીય કામ કર્યુ છે. ગુજરાત હવે મેડિકલ હબ બનવા જઈ રહયુ છે ત્યારે મેડિકલ સેક્ટરને એથિકલી પણ મહત્વ આપવાની જરૂર છે.

ચેમ્બરની પબ્લિક હેલ્થ કમિટીના ચેરપર્સન ડો. પારૂલ વડગામાએ કાર્યક્રમની રૂપરેખા આપતા જણાવ્યુ હતુ કે, સમાજમા ડોક્ટર્સ અને પેશન્ટ રિલેશનશિપ સુધરે અને તેઓની વચ્ચે વિશ્વાસ વધે તેના માટે ડોક્ટર્સ અને પેશન્ટ રિલેશનશિપ પર પેનલ ડિસ્કશન યોજાયુ હતુ, જેમા પેશન્ટને પડતી તકલીફો,

દર્દીના વિચારો, તેઓની અપેક્ષાઓ તથા ડોક્ટર્સની તકલીફો અને તેઓને પ્રેક્ટીસમા પડતી ચેલેન્જીસ વિષે વિસ્તૃત ચર્ચા કરવામા આવી હતી.

અમદાવાદની Marengo CIMS હોસ્પિટલના ઈન્ટરવેન્શનલ કાર્ડિયોલોજિસ્ટ ડૉ. અનિશ ચંદારાણાએ પ્રિવેન્ટીવ હેલ્થ વિષે વિસ્તૃત જાણકારી આપી હતી.

ગુજરાત સ્ટેટ મેન્ટલ હેલ્થ ઓથોરિટીના મેમ્બર તેમજ વેલ્ડર્સ ઈન્ડિયાના ઓથર, મનોચિકિત્સક તેમજ રિલેશનશિપ એક્સપર્ટ ડૉ. હંસલ ભચેચે આર્ટ ઓફ હિલીંગ વિષે માહિતી આપી હતી.

ઈન્ડસ્ટ્રી કારીગરોની હેલ્થ સુધારવા માટે નેશનલ ઈન્સ્ટીટ્યુટ ઓફ ઓક્યુપેશનલ હેલ્થ સાયન્સના ચેરમેન ડૉ. ભાવેશ મોદીએ ઈન્ડસ્ટ્રીયલ હેલ્થ વિષે વિસ્તૃત જાણકારી સાથે ઉદ્યોગોને માર્ગદર્શન આપ્યુ હતુ.

ફેડરેશન ઓફ ફેમિલી ફિઝિશ્યન એસોસીએશન ઓફ ઈન્ડિયાના ડૉ. પ્રજ્ઞેશ વચ્છરાજાનીએ હેલ્થકેર ટેક્નોલોજી વિષે વિસ્તૃત જાણકારી આપી હતી.

ચેમ્બરના તત્કાલિન પૂર્વ પ્રમુખ શ્રી વિજય મેવાવાલાએ ઉદ્ઘાટન સેશનમા ઉપસ્થિત સર્વનો આભાર માન્યો હતો. ચેમ્બરના ઉપ પ્રમુખ શ્રી અશોક જીરાવાલા, માનદ્ મંત્રી શ્રી બિજલ જરીવાલા, માનદ્ ખજાનચી સીએ મિતિષ મોદી, ગૃપ ચેરમેન શ્રી રાકેશ ગાંધી, મેડિકલ સર્વિસિસ AMNSના સિનિયર કન્સલ્ટન્ટ ફિઝિશ્યન એન્ડ ચીફ ડૉ. મુકુર પેટ્રોલવાલા, મનોચિકિત્સક ડૉ. મુકુલ ચોકસી, પલ્મોનોલોજિસ્ટ થોરેસિક (ચેસ્ટ) સર્જન એન્ડ ટ્યુબરક્યુલોસિસ એન્ડ ચેસ્ટ ડિસિઝ સ્પેશ્યાલિસ્ટ ડૉ. સમીર ગામી, ડૉ. મિરેન પટેલ, ડૉ. મુકેશ જગીવાલા, ડૉ. સોનિયા ચહાની, ડૉ. વિકાસબેન દેસાઈ, ડૉ. એસ.કે. મોહતી, ઉદ્યોગ સાહસિકો, વ્યવસાયિકો અને તબીબી મિત્રો કોન્ક્લેવમા ઉપસ્થિત રહ્યા હતા. અંતે ચેમ્બરની પબ્લિક હેલ્થ કમિટીના વાઈસ ચેરમેન ડૉ. જગદીશ વઘાસિયાએ કન્ક્લુડિંગ રિમાર્કસ આપી કાર્યક્રમનુ સમાપન કર્યુ હતુ.

## ચેમ્બર ઓફ કોમર્સના પ્રતિનિધિ મંડળે અમદાવાદ ખાતે એસ્ટ્રાલ પાઈપ્સ અને વાડીલાલ આઈસ્ક્રીમની ઈન્ડસ્ટ્રીયલ વિઝીટ કરી ગાંધીનગર ખાતે વિધાનસભાની લાઈવ કાર્યવાહી નિહાળી ગીફ્ટ સિટીની પણ મુલાકાત લીધી



ગીફ્ટ સિટી ખાતે India INX કંપનીની મુલાકાતમાં ચેમ્બરે વૈશ્વિક સ્તરે કરાતા ટ્રેડિંગના માધ્યમો અને આંતરરાષ્ટ્રીય ફાયનાન્શિયલ માર્કેટ સાથે જોડાણની માહિતી મેળવી




ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી ઉદ્યોગ જગતમાં આધુનિક ઉત્પાદન પ્રક્રિયાઓ અને વ્યવસ્થાપન પદ્ધતિઓ અંગે ઉદ્યોગ સાહસિકો તેમજ ચેમ્બરના સભ્યોને અવગત કરાવવા માટે ઈન્ડસ્ટ્રીયલ વિઝીટ્સનું આયોજન કરે છે. જેના અંતર્ગત ચેમ્બરના પ્રતિનિધિ મંડળે થોડા દિવસો પહેલા અમદાવાદ ખાતે એસ્ટ્રાલ પાઈપ્સ અને ગાંધીનગરમાં વાડીલાલ આઈસ્ક્રીમના ઉદ્યોગ સ્થળોની મુલાકાત લીધી હતી.

ચેમ્બરના પ્રતિનિધિ મંડળે અમદાવાદમાં એસ્ટ્રાલ પાઈપ્સની મુલાકાત દરમ્યાન પાઈપ્સની ઉત્પાદન પ્રક્રિયા, ગુણવત્તા નિયંત્રણ પદ્ધતિઓ, નવી ટેક્નોલોજી અને વૈશ્વિક માર્કેટ માટેના ઉત્પાદન ધોરણો વિષે વિગતવાર માહિતી મેળવી હતી. ઉદ્યોગનું સંચાલન, મશીનરી અને ઓટોમેશનના આધારે ચાલતી વ્યવસ્થાઓનો ચેમ્બરના પ્રતિનિધિ મંડળે અભ્યાસ કર્યો હતો.

ત્યારબાદ ચેમ્બરના પ્રતિનિધિ મંડળે ગાંધીનગર ખાતે વાડીલાલ આઈસ્ક્રીમની ફેક્ટરીની મુલાકાત લીધી હતી. જ્યાં આઈસ્ક્રીમ બનાવવાની પ્રક્રિયા, હાઈજિન સ્ટાન્ડર્ડ્સ, ફૂડ સેફ્ટી પ્રોટોકોલ્સ અને બજારમાં સ્પર્ધાત્મક રહેવા માટેના અભિગમો વિષે જાણકારી મેળવી હતી. ઉદ્યોગમાં મહત્વની બાબતો જેવી કે રિસર્ચ એન્ડ ડેવલપમેન્ટ અને ગુણવત્તા નિયંત્રણ વિષે પણ ચેમ્બરના પ્રતિનિધિ મંડળે વિસ્તૃત માહિતી મેળવી હતી.

ચેમ્બરના પ્રતિનિધિ મંડળે ગાંધીનગર ખાતે વિધાનસભાની પણ મુલાકાત લીધી હતી. જ્યાં ઉદ્યોગ સાહસિકોએ વિધાનસભાની લાઈવ કાર્યવાહી નિહાળી હતી. પ્રતિનિધિ મંડળે રાજ્યના વિવિધ નીતિગત અને વિકાસ સંબંધી મુદ્દાઓ પર ચાલી રહેલી લાઈવ ચર્ચા અને નિર્ણય પ્રક્રિયાને સમજી રાજ્યની રાજકીય વ્યવસ્થાની માહિતી મેળવી હતી. આ મુલાકાત ઉદ્યોગ સાહસિકો માટે સરકારની યોજનાઓ અને નીતિઓને વધુ સારી રીતે સમજવા માટે ખૂબ ઉપયોગી રહી હતી.

ચેમ્બરના પ્રતિનિધિ મંડળની ઈન્ડસ્ટ્રીયલ વિઝીટ દરમ્યાન ગાંધીનગર ખાતે વિશ્વ સ્તરની ગિફ્ટ સિટી (ગુજરાત ઈન્ટરનેશનલ ફાયનાન્સ ટેક)નું નિરીક્ષણ પણ મુખ્ય આકર્ષણ રહ્યું હતું. પ્રતિનિધિ મંડળે ગીફ્ટ સિટીના આધુનિક ઈન્ફ્રાસ્ટ્રક્ચર, સુવિધાઓ અને વૈશ્વિક સ્તરે અર્થતંત્રને જોડવાના ઉદ્દેશ્યો વિશે માહિતી મેળવી હતી. ગીફ્ટ સિટી ગ્લોબલ ફાયનાન્સિયલ એન્ડ ટેકનોલોજી હબ તરીકે ઓળખાય છે. જ્યાં એક છત નીચે ઉદ્યોગોને સિન્ગલ વિન્ડો ક્લિયરન્સ અને એપ્રુવલ્સ મળે છે. ચેમ્બરના પ્રતિનિધિઓએ આ પ્રકારની સિટી અને તેના દ્વારા સર્જાતી વ્યવસાયિક તકો અંગે વિસ્તૃત જાણકારી મેળવી હતી.

ગિફ્ટ સિટીની મુલાકાત દરમ્યાન ચેમ્બરના પ્રતિનિધિઓએ અહીં આવેલા ભારતીય સ્ટોક એક્સચેન્જ (Ind ia INX) કંપનીની પણ વિઝીટ કરી હતી. પ્રતિનિધિઓએ Ind ia INX ની આધુનિક કામગીરી પદ્ધતિ, વૈશ્વિક સ્તરે કરાતા ટ્રેડિંગના માધ્યમો અને આંતરરાષ્ટ્રીય ફાયનાન્શિયલ માર્કેટ સાથે જોડાણ અંગે વિગતવાર માહિતી મેળવી હતી. Ind ia INX એ ગુજરાતમાં વિશ્વની સૌથી ઝડપી ફાયનાન્શિયલ સર્વિસિસ એક્સચેન્જ તરીકે ઉદ્યોગ જગતમાં મહત્વપૂર્ણ યોગદાન આપી



રહેલી કંપની છે.

ચેમ્બર ઓફ કોમર્સના પ્રમુખ શ્રી નિખિલ મદ્રાસીએ જણાવ્યું હતું કે, એસ્ટ્રાલ પાઈપ્સ અને વાડીલાલ આઈસ્ક્રીમ જેવી પ્રતિષ્ઠિત કંપનીઓના ઉદ્યોગ સ્થળોની મુલાકાતથી ચેમ્બરના સભ્યોને વ્યવસાયમાં સુધારા લાવવા માટે ઉપયોગી સૂચનો અને પ્રેરણા મળી હતી. વિધાનસભાની મુલાકાતથી ઉદ્યોગસાહસિકો અને વેપારીઓને સરકારની નીતિઓ અંગે વધુ સ્પષ્ટતા મળી હતી અને વ્યવસાયને આગળ વધારવા માટે ઉપયોગી માહિતી પ્રાપ્ત થઈ હતી.

તેમણે જણાવ્યું હતું કે ગીફ્ટ સિટીની મુલાકાત દ્વારા ચેમ્બરના પ્રતિનિધિઓને ગુજરાત રાજ્યમાં ઉદ્યોગ અને ફાયનાન્સ ક્ષેત્રે થતા વિકાસની સમજૂતિ મળી હતી. India INX કંપનીની મુલાકાત પણ પ્રતિનિધિઓ માટે ખૂબ જ જ્ઞાનપ્રદ સાબિત થઈ હતી. ચેમ્બર આગામી દિવસોમાં પણ ઉદ્યોગ સાહસિકોને નવું જ્ઞાન મેળવવા માટે સતત આવી ઇન્ડસ્ટ્રીયલ વિઝીટનું આયોજન કરીને ઉદ્યોગની પ્રગતિને પ્રોત્સાહન આપશે.



# 'પ્રિવેન્શન ઓફ સેક્સ્યુલ હેરેસમેન્ટ એટ વર્કપ્લેસ' વિષે અવેરનેસ સેશન યોજાયું




ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી દ્વારા મંગળવાર, તા. ૯ સપ્ટેમ્બર, ૨૦૨૫ના રોજ સાંજે ૫:૩૦ કલાકે સમૃદ્ધિ, સરસાણા, સુરત ખાતે 'પ્રિવેન્શન ઓફ સેક્સ્યુલ હેરેસમેન્ટ એટ વર્કપ્લેસ' વિષે અવેરનેસ સેશન યોજાયું હતું, જેમાં POSH સર્ટિફાઇડ કોર્પોરેટ ટ્રેઈનર મિસ આશુ મનચંદાએ વિસ્તૃત માહિતી આપી હતી.

ચેમ્બર ઓફ કોમર્સના ઉપ પ્રમુખ શ્રી અશોક જીરાવાલાએ સ્વાગત પ્રવચન કરતા જણાવ્યું હતું કે, કર્મચારી અને સંસ્થા સાથે મળીને કાર્યસ્થળે સકારાત્મક વાતાવરણ નિર્માણ કરે છે ત્યારે વ્યવસાયિક પ્રગતિ થાય છે. ચેમ્બર દ્વારા આવા જાગૃતિ સત્રો દ્વારા દરેક વ્યક્તિમાં જવાબદારી અને સમજદારી વધારવાના પ્રયાસ કરાય છે.

POSH સર્ટિફાઇડ કોર્પોરેટ ટ્રેઈનર મીસ આશુ મનચંદાએ જણાવ્યું હતું કે, કાર્યસ્થળે સેક્સ્યુઅલ હેરેસમેન્ટ અટકાવવા માટે વ્યવસ્થિત નીતિ અને કર્મચારીઓમાં જાગૃતિ જરૂરી છે. દરેક કર્મચારીને તેની જવાબદારીઓ સમજવી, યોગ્ય ચેનલ્સ મારફતે ફરિયાદ નોંધાવવી અને સંસ્થા દ્વારા અપાયેલી સુરક્ષા સુનિશ્ચિત કરવી જોઈએ. કાર્યસ્થળે સકારાત્મક અને સુરક્ષિત વાતાવરણ બનાવવું અને નિયમિત તાલીમ દ્વારા જાગૃતિ લાવવી એ કર્મચારીઓ તથા સંસ્થાના વિકાસ માટે આવશ્યક છે. તેમણે કાર્યસ્થળે સેક્સ્યુઅલ હેરેસમેન્ટ, તેના વિવિધ સ્વરૂપો, સંબંધિત કાયદા તથા કંપનીઓ અને કર્મચારીઓની જવાબદારીઓ વિશે વિસ્તૃત માહિતી આપી હતી.

ચેમ્બરના તત્કાલિન પૂર્વ પ્રમુખ શ્રી વિજય મેવાવાલા, માનદ્ ખજાનચી સીએ મિતિશ મોદી, ગૃપ ચેરમેન ડૉ. અનિલ સરાવગી અને સભ્યો ઉપસ્થિત રહ્યા હતા. ચેમ્બરની સ્કીલ ડેવલપમેન્ટ કમિટીના ચેરમેન શ્રી ચિરાગ દેસાઈએ કાર્યક્રમની રૂપરેખા આપી સમગ્ર કાર્યક્રમનું સંચાલન કર્યું હતું. કમિટીના સભ્ય શ્રી રહેમાન પાને વક્તાનો પરિચય આપ્યો હતો. વક્તાએ ઉપસ્થિતોના વિવિધ સવાલોના સંતોષકારક જવાબો આપ્યા હતા અને ત્યારબાદ કાર્યક્રમનું સમાપન થયું હતું.



ચેમ્બરના ઉપ પ્રમુખ શ્રી અશોક જીરાવાલા



POSH સર્ટિફાઇડ કોર્પોરેટ ટ્રેઈનર મીસ આશુ મનચંદા

# અડોપ્ટિંગ નેક્સ્ટ જનરેશન, નેક્સ્ટ પ્રેક્ટિસ'ની થીમ પર આયોજિત બે દિવસીય 'ટેકનો ટોક કન્વેન્શન ૨૦૨૫'ની શરૂઆત



## NICDC Logistics Data Services ના એડવાઇઝર મેજર જનરલ શ્રી શમશેર સિંહ અહલાવત (Retd,.), ONDC, ભારત સરકારના સપ્લાય ચેઇન એન્ડ લોજિસ્ટીકસના વાઇસ પ્રેસિડેન્ટ મીસ મેઘા બંસલ, મેટલ એન્ડ પ્રિશિયસ સ્ટોકસના ચીફ ટેકનોલોજી આર્કિટેકટ શ્રી મિનેશ મોહિલે અને કોમ્પ્રીન્નો ટેકનોલોજીસના સીઇઓ શ્રી પ્રસાદ પુરાણિકે સુરતના એમએસએમઇ ઉદ્યોગ સાહસિકો, વ્યવસાયિકો, પ્રોફેશનલ્સ અને વિદ્યાર્થીઓને વિવિધ વિષયો પર વિસ્તૃત જાણકારી આપી


ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી દ્વારા તા. ૧૯ અને ૨૦ સપ્ટેમ્બર, ૨૦૨૫ના રોજ સવારે ૧૦:૦૦ કલાકથી પ્લેટીનમ હોલ, એસઆઇઇસીસી કેમ્પસ, સરસાણા, સુરત ખાતે 'અડોપ્ટિંગ નેક્સ્ટ જનરેશન, નેક્સ્ટ પ્રેક્ટિસ'ની થીમ પર 'ટેકનો ટેક કન્વેન્શન ૨૦૨૫' યોજાયુ છે. જેમા NICDC Logistics Data Services ના એડવાઇઝર મેજર જનરલ શ્રી શમશેર સિંહ અહલાવત (Retd,.) મુખ્ય અતિથિ તરીકે ઉપસ્થિત રહયા હતા.

ચેમ્બરના પ્રમુખ શ્રી નિખિલ મદ્રાસીએ જણાવ્યુ હતુ કે, વૈશ્વિક આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ માર્કેટ વર્ષ ૨૦૩૦ સુધીમા ૧ ટ્રિલિયન ડોલરથી વધુ થવાની સંભાવના છે. માત્ર ભારત જ વર્ષ ૨૦૩૫ સુધીમા ૫૦૦ બિલિયન ડોલરથી વધુનુ યોગદાન પોતાના જીડીપીમા આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ દ્વારા કરશે એવી ધારણા છે. ભારતની ડિજિટલ અર્થવ્યવસ્થા પણ ઝડપથી આગળ વધી રહી છે અને વર્ષ ૨૦૩૦ સુધીમા ૧ ટ્રિલિયન ડોલર સુધી પહોંચશે. ONDC અને ULIP જેવી પહેલો MSMEs અને સ્ટાર્ટઅપ્સને મજબૂત બનાવશે.

ક્લાઉડ કમ્પ્યુટિંગ માર્કેટ ભારતમા વર્ષ ૨૦૨૭ સુધીમા ૧૭૮ બિલિયન ડોલર સુધી પહોંચવાની ધારણા છે. જે નાના બિઝનેસને પણ વૈશ્વિક સ્તરે વિકાસ કરવાની તક આપશે.



**ચેમ્બરના પ્રમુખ શ્રી નિખિલ મદ્રાસી**



**NICDC Logistics Data Servicesના એડવાઈઝર મેજર જનરલ શ્રી શમશેર સિંહ અહલાવત (Retd,.)**



**ONDC, ભારત સરકારના સપ્લાય ચેઈન એન્ડ લોજિસ્ટીક્સના વાઈસ પ્રેસિડેન્ટ મીસ મેધા બંસલ**

મેન્યુફેક્ચરિંગ સેક્ટરમાં ઈન્ડસ્ટ્રી ૪.૦ ટેકનોલોજી અપનાવવાથી વર્ષ ૨૦૩૦ સુધીમાં ભારતીય ફેક્ટરીઓની ઉત્પાદકતા ૨૫% સુધી વધવાની શક્યતા છે. આજના ઈન્ડસ્ટ્રી ૪.૦ યુગમાં એમએસએમઈ ઉદ્યોગ સાહસિકો, સ્ટાર્ટ-અપ્સ અને ટ્રેડીશનલ ઈન્ડસ્ટ્રીઝને બેસ્ટ પ્રેક્ટીસિસથી આગળ વધીને નેક્સ્ટ પ્રેક્ટીસિસ અપનાવવાની જરૂર છે.

કન્વેન્શનના મુખ્ય અતિથિ NICDC Logistics Data Services ના એડ્વાઈઝર મેજર જનરલ શ્રી શમશેર સિંહ અહલાવત (Retd.)એ NICDC ના ULIP (યુનિફાઈડ લોજિસ્ટિક્સ ઈન્ટરફેસ પ્લેટફોર્મ) એન્ડ LDB (લોજિસ્ટિક્સ ડેટા બેન્ક) વિશે માહિતી આપતા જણાવ્યું હતું કે, દર મહિને લગભગ ૫૦ લાખ કન્ટેનર્સ LDB પોર્ટલ પર શોધવામાં આવે છે. તેમજ ૧૬ ટર્મિનલ્સમાં ઘરેલુ અને કાંઠાના કન્ટેનર્સ માટે NICDC દ્વારા વિસ્તૃત સેવાઓ આપવામાં આવે છે. તેથી ભારતના ૧૦૦ ટકા એક્ઝીમ કન્ટેનર્સનું ટ્રેકીંગ (કુલ કન્ટેનર વોલ્યુમના ૯૦ ટકા) કરી શકાય છે.

ULIP પી.એમ. ગતિ શક્તિ હેઠળની એક મુખ્ય પહેલ, જે માનનીય વડાપ્રધાન દ્વારા રાષ્ટ્રીય લોજિસ્ટિક્સ નીતિ (NLP) હેઠળ ૧૭ સપ્ટેમ્બર ૨૦૨૨ના રોજ શરૂ કરવામાં આવી હતી. જેમાં લોજિસ્ટિક્સના તમામ મોડ (જળમાર્ગ, એર, રેલ, રોડ) ULIP હેઠળ આવરી લેવાયેલા છે જેમ કે કન્ટેનરાઈઝ્ડ બ્રેક બલ્ક વગેરેનો સમાવેશ એમાં થાય છે. વધુમાં તેમણે પબ્લિક ઈન્ફ્રાસ્ટ્રક્ચર કોર લોજિસ્ટીક્સ વિષે દક્ષિણ ગુજરાતના ઉદ્યોગ સાહસિકો અને વ્યવસાયિકોને માર્ગદર્શન આપ્યું હતું. સપ્લાય ચેઈન અને લોજિસ્ટીક્સ ઈકો સિસ્ટમના ડિજીટલાઈઝેશન વિષે પણ વિસ્તૃત સમજણ આપી હતી.

ONDC, ભારત સરકારના સપ્લાય ચેઈન એન્ડ લોજિસ્ટીક્સના વાઈસ પ્રેસિડેન્ટ મીસ મેધા બંસલે ડિજિટલ કોમર્સ ઈકો સિસ્ટમ વિષે માહિતી આપતા જણાવ્યું હતું કે, 'ભારતમાં ઈ-કોમર્સ પર વેપાર કરતા લોકોની સંખ્યા ખૂબ જ ઓછી છે. સમગ્ર ભારતમાં ડિજીટલ કોમર્સ વડે ખરીદી માત્ર પાંચથી છ ટકા થાય છે. જ્યારે બે ટકા કરતા પણ ઓછા એમએસએમઈ ઉદ્યોગકારો



**મેટલ એન્ડ પ્રિશિયસ સ્ટોક્સના ચીફ ટેકનોલોજી આર્કિટેક્ટ શ્રી મિનેશ મોહિલ**



**કોમ્પ્રીન્નો ટેકનોલોજીસના સીઈઓ શ્રી પ્રસાદ પુરાણિક**

પોતાના પ્રોડક્ટનું ઓનલાઈન વેચાણ કરે છે. ONDC એ એક ઓપન નેટવર્ક છે, જે ઈ-કોમર્સ માટે પ્લેટફોર્મ-સેન્ટ્રિક મોડલને બદલે નેટવર્ક આધારિત મોડલ રજૂ કરે છે. આજ સુધીમાં એમેઝોન, ફ્લિપકાર્ટ જેવા મોટા પ્લેટફોર્મ પર જ ખરીદી-વેચાણ થતું હતું, પરંતુ ONDC દ્વારા કોઈપણ વેચનાર, ખરીદદાર અને સર્વિસ પ્રોવાઈડર એક જ નેટવર્કમાં જોડાઈ શકે છે.

મેટલ એન્ડ પ્રિશિયસ સ્ટોક્સના ચીફ ટેક્નોલોજી આર્કિટેક્ટ શ્રી મિનેશ મોદીએ સપ્લાય ચેઈનથી રિસ્પોન્સિવ ચેઈન તરફની યાત્રા અને ઉદ્યોગોમાં ઝડપી એજિલિટીનું મહત્વ સમજાવ્યું હતું. કોમ્પીસો ટેક્નોલોજીસના સીઈઓ શ્રી પ્રસાદ પુરાણિક સૂક્ષ્મ, લઘુ ઉદ્યોગથી મોટા ઉદ્યોગ માટે ક્લાઉડ ઈન્ફ્રાસ્ટ્રક્ચરના મહત્વ અને ડિજિટલાઈઝેશનના નવા માર્ગો અંગે માહિતી આપી હતી.

ચેમ્બરના તત્કાલિન પૂર્વ પ્રમુખ શ્રી વિજય મેવાવાલાએ ઉપસ્થિત સર્વેનો આભાર માન્યો હતો. ચેમ્બરના ગ્રુપ ચેરમેન શ્રી બશીર મન્સુરીએ કન્કલુડીંગ રિમાર્ક્સ આપ્યા હતા. ચેમ્બરની આઈટી એન્ડ કોમ્યુનિકેશન્સ કમિટીના એડવાઈઝર શ્રી હરેશ કલકત્તાવાલાએ કાર્યક્રમની રૂપરેખા આપી હતી. કમિટીના ચેરમેન શ્રી પુનિત ગજેરાએ કાર્યક્રમનું સંચાલન કર્યું હતું.

શનિવાર, તા. ૨૦ સપ્ટેમ્બરના રોજ સવારે ૧૦:૦૦ કલાકથી માઈક્રોસોફ્ટના ટેક સેલ્સ એન્ડ પાર્ટનર સીટીઓના ડિરેક્ટર શ્રી સંજીવ શર્મા નેક્સ્ટ જનરેશન ટેક્નોલોજી માટે એઆઈ ડ્રિવન બિઝનેસ ટ્રાન્સફોર્મેશન વિષે સંબોધન કરશે. આર્સેલરમિત્તલ નિપ્પોન સ્ટીલ ઈન્ડિયાના મિસ રેણુકા કુલકર્ણી મેન્યુફેક્ચરીંગ યુનિટમાં ઈન્ડસ્ટ્રીયલ ઓટોમેશન દ્વારા નેક્સ્ટ જનરેશન ટેક્નોલોજી અપનાવવાનું મહત્વ સમજાવશે.

ટ્રેઝિક્સના ચીફ ડિલીવરી ઓફિસર શ્રી ચંદ્રશેખર વેલગાપુડી ટેક્નોલોજી પ્રોજેક્ટ્સની સફળતા માટે ઉદ્યોગ સાહસિકોને પ્રોએક્ટીવ ગવર્નન્સ મેઝર્સ અંગે જાણકારી આપશે. SAP ઈન્ડિયાના ડિરેક્ટર શ્રી સંજય કે.વી. એન્ટરપ્રાઈઝ સોલ્યુશન્સ દ્વારા ફાયનાન્સ એન્ડ લોજિસ્ટીક્સના નેક્સ્ટ લેવલ ગ્રોથ વિષે માહિતી આપશે, જ્યારે મહિન્દ્રા એન્ડ મહિન્દ્રાના ટેક્નોલોજીના વાઈસ પ્રેસિડેન્ટ શ્રી સંજય ચવાણ લાર્જ કોર્પોરેશન્સમાં ડિજિટલ ટ્રાન્સફોર્મેશન કેવી રીતે થતી હોય છે તે અંગે સમજણ આપશે.

# 'અડોપ્ટિંગ નેક્સ્ટ જનરેશન, નેક્સ્ટ પ્રેક્ટિસ'ની થીમ પર ચેમ્બર ઓફ કોમર્સ દ્વારા આયોજિત બે દિવસીય 'ટેકનો ટોક કન્વેન્શન 2025નું ભવ્ય સમાપન



## આઈટી અને એઆઈ ક્ષેત્રના દિગ્ગજોએ ઉપયોગી માર્ગદર્શન પૂરું પાડતાં કહ્યું કે એઆઈથી કામ ઘટશે, નોકરીઓ નહીં



ચેમ્બરના પ્રમુખ
શ્રી નિખિલ મદ્રાસી



માઈક્રોસોફ્ટના ટેક સેલ્સ
એન્ડ પાર્ટનર સીટીઓના ડિરેક્ટર
શ્રી સંજીવ શર્મા



આર્સેલરમિત્તલ નિપ્પોન સ્ટીલ
ઈન્ડિયાના સુશ્રી રેણુકા કુલકર્ણી

# માઈક્રોસોફ્ટના ટેક સેલ્સ એન્ડ પાર્ટનર સીટીઓના ડિરેક્ટર શ્રી સંજીવ શર્મા, આર્સેલરમિત્તલ નિપ્પોન સ્ટીલ ઈન્ડિયાના સુશ્રી રેણુકા કુલકર્ણી, ટ્રેઝિકસના ચીફ ડિલીવરી ઓફિસર શ્રી ચંદ્રશેખર વેલગાપુડી, SAP ઈન્ડિયાના ડિરેક્ટર શ્રી સંજય કે.વી. અને મહિન્દ્રા એન્ડ મહિન્દ્રાના ટેકનોલોજી વાઈસ પ્રેસિડેન્ટ શ્રી સંજય ચવાણે સુરતના એમએસએમઈ ઉદ્યોગ સાહસિકો, વ્યવસાયિકો, પ્રોફેશનલ્સ અને વિદ્યાર્થીઓને વિવિધ વિષયો પર વિસ્તૃત જાણકારી આપી

ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી દ્વારા આયોજિત બે દિવસીય 'ટેક્નો ટેક કન્વેન્શન 2025'નું આજે સમાપન થયું હતું. પ્લેટીનમ હોલ, એસઆઈઈસીસી સરસાણા, સુરત ખાતે તા. 19 અને 20 સપ્ટેમ્બર 2025ના રોજ આયોજિત આ કન્વેન્શનમાં 'એડોપ્ટિંગ નેક્સ્ટ જનરેશન, નેક્સ્ટ પ્રેક્ટિસ'ની થીમ પર ટેક્નોલોજી ક્ષેત્રના પીઢ નિષ્ણાતોએ સુરતના એમએસએમઈ ઉદ્યોગ સાહસિકો, વ્યવસાયિકો, પ્રોફેશનલ્સ અને વિદ્યાર્થીઓને વિવિધ વિષયો પર વિસ્તૃત જાણકારી આપી હતી અને તેમની સાથે પ્રશ્નોત્તરી પણ કરી હતી.

આ કન્વેન્શનના બીજા દિવસે ચેમ્બરના પ્રમુખ શ્રી નિખિલ મદ્રાસીએ સ્વાગત પ્રવચનમાં કહ્યું કે, આ એસજીસીસીઆઈનો એક નવો પ્રયાસ છે. જે લોકો, સંસ્થાઓ અને બ્રાન્ડ સમય સાથે બદલાય છે, તે જ ટકી શકે છે. પરિવર્તન એ કુદરતનો અપરિવર્તનશીલ નિયમ છે. બદલાવને અપનાવવો એ જ સફળતાનું મૂળ છે."

માઈક્રોસોફ્ટના ટેક સેલ્સ એન્ડ પાર્ટનર સીટીઓના ડિરેક્ટર શ્રી સંજીવ શર્માએ 'નેક્સ્ટ જનરેશન ટેક્નોલોજી માટે



ટ્રેઝિકસના ચીફ ડિલીવરી
ઓફિસર
શ્રી ચંદ્રશેખર વેલગાપુડી



SAP ઈન્ડિયાના ડિરેક્ટર
શ્રી સંજય કે.વી.



મહિન્દ્રા એન્ડ મહિન્દ્રાના
ટેકનોલોજીના વાઈસ પ્રેસિડેન્ટ
શ્રી સંજય ચવાણ

એઆઇ ડ્રિવન બિઝનેસ ટ્રાન્સફોર્મેશન' વિષય પર સંબોધન કરતા જણાવ્યું હતું કે, આ ભારતનો દાયકો માત્ર નથી, પરંતુ ભારતની સદી છે. ભારત ટેક્નોલોજી માટે સૌથી ઉત્સાહજનક માર્કેટ છે. આગામી 5-6 વર્ષમાં ભારત આજના ૩૬ જેટલું વધારે ઉમેરશે. તેમણે કહ્યું કે જ્યારે સુપર કમ્પ્યુટર્સ આવ્યા ત્યારે પણ નોકરીઓના નુકસાનની ડર હતી. મને લાગે છે કે એઆઇ કામનો ભાર ઘટાડશે, નોકરીઓ નહીં.

આર્સેલરમિત્તલ નિપ્પોન સ્ટીલ ઇન્ડિયાના સુશ્રી રેણુકા કુલકર્ણીએ 'નેક્સ્ટ જનરેશન ટેક્નોલોજી અડોપ્શન ફોર મેન્યુફેક્ચરિંગ યુનિટ' વિષય પર વાત કરતા જણાવ્યું હતું કે, નવા યુગની ટેક્નોલોજી દરેક જગ્યાએ છે. ઇન્ડસ્ટ્રી 4.0 વૈકલ્પિક નથી, પરંતુ આવશ્યક છે. તેમણે મોટા પાયે મેન્યુફેક્ચરિંગમાં ટેક્નોલોજીના ઉપયોગ અને ટ્રાન્સફોર્મેશનલ લીડરશિપ વિશે વિસ્તૃત સમજણ આપી હતી અને કેવી રીતે હજીરાના પ્લાન્ટમાં કંપનીએ ટેક્નોલોજીની મદદથી પ્રક્રિયાઓ સુસંગત અને સરળ કરી તે સમજાવ્યું હતું.

ટ્રેક્ટિક્સના ચીફ ડિલીવરી ઓફિસર શ્રી ચંદ્રશેખર વેલગાપુડીએ 'પ્રોએક્ટિવ ગવર્નન્સ મેઝર્સ ટુ મેક ધી ટેક્નોલોજી પ્રોજેક્ટ સક્સેસફુલ' વિષય પર જણાવ્યું હતું કે, લગભગ 90% સ્ટાર્ટઅપ્સ નિષ્ફળ જાય છે અને તેમાંથી 42% માત્ર માર્કેટના અભાવને કારણે છે. તેમણે પ્રોજેક્ટની નિષ્ફળતાને કેવી રીતે ટાળી શકાય તે વિશે વાત કરી હતી.

SAP ઇન્ડિયાના ડિરેક્ટર શ્રી સંજય કે.વી.એ 'એડોપ્શન ઓફ એન્ટરપ્રાઇઝ સોલ્યુશન્સ ફોર ધી નેક્સ્ટ લેવલ ઓફ ગ્રોથ – ઇન ધી એરિયા ઓફ ફાયનાન્સ એન્ડ લોજિસ્ટીક્સ' વિષય પર જણાવ્યું હતું કે, ભારત લોજિસ્ટીક્સને ઘણી પ્રાથમિકતા આપી રહ્યું છે. તેમણે કહ્યું કે એઆઇ માનવને બદલશે નહીં પરંતુ તેની સાથે સહઅસ્તિત્વમાં રહેશે. તેમણે સપ્લાય ચેઇનના ડિજિટલાઇઝેશન વિશે વાત કરી અને તાજેતરમાં લોન્ચ કરાયેલ SAP સોવરેન ક્લાઉડ ફોર ઇન્ડિયા વિશે સમજાવ્યું, જ્યાં ડેટા માત્ર ભારતમાં જ રહેશે.

મહિન્દ્રા એન્ડ મહિન્દ્રાના ટેક્નોલોજીના વાઇસ પ્રેસિડેન્ટ શ્રી સંજય ચવાણે 'ડિજિટલ ટ્રાન્સફોર્મેશન' વિષય પર વાત કરતા જણાવ્યું હતું કે, તેમણે M&Mમાં કરાયેલા ઇનહાઉસ ટેક્નોલોજીકલ વિકાસ જેમ કે જીની વિશે વાત કરી. તેમણે ક્લાઉડ ટ્રાન્સફોર્મેશન વિશે પણ ચર્ચા કરી હતી. આ પ્રસંગે ચેમ્બરના ઉપપ્રમુખ શ્રી અશોકભાઈ જીરાવાલા, માનદ્ મંત્રી શ્રી બિજલ જરીવાલા, ચેમ્બરની આઇટી એન્ડ કોમ્યુનિકેશન્સ કમિટીના એડવાઇઝર શ્રી હરેશ કલકત્તાવાલા ઉપસ્થિત રહ્યા હતા. ચેમ્બરના ગ્રુપ ચેરમેન શ્રી બશીર મન્સૂરીએ આભારવિધિ કરી હતી.

# ચેમ્બર ઓફ કોમર્સ તથા સાર્વજનિક એજ્યુકેશન સોસાયટી– સુરત અને સાર્વજનિક યુનિવર્સિટી– સુરત વચ્ચે વિદ્યાર્થીઓ માટે ઈન્ટર્નશિપ, ઉદ્યોગ તાલિમ, પ્લેસમેન્ટ સુવિધા અને સ્કીલ ડેવલપમેન્ટ જેવા મુદ્દાઓને લઇને સમજૂતિ કરાર થયા

## ઉદ્યોગ અને શિક્ષણ જગત વચ્ચેના અંતરને દૂર કરી વિદ્યાર્થીઓને વ્યવસાયિક રીતે સક્ષમ બનાવવાના પ્રયત્નના ભાગ રૂપે સમજૂતિ કરાર કર્યા છે : ચેમ્બર પ્રમુખ શ્રી નિખિલ મદ્રાસી

ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઇન્ડસ્ટ્રીએ સાર્વજનિક એજ્યુકેશન સોસાયટી– સુરત અને સાર્વજનિક યુનિવર્સિટી– સુરત સાથે વિદ્યાર્થીઓ માટે ઇન્ટર્નશિપ, ઉદ્યોગ તાલિમ, પ્લેસમેન્ટ સુવિધા, સ્કીલ ડેવલપમેન્ટ, ઉદ્યોગ–શૈક્ષણિક સંસ્થાઓ વચ્ચે સહકાર જેવા મહત્વના મુદ્દાઓને લઇને સમજૂતિ કરાર કર્યા હતા. ચેમ્બર ઓફ કોમર્સના પ્રમુખ શ્રી નિખિલ મદ્રાસી અને સાર્વજનિક એજ્યુકેશન સોસાયટી– સુરતના ચેરમેન તેમજ સાર્વજનિક યુનિવર્સિટી– સુરતના પ્રેસિડેન્ટ શ્રી ભરતભાઇ શાહે સમજૂતિ કરાર પર હસ્તાક્ષર કર્યા હતા. આ પ્રસંગે ચેમ્બરના ઉપ પ્રમુખ શ્રી અશોક જીરાવાલા અને પૂર્વ પ્રમુખ શ્રી કેતન દેસાઇ ઉપસ્થિત રહ્યા હતા.

ચેમ્બર ઓફ કોમર્સના પ્રમુખ શ્રી નિખિલ મદ્રાસીએ જણાવ્યું હતું કે, સમજૂતિ કરારનો મુખ્ય હેતુ વિદ્યાર્થીઓને ચેમ્બર અને અન્ય વ્યાપાર–ઉદ્યોગ સંબંધિત સંસ્થાઓમાં



ઈન્ટર્નશિપ કરવાનો અવસર પૂરો પાડવાનો છે, જેથી તેમને ઉદ્યોગ ક્ષેત્રનું પ્રેક્ટિકલ નોલેજ મળી શકે. વિદ્યાર્થીઓ ઈન્ટર્નશિપ દ્વારા ઉદ્યોગના રોજબરોજના કામકાજ, મેનેજમેન્ટ પદ્ધતિઓ, માર્કેટિંગ, એકાઉન્ટિંગ, પ્રોડક્શન પ્રોસેસ અને વ્યવસાય સંબંધિત નિયમો અંગે પ્રેક્ટિકલ અનુભવ મેળવી શકશે. આ પ્રોગ્રામથી વિદ્યાર્થીઓને રોજગાર માટે વધુ સજ્જ થવાની સાથે તેમનું વ્યવસાયિક પ્રોફાઈલ પણ મજબૂત બનશે. સમજૂતિ કરાર ઉદ્યોગ અને શિક્ષણ જગત વચ્ચેના અંતરને દૂર કરવા અને વિદ્યાર્થીઓને વ્યવસાયિક રીતે સક્ષમ બનાવવાના પ્રયત્નના ભાગ રૂપે કરવામાં આવ્યા છે.

શ્રી ભરતભાઈ શાહે જણાવ્યું હતું કે, સાર્વજનિક યુનિવર્સિટી દ્વારા વિદ્યાર્થીઓના પ્લેસમેન્ટ પ્રોફાઈલ અને સ્કીલ સેટ્સ ચેમ્બરની સાથે શેર કરવામાં આવશે, જેથી યોગ્ય ઉમેદવારોને યોગ્ય તકો મેળવવા માટે સરળતા રહે. વિદ્યાર્થીઓને રોજગાર મળી રહે તે માટે સંયુક્ત વર્કશોપ, સર્ટિફિકેશન પ્રોગ્રામ્સ, મોક ઈન્ટરવ્યૂઝ અને સોફ્ટ સ્કિલ્સ ટ્રેનિંગ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવશે. ચેમ્બર એચઆર હેડ્સ, રિક્રુટર્સ અને ડોમેન એક્સપર્ટ્સની સાથે મળીને સેમિનારો કરશે. આ નિષ્ણાતો વિદ્યાર્થીઓને કેરિયર પ્લાનિંગ, ઉદ્યોગ સાહસિકતા અને સેક્ટોરિયલ ટ્રેન્ડ્સ અંગે માર્ગદર્શન આપશે.

સમજૂતિ કરાર મુજબ, ચેમ્બર તેના ઉદ્યોગકાર સભ્યો અને વ્યવસાયિક સંસ્થાઓ સાથે સહયોગ કરીને સાર્વજનિક યુનિવર્સિટીના વિદ્યાર્થીઓ માટે ઈન્ટર્નશિપ અને ઉદ્યોગ તાલીમ કાર્યક્રમોનું આયોજન કરશે, જેથી વિદ્યાર્થીઓને વ્યવસાયિક અનુભવ મળી શકે. પ્લેસમેન્ટ સુવિધા અંતર્ગત ચેમ્બર ઉદ્યોગ જગતમાં ખાલી જગ્યાઓની માહિતી શેર કરીને, રિક્રુટમેન્ટ ડ્રાઈવ, કેરિયર ફેર અને ઉદ્યોગ–વિદ્યાર્થી સંવાદ સેમિનારોનું આયોજન કરીને વિદ્યાર્થીઓ માટે રોજગારી સુવિધા પ્રદાન કરશે.

આ ઉપરાંત, જોબ ફેર, ઈનોવેશન શો કેસ, ઉદ્યોગની મુલાકાતો, કેરિયર કોન્ક્લેવ વિગેરે કાર્યક્રમો બંને સંસ્થાઓ સાથે મળીને કરશે. આ સમજૂતિ કરારથી વિદ્યાર્થીઓને આધુનિક ઉદ્યોગ સાહસિકતા માટે તૈયાર કરવામાં મદદ મળશે, તેમનામાં કારકિર્દી વિકાસ માટેના મહત્વના ગુણોનો સમાવેશ થશે અને ઉદ્યોગ–શૈક્ષણિક સંબંધ વધુ મજબૂત બનશે.

## વિદ્યાર્થીઓ ઈન્ટરશિપ દ્વારા ઉદ્યોગના કામકાજ, મેનેજમેન્ટ પદ્ધતિઓ, માર્કેટિંગ, એકાઉન્ટિંગ, પ્રોડક્શન પ્રોસેસ અને વ્યવસાય સંબંધિત નિયમો અંગે પ્રેક્ટિકલ અનુભવ મેળવી શકશે : સાર્વજનિક એજ્યુકેશન સોસાયટી– સુરતના ચેરમેન શ્રી ભરતભાઈ શાહ

# ચેમ્બર ઓફ કોમર્સ દ્વારા માર્કેટીંગમાં ભાષાના મહત્વ વિષે સેશન યોજાયું



ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી દ્વારા બુધવાર, તા. ૧૬ સપ્ટેમ્બર, ૨૦૨૫ના રોજ સાંજે ૫:૦૦ કલાકે સમૃદ્ધિ, નાનપુરા, સુરત ખાતે 'માર્કેટીંગમા ભાષાનુ મહત્વ' વિષય પર સેશન યોજાયુ હતુ. જેમા કોર્પોરેટ ટ્રેઇનર એન્ડ લેન્ગ્વેજ કન્સલ્ટન્ટ ડો. ધર્મેન્દ્ર શેઠે સુરતના ઉદ્યોગ સાહસિકો અને પ્રોફેશનલ્સને વિસ્તૃત જાણકારી આપી હતી.

ચેમ્બર ઓફ કોમર્સના માનદ્ ખજાનચી સીએ મિતિષ મોદીએ સ્વાગત પ્રવચનમા જણાવ્યુ હતુ કે, જ્યારે આપણે યોગ્ય શબ્દો, યોગ્ય ભાષાશૈલી અને યોગ્ય અભિવ્યક્તિનો ઉપયોગ કરીએ છીએ ત્યારે તે માત્ર માહિતી આપતુ નથી, પરંતુ ભાવનાઓને પણ સ્પર્શે છે, જેના પરિણામે બ્રાન્ડની છબી મજબૂત બને છે, વિશ્વાસ ઊભો થાય છે અને વ્યવસાય વૃદ્ધિના નવા માર્ગો ખુલે છે.

કોર્પોરેટ ટ્રેઇનર એન્ડ લેન્ગ્વેજ કન્સલ્ટન્ટ ડો. ધર્મેન્દ્ર શેઠે જણાવ્યુ હતુ કે, આજના યુગમા ભાષા માત્ર સંવાદનુ સાધન નથી, પરંતુ માર્કેટીંગમા બ્રાન્ડ ઈમેજ ઉભી કરવા, ગ્રાહકો સાથે સંબંધ કેળવવા અને પ્રોડક્ટને યોગ્ય રીતે રજૂ કરી તેના વેચાણ માટે મહત્વનો ભાગ ભજવે છે. પ્રોડક્ટ કે સર્વિસની ગુણવત્તા જેટલુ જ મહત્વ તેના માટેના સંદેશાની અભિવ્યક્તિનુ છે. ગ્રાહકો સુધી સરળ અને અસરકારક રીતે સંદેશ પહોંચાડવા યોગ્ય ભાષાનો પ્રયોગ મહત્વનો સાબિત થાય છે. ભાષાની પસંદગી ગ્રાહકના માનસ પર સીધો પ્રભાવ પાડે છે અને યોગ્ય શબ્દોની પસંદગી માર્કેટીંગ કેમ્પેઈનને સફળ બનાવવા માટે અત્યંત જરૂરી છે.

તેમણે ઉદાહરણો આપતા સમજાવ્યુ હતુ કે, અલગ-અલગ પ્રોડક્ટ્સ અને માર્કેટ માટે ભાષા, શૈલી તથા શબ્દપ્રયોગ



**ચેમ્બરના માનદ્ ખજાનચી CA મિતિષ મોદી**



**કોર્પોરેટ ટ્રેઇનર એન્ડ લેન્ગ્વેજ કન્સલ્ટન્ટ ડો. ધર્મેન્દ્ર શેઠ**

બદલાય છે. સ્થાનિક ભાષાનો ઉપયોગ ગ્રાહકોમાં વિશ્વાસ વધારવામાં મદદરૂપ થાય છે, જ્યારે અંગ્રેજી અથવા સંબંધિત દેશની આંતરરાષ્ટ્રીય ભાષાનો યોગ્ય ઉપયોગ ગ્લોબલ માર્કેટમાં કંપનીને મજબૂત ઓળખ અપાવે છે. તેમણે ખાસ કરીને ડિજિટલ યુગમાં સોશિયલ મીડિયા, એડવર્ટાઇઝીંગ અને કન્ટેન્ટ માર્કેટીંગમાં ભાષાની ભૂમિકા વિષે વિસ્તૃત જાણકારી આપી હતી.

સેશનમાં ઉપસ્થિત ઉદ્યોગ સાહસિકો, માર્કેટીંગ પ્રોફેશનલ્સ અને વિદ્યાર્થીઓએ વક્તાને વિવિધ પ્રશ્નો પૂછી તેમના અનુભવ અને માર્ગદર્શનનો લાભ લીધો હતો.

ચેમ્બરની ડિજિટલ માર્કેટીંગ કમિટીના ચેરમેન શ્રી ભૌતિક શેઠે કાર્યક્રમની રૂપરેખા આપી વક્તાનો પરિચય આપ્યો હતો. જ્યારે કમિટીના કો-ચેરમેન શ્રી મયંક મદ્રાસીએ સેશનનું સમગ્ર સંચાલન કરી ઉપસ્થિત સર્વેનો આભાર માન્યો હતો અને સેશનનું સમાપન કર્યું હતું.

---

# ચેમ્બર ઓફ કોમર્સ અને સુરત એમ્બ્રોઇડરી એસોસીએશન દ્વારા 'સિટમે- ૨૦૨૬' એક્ઝીબીશન માટે MoU–મેમોરેન્ડમ ઓફ અન્ડરસ્ટેન્ડીંગ સાઇન કરાયું



ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઇન્ડસ્ટ્રી અને સુરત એમ્બ્રોઇડરી એસોસીએશનના સંયુક્ત ઉપક્રમે તા. ૯, ૧૦, ૧૧ અને ૧૨ જાન્યુઆરી, ૨૦૨૬ દરમ્યાન સુરત ઇન્ટરનેશનલ એક્ઝીબીશન એન્ડ કન્વેન્શન સેન્ટર, સરસાણા, સુરત ખાતે 'સિટમે- ૨૦૨૬'નું આયોજન કરવામાં આવશે. જેના અંતર્ગત ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઇન્ડસ્ટ્રી અને સુરત એમ્બ્રોઇડરી એસોસીએશનના હોદ્દેદારોએ ગુરૂવાર, તા. ૧૧ સપ્ટેમ્બર, ૨૦૨૫ના રોજ સંહતિ, સરસાણા ખાતે MoU–મેમોરેન્ડમ ઓફ અન્ડરસ્ટેન્ડીંગ સાઇન કર્યું હતું.

ચેમ્બર ઓફ કોમર્સના પ્રમુખ શ્રી નિખિલ મદ્રાસી અને સુરત એમ્બ્રોઇડરી એસોસીએશનના પ્રમુખ શ્રી મનોહર ટેકચંદાનીએ MoU–મેમોરેન્ડમ ઓફ અન્ડરસ્ટેન્ડીંગ પર સાઇન કરી હતી. આ પ્રસંગે ચેમ્બરના ઉપ પ્રમુખ શ્રી અશોક જીરાવાલા, માનદ્ મંત્રી શ્રી બિજલ જરીવાલા અને માનદ્ ખજાનચી સીએ મિતિષ મોદી તથા સુરત એમ્બ્રોઇડરી એસોસીએશનના સેક્રેટરી શ્રી દિલીપ લાઠીયા, શ્રી સંજય ઝા અને શ્રી વિરાટ શિલિંટવાલા ઉપસ્થિત રહયા હતા.

ચેમ્બર ઓફ કોમર્સના પ્રમુખ શ્રી નિખિલ મદ્રાસીએ જણાવ્યું હતું કે, સુરતનો ટેક્ષ્ટાઇલ ઉદ્યોગ પરંપરાગત રીતે વૈશ્વિક સ્તરે પોતાની ઓળખ ધરાવે છે ત્યારે 'સિટમે–૨૦૨૬' એ સુરતની ટેક્ષ્ટાઇલ મશીનરી, એમ્બ્રોઇડરી મશીનરી અને સંબંધિત ઉદ્યોગોને રાષ્ટ્રીય તેમજ આંતરરાષ્ટ્રીય સ્તરે પ્રોત્સાહન આપવા માટે એક મહત્વપૂર્ણ પ્લેટફોર્મ પૂરું પાડશે. આ એક્ઝીબીશન ઉદ્યોગોને નવી ટેકનોલોજી, ઇનોવેશન અને વેપારની તકો સાથે સીધો સંપર્ક સાધવામાં મદદરૂપ બનશે. આ એક્ઝીબીશનમાં દેશ-વિદેશના અગ્રણી ટેક્ષ્ટાઇલ મશીનરી ઉત્પાદકો, ટેકનોલોજી પ્રોવાઇડર્સ તથા

વેપારીઓ ભાગ લેશે અને સુરતના ઉદ્યોગ સાહસિકોને સીધી તક મળશે.

સુરત એમ્બ્રોઇડરી એસોસીએશનના પ્રમુખ શ્રી મનોહર ટેકચંદાનીએ જણાવ્યું હતું કે, એમ્બ્રોઇડરી ઉદ્યોગ સુરતની અર્થવ્યવસ્થાની અભિન્ન અંગ છે. SITME- 2026 દ્વારા અમે આ ક્ષેત્રને નવી દિશા આપી શકીશું. આંતરરાષ્ટ્રીય ખરીદદારો, ટેકનોલોજી સપ્લાયર્સ અને સ્થાનિક ઉદ્યોગો વચ્ચે જોડાણ વધારવા માટે આ એક્ઝીબીશન સુવર્ણ તક પૂરુ પાડશે.

MoU-મેમોરેન્ડમ ઓફ અન્ડરસ્ટેન્ડીંગ સાઇનિંગ પ્રસંગે બંને સંસ્થાઓના હોદ્દેદારોએ વિશ્વાસ વ્યક્ત કર્યો હતો કે, આ એક્ઝીબીશન સુરતને વૈશ્વિક ટેક્સટાઇલ ઉદ્યોગના નકશા પર વધુ મજબૂત સ્થાન આપશે અને નાના-મોટા તમામ ઉદ્યોગોને વૈશ્વિક સ્પર્ધા માટે તૈયાર કરશે.

સુરતના એમ્બ્રોઇડરી ઉદ્યોગને ટેક્નોલોજીના ક્ષેત્રે હજુ આગળ વધારવા અને તેને વૈશ્વિક કક્ષાએ પહોંચાડવા માટે ચેમ્બર સતત પ્રયત્નશીલ છે. જેના ભાગ રૂપે આગામી તા. ૨૪, ૨૫ અને ૨૬ સપ્ટેમ્બર, ૨૦૨૫ના રોજ ચાઇનાના શાંઘાઇ શહેરમાં યોજાઇ રહેલા CISMA 2025 (China International Sewing Equipment Exhibition) માં સુરત એમ્બ્રોઇડરી એસોસીએશનના પ્રતિનિધિ મંડળ સાથે ચેમ્બર ઓફ કોમર્સના પ્રમુખ શ્રી નિખિલ મદ્રાસી અને ઉપ પ્રમુખ શ્રી અશોક જીરાવાલા પણ એક્ઝીબીશનની મુલાકાતે જવાના છે.

# ચેમ્બર દ્વારા જીએસટી ૨.૦માં કરાયેલા સુધારા અંગે માર્ગદર્શન સત્ર યોજાયું



## જીએસટી ૨.૦માં કરાયેલા સુધારાઓથી ગ્રાહકોને સીધો ભાવ ઘટાડાનો લાભ મળશે, આરોગ્ય અને વીમા ક્ષેત્રે મોટો બોજ ઉતરશે, નાના વેપારીઓને કાગળના કામમાંથી રાહત મળશે, જો કે, ટેક્ષ્ટાઇલ – ફુટવેર ઉદ્યોગ અને સેસ આઇટીસી અંગે હજી સ્પષ્ટતા આવવાની બાકી છે : ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ નિષ્ણાંતો

ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઇન્ડસ્ટ્રી દ્વારા બુધવાર, તા. ૧૭ સપ્ટેમ્બર, ૨૦૨૫ના રોજ સાંજે ૪:૦૦ કલાકે સંહતિ, સરસાણા, સુરત ખાતે 'જીએસટી ૨.૦'માં કરાયેલા સુધારા અંગે માર્ગદર્શન સત્ર યોજાયું હતું, જેમાં એન.જે. જૈન એન્ડ એસોસિએટ્સના મેનેજિંગ પાર્ટનર સીએ નિતેશ જૈન, કથાર મહેતા એન્ડ શાહના પાર્ટનર સીએ રશ્મિન વાજા, અને પુનિત પ્રજાપતિ એન્ડ કંપનીના ફાઉન્ડર સીએ પુનિત પ્રજાપતિએ જીએસટી ૨.૦ હેઠળ કરાયેલા સુધારાઓથી ગ્રાહકો, વ્યવસાયિકો અને ઉદ્યોગોને થનારા લાભો વિશે વિસ્તૃત જાણકારી આપી હતી.



ચેમ્બરના પ્રમુખ
શ્રી નિખિલ મદ્રાસી



CA પુનિત પ્રજાપતિ



CA નિતેશ જૈન



CA રશ્મિન વાજા

ચેમ્બર ઓફ કોમર્સના પ્રમુખ શ્રી નિખિલ મદ્રાસીએ જણાવ્યુ હતુ કે ભારતીય અર્થતંત્રમા જીએસટી ૧.૦ એક ઐતિહાસિક સુધારા તરીકે સ્થાન પામ્યો છે. હવે જીએસટી ૨.૦ ના સુધારાઓ ઉદ્યોગોને વધુ પારદર્શકતા, સરળતા અને કાર્યક્ષમતા તરફ દોરી જશે. મોટા ઉદ્યોગોને વૈશ્વિક માર્કેટમા ટકી રહેવા માટે અને લઘુ ઉદ્યોગોને સ્પર્ધાત્મક થવા માટે આ સુધારા મહત્વપૂર્ણ છે. તેમણે કહ્યુ હતુ કે સુરતના ઉદ્યોગ સાહસિકોને નવી કર વ્યવસ્થા અંગે યોગ્ય સમજણ મળે અને તેઓ સરળતાથી તેનો અમલ કરી શકે તે હેતુસર આવનારા સમયમા પણ આવા માર્ગદર્શન સત્રોનુ આયોજન કરવામા આવશે.

સીએ નિતેશ જૈન, સીએ રશ્મિન વાજા અને સીએ પુનિત પ્રજાપતિએ જીએસટીના નવા નિયમો હેઠળના પ્રેક્ટિકલ અમલ તથા ઉદ્યોગોને થનારા લાભોની ચર્ચા કરી હતી. ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ નિષ્ણાતોએ જણાવ્યુ હતુ કે ભારત સરકારે ૨૨ સપ્ટેમ્બર અને ૧લી ઓક્ટોબર ૨૦૨૫થી અમલમા આવતા અનેક મહત્વપૂર્ણ જીએસટી સુધારાઓ જાહેર કર્યા છે. આ બદલાવની સીધો પ્રભાવ સામાન્ય ગ્રાહકો, નાના વેપારીઓ અને ઉદ્યોગો પર પડશે. હવે જીએસટી ફક્ત બે રેટમા કરવામા આવ્યુ છે. આવશ્યક ચીજવસ્તુઓ પર ૫ ટકા, મોટા ભાગના માલ-સામાન અને સેવાઓ પર ૧૮ ટકા અને લકઝરી ચીજવસ્તુઓ પર ૪૦ ટકા જીએસટી લાગશે. જો કે જીએસટી ૨.૦ને કારણે હવે આવશ્યક વસ્તુઓ સસ્તી થશે. કૃષિ અને હસ્તકલા ક્ષેત્રે ટ્રેક્ટર અને ખાતરના રસાયણો પર પાંચ ટકા જીએસટી દર કરવામા આવ્યો છે.

વેપારીઓ માટે સ્પષ્ટતા કરતા ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ નિષ્ણાતોએ જણાવ્યુ હતુ કે વેપારીઓએ જૂના સ્ટોક પર છપાયેલુ એમઆરપી બદલવાની ફરજ નથી. પરંતુ રી-લેબલિંગ કરવુ પડશે. દર ઘટે તો સીધો લાભ ગ્રાહકોને આપવો પડશે. જીએસટી દરમા ઘટાડાનો લાભ ગ્રાહકો સુધી પહોંચાડવો ફરજિયાત છે. ઘણી પ્રોડક્ટ્સ પરથી કમ્પન્સેશન સેસ હટાવી દેવાયો છે. જૂના સ્ટોક પર ચૂકવેલા સેસના આઈટીસી અંગે હજુ સ્પષ્ટતા બાકી છે.

વેપાર પછી આપેલા ડિસ્કાઉન્ટ પર હવે ક્રેડિટ ટેક્ષ લાગશે નહી. ગ્રાહકને મળેલા ડિસ્કાઉન્ટનો સીધો લાભ મળશે અને વેપારીઓને વધારાનો ભાર નહી પડે. જીએસટી ૨.૦મા કરાયેલા સુધારાઓથી ગ્રાહકોને સીધો ભાવ ઘટાડાનો લાભ મળશે, આરોગ્ય અને વીમા ક્ષેત્રમા મોટો બોજ ઉતરશે. નાના વેપારીઓને કાગળના કામમાંથી રાહત મળશે. જો કે ટેક્સટાઈલ - ફૂટવેર ઉદ્યોગ અને સેસ આઈટીસી અંગે હજી સ્પષ્ટતા આવવાની બાકી છે.

ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ નિષ્ણાતોએ વધુમા જણાવ્યુ હતુ કે ટેક્સટાઈલ-ફૂટવેરમા હજી અનિશ્ચિતતા દેખાઈ રહી છે. સમગ્ર માલ પર જીએસટી ઘટાડે છે, પરંતુ જોબ વર્ક પર ઊંચો ટેક્ષ યથાવત હોવાથી ઇન્વર્ટેડ ડ્યુટી સ્ટ્રક્ચર ઉભુ થાય છે. આઈએસડીમા ઇનપુટ સર્વિસિસ (જોબ વર્ક, લોજિસ્ટીક્સ, પેકેજિંગ) પર આઈટીસી રિફંડ મળતુ નથી અને આવા કેસોમા રિફંડ અંગે સરકારની સ્પષ્ટતા બાકી છે. રૂપિયા ૨ કરોડ સુધીનુ વાર્ષિક ટર્નઓવર ધરાવતા વેપારીઓને રિટર્ન ફાઇલ કરવાની ફરજ નહી રહે. હવે નવા વેપારીઓને ફક્ત ૩ દિવસમા જીએસટી રજિસ્ટ્રેશન મંજૂર થશે. હવે અપીલ તમામ કેસો સિંગલ મેમ્બર બેન્ચ દ્વારા સાંભળવામા આવશે.

ચેમ્બરના માનદ્ મંત્રી શ્રી બિજલ જરીવાલા, માનદ્ ખજાનચી સીએ મિતિષ મોદી, ઉદ્યોગ સાહસિકો, વ્યવસાયિકો, સીએ પ્રોફેશનલ્સ અને વિદ્યાર્થીઓ સત્રમા ઉપસ્થિત રહ્યા હતા.

ચેમ્બરના ગ્રુપ ચેરમેન સીએ હાર્દિક શાહે સત્રની રૂપરેખા આપી હતી. ચેમ્બરની જીએસટી કમિટીના ચેરમેન શ્રી મુકુંદ ચૌહાણે સમગ્ર સત્રનુ સંચાલન કર્યું હતુ. જ્યારે ચેમ્બરના સભ્ય સીએ શૈલેષ લાખનકીયાએ સત્રમા ઉપસ્થિત સર્વેનો આભાર માન્યો હતો.

# ચેમ્બર ઓફ કોમર્સના ૨૦ ઉદ્યોગપતિઓના પ્રતિનિધિ મંડળે દક્ષિણ ભારતના તિરુપુર, કરૂર અને ઈરોડના ટેક્ષ્ટાઈલ એકમોની મુલાકાત કરી, ઈન્ડસ્ટ્રી અને ધંધા-ઉદ્યોગની માહિતી મેળવી




ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીના ૨૦ ઉદ્યોગપતિઓના પ્રતિનિધિ મંડળે દક્ષિણ ભારતના તિરુપુર, કરૂર અને ઈરોડ ખાતેના ટેક્ષ્ટાઈલ એકમોની મુલાકાત કરી ઈન્ડસ્ટ્રી અને ધંધા-ઉદ્યોગની માહિતી મેળવી હતી. જેમાં તેઓએ બે CFC સેન્ટર (સિમ્રા (તિરુપુર) અને AIC NIFTEA)ની સાથે-સાથે તિરુપુરના બે મોટા ઉદ્યોગગૃહો ઈરોડ ખાતે ટેક્નોસ્પોર્ટવિયર પ્રાઈવેટ લિમિટેડ અને કરૂર ASIAN FABRIX પ્રાઈવેટ લિમિટેડના પ્લાન્ટની મુલાકાત કરી હતી. આ દરમિયાન તિરુપુર એક્ષ્પોર્ટ એસોસીએશન અને કરૂર ટેક્ષ્ટાઈલ મેન્યુફેક્ચરર્સ એક્ષ્પોર્ટર્સ એસોસીએશન સાથે મિટીંગ યોજીને પરસ્પરના ઉદ્યોગ-ધંધાના વિકાસમાં સહયોગી થવા માટેના MoU સાઈન કરવા બાબતે સહમત થયા હતા.

તા. ૧૬ સપ્ટેમ્બર ૨૦૨૫ના રોજ તિરુપુર એક્ષ્પોર્ટ એસોસીએશનના હોદ્દેદારો સાથે ચેમ્બરના પ્રતિનિધિ મંડળે મુલાકાત કરી. જેમાં પરસ્પર સહયોગની ચર્ચામાં વિશેષતઃ કેન્દ્ર સરકારમાં પોલિસી સંબંધિત રજૂઆતો, સુરતના એમએમએફ ટેક્ષ્ટાઈલના ઉત્પાદનોને તિરુપુર એક્ષ્પોર્ટ એસોસીએશન દ્વારા એક્ષ્પોર્ટમાં કેવી રીતે સહયોગ આપી શકાય તે અંગે, ટેક્ષ્ટાઈલ રો મટિરિયલની અવેલેબિલિટી, યુ.એસ. ટેરિફની અસરો અને તેને પહોંચવા માટેના અભિગમોનો સમાવેશ થયો હતો.

આ ઉપરાંત, અમેરિકા સિવાયના અન્ય દેશોમાં એક્ષ્પોર્ટ વધે તે અંગેની ચર્ચા કરવામાં આવી હતી. મિટીંગ દરમિયાન તિરુપુર એક્ષ્પોર્ટ એસોસિએશન અને ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી દ્વારા પરસ્પર ધંધા-ઉદ્યોગમાં સહયોગી થવા સહમતિ દર્શાવી હતી. તિરુપુર એક્ષ્પોર્ટ એસોસિએશન સુરતના એમએમએફ ઉત્પાદકોને પ્રોડક્ટને કેવી રીતે એક્ષ્પોર્ટ કરવું તે અંગે માહિતગાર કરવાની સાથે જ ચેમ્બરના સભ્યોને ઈન્ક્વાયરી આપશે. તે ઉપરાંત તેમના વતી એક્ષ્પોર્ટ કરવામાં મદદ આપવામાં આવશે તેમ જણાવ્યું હતું.

તિરુપુર ખાતે સાઉથ ઈન્ડિયા ઈમ્પોર્ટેડ મશીન્સ નીટર્સ એસોસીએશન દ્વારા એસ્ટાબ્લિશ CFC ની મુલાકાત પ્રતિનિધિ મંડળે કરી હતી. આ CFC સેન્ટર તિરુપુરના માઈક્રો અને સ્મોલ એન્ટરપ્રાઈઝીસને પ્રોડક્ટ ડેવલપમેન્ટ, રિસર્ચ એન્ડ ડેવલપમેન્ટ, સેમ્પલ ડેવલપમેન્ટની મદદ પૂરી પાડે છે. ઈન્ડિયા નીટફેર એસોસીએશન દ્વારા આયોજિત એક્ઝીબીશનની મુલાકાત લઈ સુરતના ઉદ્યોગપતિઓએ તિરુપુરના એક્ષ્પોર્ટર્સ સાથે મુલાકાત કરી ઈન્ક્વાયરીની આપ-લે કરી હતી.

AIC NIFTEA દ્વારા ગારમેન્ટ ક્ષેત્રે સંશોધન, પ્રોડક્ટ ડેવલપમેન્ટ, ડિઝાઈન ડેવલપમેન્ટ, સ્કીલ ડેવલપમેન્ટની ટ્રેનિંગ અને વર્ષે અંદાજે ૭૦૦ ગારમેન્ટ ક્ષેત્રે ગ્રેજ્યુએટ અને પોસ્ટ ગ્રેજ્યુએટ સ્કીલ્ડ વર્ક ફોર્સ ઈન્ડસ્ટ્રીને આપવામાં આવે છે. આ સંસ્થાના એક વિદ્યાર્થી દ્વારા ટેક્નોસ્પોર્ટવિયર પ્રાઈવેટ લિમિટેડની કંપનીની શરૂઆત કરવામાં આવી હતી. જેના પ્લાન્ટની પણ ચેમ્બરના પ્રતિનિધિ મંડળે મુલાકાત કરી હતી. આ કંપનીએ ભારતમાં સ્પોર્ટસવેર ક્ષેત્રે નામના મેળવી છે અને કેન્દ્ર સરકારની પીએલઆઈ સ્કીમમાં રૂ. ૧૫૦ કરોડનું રોકાણ કર્યું છે. કંપનીએ માત્ર બે વર્ષમાં વાર્ષિક રૂ. ૪૫૦ કરોડનું ટર્નઓવર મેળવેલ છે. આ કંપનીમાં વિવિંગથી માંડીને ગારમેન્ટ સુધીની સંપૂર્ણ પ્રક્રિયા થાય છે. સાથે જ કંપની અલ્ટ્રામોડર્ન ઝીરો લિક્વિડ ડિસ્ચાર્જ (ZLD) પ્લાન્ટ ધરાવે છે.

કરૂર ખાતે હોમ ટેક્ષ્ટાઈલ ક્ષેત્રે ભારતની બીજી સૌથી મોટી ટેક્ષ્ટાઈલ કંપની ASIAN FABRIX પ્રાઈવેટ લિમિટેડ જે વિશ્વની સૌથી મોટી હોમ ફર્નિશિંગ IKEA કંપનીની હોમ ટેક્ષ્ટાઈલની મુખ્ય વેન્ડર છે. આ કંપની અલ્ટ્રામોડર્ન યાર્નથી માંડીને ફિનિશ્ડ પ્રોડક્ટ બનાવે છે.

આ બંને કંપનીઓના હોદ્દેદારો દ્વારા સુરતના ઉદ્યોગપતિઓને ચીનથી આયાત કરવામાં આવતા MMF ફેબ્રિક્સના સેમ્પલ આપીને જણાવવામાં આવ્યું હતું કે, જો સુરતના ઉદ્યોગપતિઓ આયાત થતા MMF ફેબ્રિક્સનું ઉત્પાદન સુરતમાં કરશે તો તેઓ સુરતના ઉદ્યોગ સાહસિકો પાસેથી ફેબ્રિક્સની ખરીદી કરશે. સાથે જ તેઓ તેમની પાસે આવતી ઈન્ક્વાયરી પણ સુરતના ઉદ્યોગ સાહસિકોને આપશે. તેઓએ સુરતનો ટેક્ષ્ટાઈલ ઉદ્યોગ હજુ નવા આયામો હાંસલ કરે તે માટે પૂર્ણ રીતે મદદરૂપ થવાની ભાવના વ્યક્ત કરી હતી.

# SGCCI, PFRDA અને FICCI દ્વારા સંયુકતપણે 'કોર્પોરેટ્સ માટે નેશનલ પેન્શન સિસ્ટમ (NPS)' વિષે ઈન્ટરેકિટવ સેશન યોજાયું



## નેશનલ પેન્શન સિસ્ટમ (NPS) માત્ર પેન્શન યોજના નથી, પરંતુ શિસ્તબદ્ધ બચત અને આર્થિક સુરક્ષાનો એક મજબૂત પાયાનો સ્તંભ છે : પેન્શન ફંડ રેગ્યુલેટરી એન્ડ ડેવલપમેન્ટ ઓથોરિટી (PFRDA)ના ચીફ જનરલ મેનેજર શ્રી સુમિત કુમાર

ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઇન્ડસ્ટ્રી તથા પેન્શન ફંડ રેગ્યુલેટરી એન્ડ ડેવલપમેન્ટ ઓથોરિટી (PFRDA) અને ફેડરેશન ઓફ ઇન્ડિયન ચેમ્બર્સ ઓફ કોમર્સ એન્ડ ઇન્ડસ્ટ્રી (FICCI)ના સંયુક્ત ઉપક્રમે શુક્રવાર, તા. ૧૯ સપ્ટેમ્બર, ૨૦૨૫ના રોજ બપોરે ૩:૦૦ કલાકે સંહતિ, સરસાણા, સુરત ખાતે નેશનલ પેન્શન સીસ્ટમ (NPS) વિષે ઇન્ટરેકિટવ સેશન યોજાયું હતું.

૧૪ સપ્ટેમ્બર, ૨૦૨૫ સુધીમાં નેશનલ પેન્શન સિસ્ટમ અને અટલ પેન્શન યોજના અંતર્ગત કુલ રકમ રૂપિયા ૧૫.૭૭ લાખ કરોડ સુધી પહોંચી છે અને દેશભરમાં ૮.૯૨ કરોડથી વધુ સબસ્ક્રાઇબર્સ જોડાયા છે. નેશનલ પેન્શન સિસ્ટમ હેઠળ ગુજરાત આખા ભારતમાં પ્રાઇવેટ સેકટરમાં ભાગીદારી બાબતે આગવું રાજ્ય બની રહ્યું છે, જ્યાં ૩,૬૬,૫૮૫થી વધુ સબસ્ક્રાઇબર્સ અને ૧૫૦૦થી વધુ કોર્પોરેટ્સ નોંધાયા છે. ગુજરાત રાજ્યનું આર્થિક કેન્દ્ર સુરત, જે એમએસએમઇ અને કોર્પોરેટ સેકટર માટે જાણીતું છે ત્યાં પણ નેશનલ પેન્શન સિસ્ટમ અંગે જાગૃતિ જોવા મળી રહી છે.

ચેમ્બર ઓફ કોમર્સના પ્રમુખ શ્રી નિખિલ મદ્રાસીએ સ્વાગત



ચેમ્બરના પ્રમુખ
શ્રી નિખિલ મદ્રાસી



PFRDAના ચીફ જનરલ મેનેજર
શ્રી સુમિત કુમાર



PFRDAના આસિસ્ટન્ટ GM મીસ
ખુશ્બુ શુકલા



CA શ્રી પ્રફ્રેશ જગાશેઠ



FICCI - ગુજરાત સ્ટેટ કાઉન્સીલ હેડ શ્રી બિજુ નામ્બૂથિરિ

પ્રવચન કરતા જણાવ્યુ હતુ કે, આ કાર્યક્રમનો હેતુ કોર્પોરેટ્સને નેશનલ પેન્શન સિસ્ટમની રચના, તેના ટેક્ષ લાભો અને દીર્ઘકાલીન આર્થિક સુરક્ષામા તેની ભુમિકા વિષે માર્ગદર્શન આપવાનો હતો.

પેન્શન ફંડ રેગ્યુલેટરી એન્ડ ડેવલપમેન્ટ ઓથોરિટી (PFRDA)ના ચીફ જનરલ મેનેજર શ્રી સુમિત કુમારે જણાવ્યુ હતુ કે, નેશનલ પેન્શન સિસ્ટમ (NPS) માત્ર પેન્શન યોજના નથી, પરંતુ શિસ્તબદ્ધ બચત અને આર્થિક સુરક્ષાનો એક મજબુત પાયાનો સ્તંભ છે.

પેન્શન ફંડ રેગ્યુલેટરી એન્ડ ડેવલપમેન્ટ ઓથોરિટી (PFRDA)ના આસિસ્ટન્ટ જનરલ મેનેજર મિસ પુષ્પુ શુક્લાએ નેશનલ પેન્શન સિસ્ટમ હેઠળ રિટાયરમેન્ટ બેનિફીટ સ્કીમ અંગે વિસ્તૃત જાણકારી આપી હતી. જ્યારે ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ શ્રી પ્રફ્રેશ જગાશેઠે નેશનલ પેન્શન સિસ્ટમના ફાયદા અને ટેક્ષના લાભો વિષે વિસ્તૃત માહિતી આપી હતી.

ફિક્કી- ગુજરાત સ્ટેટ કાઉન્સીલ હેડ શ્રી બિજુ નામ્બુથિરિએ જાગૃતિ વધારવા પર ભાર મુકતા જણાવ્યુ હતુ કે, રિટાયરમેન્ટ પ્લાનિંગમા નેશનલ પેન્શન સિસ્ટમ એક વિશ્વસનીય સાધન બની રહ્યુ છે.

ચેમ્બરના માનદ્ મંત્રી શ્રી બિજલ જરીવાલા, માનદ્ ખજાનચી સીએ મિનિષ મોદી, ઉદ્યોગ સાહસિકો અને કોર્પોરેટ્સના પ્રતિનિધિઓ સેશનમા ઉપસ્થિત રહયા હતા. ચેમ્બરની લેબર લો કમિટીના ચેરમેન શ્રી રોહિત રવાણીએ સેશનનુ સમગ્ર સંચાલન કર્યુ હતુ.

# ચેમ્બરની ભારતના કેન્દ્રિય નાણાંમંત્રી અને સીબીડીટી ચેરમેનને નાણાંકીય વર્ષ ૨૦૨૪-૨૫ માટેના ટેક્ષ ઓડિટ રિપોર્ટ્સ તથા પબ્લિક ટ્રસ્ટ અને સોસાયટીના નોંધણીના રિન્યુઅલ્સ રજૂ કરવાની તારીખ લંબાવવા માટે લેખિતમાં રજૂઆત

ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઇન્ડસ્ટ્રી દ્વારા ભારતના કેન્દ્રિય નાણાંમંત્રી શ્રીમતી નિર્મલા સીતારમણ અને સેન્ટ્રલ બોર્ડ ઓફ ડાયરેક્ટ ટેક્ષીસ (CBDT)ના ચેરમેન શ્રી રવિ અગ્રવાલ (IRS)ને નાણાંકીય વર્ષ ૨૦૨૪-૨૫ માટેના ટેક્ષ ઓડિટ રિપોર્ટ્સ તથા પબ્લિક ટ્રસ્ટ અને સોસાયટીના નોંધણીના રિન્યુઅલ્સ રજૂ કરવાની તારીખ લંબાવવા માટે લેખિતમાં રજૂઆત મોકલવામાં આવી છે.

ચેમ્બર ઓફ કોમર્સના પ્રમુખ શ્રી નિખિલ મદ્રાસીએ જણાવ્યુ હતુ કે ચેમ્બરે નોંધ્યુ છે કે ભલે બિન-ઓડિટ ફાઇલર્સ માટે તારીખમા વધારો આપવામા આવ્યો છે, પરંતુ ટેક્ષ ઓડિટ હેઠળ આવતા વ્યવસાયિકો તથા કરદાતાઓને હજી પણ પોર્ટલની ખામીઓ, અંતિમ આઇટીઆર યુટિલિટી મોડેથી જાહેર થવી, ફોર્મેટમા અનેક ફેરફારો તથા ઓછા કાર્યકારી દિવસોના સંકુચિત કેલેન્ડરની મુશ્કેલીઓનો વારંવાર સામનો કરવો પડી રહ્યો છે. જો આ બાબતોનુ નિરાકરણ નહીં આવે તો રજૂઆતમા ભૂલો થવાની શક્યતા રહેશે, જેના કારણે ફરી સુધારા કરવાની જરૂર પડશે. એના કારણે વધારાનુ પ્રશાસકીય ભારણ વધશે અને અનુપાલનની ગુણવત્તા ઉપર પણ અસર થશે. આ મુશ્કેલીઓને ધ્યાનમા રાખીને ચેમ્બર ઓફ કોમર્સ દ્વારા ટેક્ષ ઓડિટ રિપોર્ટ્સ તથા સંબંધિત રિટર્ન્સ ફાઇલ કરવાની તારીખ ૩૧ ડિસેમ્બર, ૨૦૨૫ સુધી લંબાવવાની વિનંતી કરવામા આવી છે.

# ભારતીય એક્સપોર્ટર્સને ક્વૉલિટી પ્રોડક્ટ હોવા છતાં પ્રોપર કોમ્યુનિકેશનના અભાવને કારણે વૈશ્વિક બાયર્સને કન્વર્ટ કરવામાં મુશ્કેલી પડે છે : શ્રી અમિત મુલાણી



**નિકાસકાર, આંતરરાષ્ટ્રીય વેપાર નિષ્ણાત અને કોર્પોરેટ ટ્રેઈનર શ્રી અમિત મુલાણી**

ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઇન્ડસ્ટ્રી દ્વારા તાજેતરમાં જ સમૃદ્ધિ, નાનપુરા, સુરત ખાતે એક્સપોર્ટ-ઇમ્પોર્ટની તકો વિષે ઇન્ટરેક્ટીવ સેશન યોજાયું હતું. જેમાં અનુભવી નિકાસકાર, આંતરરાષ્ટ્રીય વેપાર નિષ્ણાત અને કોર્પોરેટ ટ્રેઈનર શ્રી અમિત મુલાણીએ એક્સપોર્ટરોને વિસ્તૃત જાણકારી આપી હતી.

ચેમ્બર ઓફ કોમર્સના પ્રમુખ શ્રી નિખિલ મદ્રાસીએ જણાવ્યું હતું કે, સુરત સહિત દક્ષિણ ગુજરાતનો ઉદ્યોગ હવે વૈશ્વિક સ્તરે પોતાની છાપ છોડવા માટે સજ્જ છે. એક્સપોર્ટ-ઇમ્પોર્ટ ક્ષેત્રમાં અપાર તકો ઉપલબ્ધ છે, પરંતુ યોગ્ય માર્ગદર્શન અને અસરકારક કોમ્યુનિકેશન સ્ટ્રેટેજી વિના તેનો પૂરતો લાભ લઈ શકાતો નથી. ચેમ્બર દ્વારા આવા ઇન્ટરેક્ટીવ સેશન્સનું આયોજન કરવાનો હેતુ ઉદ્યોગ સાહસિકો અને નિકાસકારોને આંતરરાષ્ટ્રીય બજારમાં સફળતાપૂર્વક પ્રવેશ કરવા જરૂરી જાણકારી તથા કુશળતા પ્રદાન કરવાનો છે. આ પહેલ ઉદ્યોગોને વધુ સ્પર્ધાત્મક બનાવશે અને સુરતને ગ્લોબલ ટ્રેડ હબ તરીકે સ્થિર કરવાની દિશામાં મદદરૂપ થશે.

અનુભવી નિકાસકાર, આંતરરાષ્ટ્રીય વેપાર નિષ્ણાત અને કોર્પોરેટ ટ્રેઈનર શ્રી અમિત મુલાણીએ જણાવ્યું હતું કે, આજના વૈશ્વિક યુગમાં ભારતીય પ્રોડક્ટ્સની માંગમાં કોઈ ઘટાડો નથી. ટેક્સટાઇલથી લઈને જ્વેલરી અને નેચરલ સ્ટોન્સ સુધીના પ્રોડક્ટની ક્વોલિટી વિશ્વભરમાં વખણાય છે. છતાંય, ઘણા એક્સપોર્ટર્સ હજુ પણ ઇન્કવાયરીને વાસ્તવિક ડીલમાં ફેરવવામાં સંઘર્ષ કરી રહ્યા છે. ક્વોલિટી પ્રોડક્ટ હોવા છતાં પ્રોપર કોમ્યુનિકેશનના અભાવને કારણે ભારતીય એક્સપોર્ટર્સને વૈશ્વિક બાયર્સને કન્વર્ટ કરવામાં મુશ્કેલી પડે છે.

તેમણે જણાવ્યું હતું કે, લીન્કડીન, ઇન્ટરનેશનલ ટ્રેડ ફેર અને બીટુબી પોર્ટલ્સ જેવા પ્લેટફોર્મ પર બાયર્સ સરળતાથી મળી જાય છે, પરંતુ નબળું પિચિંગ, ખરાબ ફોલોઅપ અને બાયર્સની સાઇકોલોજી ન સમજવાને કારણે એક્સપોર્ટર્સ ડીલને સફળ કરવામાં મોટા ભાગના એક્સપોર્ટર્સ હારી જાય છે. ઘણા એક્સપોર્ટર્સ એવું માને છે કે એક વાર બાયર મળી જાય એટલે કામ પૂરું થઈ ગયું, પરંતુ હકીકતમાં તો આ માત્ર શરૂઆત છે.

શ્રી અમિત મુલાણીએ કહ્યું હતું કે, ગ્લોબલ બાયર્સને વિશ્વાસ જોઈએ. જો તમારી પિચ અસ્પષ્ટ છે, કોમ્યુનિકેશનમાં સ્ટ્રક્ચર નથી અથવા પહેલા મેસેજ બાદ તમે ગાયબ થઈ જાઓ છો તો ડીલ પહેલેથી જ તમે ગુમાવી બેસો છો. સાચી મુશ્કેલી બાયર શોધવાની નથી, પરંતુ વિશ્વાસ બાંધવાની અને સતત પોતાની વેલ્યુ પ્રેઝન્ટ કરવાની છે. નાના સ્તરના એક્સપોર્ટર્સ પણ લાંબા ગાળાના આંતરરાષ્ટ્રીય સંબંધો બનાવી શકે છે, જો તેઓ પ્રોફેશનલ અભિગમ અપનાવે અને ફોલોઅપમાં શિસ્ત જાળવે.

તેમણે વધુમાં જણાવ્યું હતું કે, પ્રોડક્ટની ક્વોલિટી એક્સપોર્ટ માટેની પહેલી બારી ખોલે છે, પરંતુ કોમ્યુનિકેશન, કન્સિસ્ટન્સી અને બાયરની સમજ એ બારી ખુલી રાખે છે. ભારતની સાચી એક્સપોર્ટ ક્ષમતા ત્યારે જ અનલોક થશે જ્યારે બિઝનેસ તેમની પ્રોડક્ટની તાકાત સાથે યોગ્ય વૈશ્વિક માઇન્ડસેટ જોડશે.

# "Good Habits for Good Health - Future-proof Your Health" વિષે સેશન યોજાયું



## યોગ્ય આહાર, પૂરતી ઊંઘ, નિયમિત વ્યાયામ અને તણાવનું મેનેજમેન્ટ જેવી સારી આદતો અપનાવીને આરોગ્યને ફ્યુચર-પ્રૂફ કરી શકાય છે : સિનિયર ન્યુટ્રિશનિસ્ટ જીનલ શાહ (મુંબઈ)

ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઇન્ડસ્ટ્રી દ્વારા હેલ્થ સિરીઝ અંતર્ગત રવિવાર, તા. ૨૧ સપ્ટેમ્બર, ૨૦૨૫ના રોજ સવારે ૧૦.૩૦ કલાકે સમૃદ્ધિ, નાનપુરા, સુરત ખાતે "Good Habits for Good Health - Future-proof Your Health" વિષે અવેરનેસ સેશન યોજાયું હતું, જેમાં સિનિયર ન્યુટ્રિશનિસ્ટ જીનલ શાહે (મુંબઈ) આરોગ્ય માટે જરૂરી સારી આદતો અપનાવવા અંગે વિસ્તૃત માર્ગદર્શન આપ્યું હતું.

ચેમ્બર ઓફ કોમર્સના પ્રમુખ શ્રી નિખિલ મદ્રાસીએ જણાવ્યું હતું કે, ચેમ્બર હંમેશા વેપાર, ઉદ્યોગ તેમજ સમાજના સર્વાંગી વિકાસ માટે પ્રતિબદ્ધ રહે છે. હેલ્થ સિરીઝ અંતર્ગત આયોજિત વિવિધ સેશન એ જ દિશામાં એક મહત્વપૂર્ણ પહેલ છે. સ્વસ્થ વ્યવસાયિકો, નાગરિકો અને સ્વસ્થ વર્કફોર્સ જ શહેર અને ઉદ્યોગોના વિકાસને વેગ આપી શકે છે.

સિનિયર ન્યુટ્રિશનિસ્ટ મિસ જીનલ શાહે જણાવ્યું હતું કે



ચેમ્બરના પ્રમુખ શ્રી નિખિલ મદ્રાસી



સિનિયર ન્યુટ્રિશનિસ્ટ મિસ જીનલ શાહ

આજની દોડધામવાળી જીવનશૈલીમાં લોકો ઘણી વાર પોતાનું આરોગ્ય અવગણે છે, જે ભવિષ્યમાં ગંભીર સમસ્યાઓનું કારણ બની શકે છે. યોગ્ય આહાર, પૂરતી ઊંઘ, નિયમિત વ્યાયામ અને તણાવથી દૂર રહેવું જેવી સારી આદતો અપનાવીને આરોગ્યને ફ્યુચર-પ્રૂફ કરી શકાય છે. તેમણે કહ્યું હતું કે યુવાનોમાં ફાસ્ટ ફૂડની ટેવ, અનિયમિત જીવનશૈલી અને ઊંઘનો અભાવ મોટું ચિંતાજનક કારણ છે. આ બદલાય તો જ 'ગુડ હેબિટ્સ ફોર ગુડ હેલ્થ'નો સાચો અર્થ સાકાર થઈ શકે.

તેમણે વધુમાં જણાવ્યું હતું કે, સ્વસ્થ જીવન માટે સારી આદતો અપનાવવી અત્યંત જરૂરી છે. સારી આદતો લાંબા ગાળે આરોગ્યને મજબૂત રાખે છે. જો આપણે આજથી જ સારા હેબિટ્સ પર ધ્યાન આપીએ, તો ભવિષ્યમાં મોટી આરોગ્ય સમસ્યાઓથી બચી શકીએ તેમ છે.

ચેમ્બરના માનદ્ મંત્રી શ્રી બિજલ જરીવાલા, એસજીસીસીઆઈ એજ્યુકેશન એન્ડ સ્કીલ ડેવલપમેન્ટ સેન્ટરના ચેરમેન શ્રી મહેશ પમનાની અને શહેરીજનો સેશનમાં ઉપસ્થિત રહ્યા હતા. ચેમ્બરના ગ્રુપ ચેરમેન ડૉ. વિજય શહડિયાએ વક્તાનો પરિચય આપ્યો હતો. ચેમ્બરની આયુષ કમિટીના ચેરપર્સન ડૉ. મન્થાલીએ સેશનનું સંચાલન કરી ઉપસ્થિત સર્વેનો આભાર માન્યો હતો. કમિટીના કો-ચેરપર્સન ડૉ. સોનિયા અડાનીએ કાર્યક્રમની રૂપરેખા આપી હતી. આ સેશનમાં ઉપસ્થિતોના ન્યુટ્રિશન અને હેલ્ધી લાઈફ સ્ટાઈલ સંબંધિત વિવિધ પ્રશ્નોના વક્તાએ જવાબ આપ્યા હતા અને ત્યારબાદ સેશનનું સમાપન થયું હતું.

# ગુજરાત સ્કીમ ફોર અસિસ્ટન્સ ટુ સ્પેસિફિક સેકટર્સ ઓફ ટેક્ષટાઇલ વેલ્યુ ચેઈન- ૨૦૧૯ હેઠળ મંજૂર થયેલા દાવાઓની બાકી રકમ ચૂકવવા માટે નાણાંની ફાળવણી કરવા ચેમ્બર ઓફ કોમર્સની ગુજરાતના ઉદ્યોગ કમિશ્નરને લેખિતમાં રજૂઆત

ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઇન્ડસ્ટ્રી દ્વારા ગુજરાત સ્કીમ ફોર આસિસ્ટન્સ ટુ સ્પેસિફિક સેક્ટર્સ ઓફ ટેક્ષટાઇલ વેલ્યુ ચેઈન- ૨૦૧૯ હેઠળ મંજૂર થયેલા દાવાઓની બાકી રકમ ચૂકવવા માટે નાણાંની ફાળવણી કરવા ઉદ્યોગ કમિશનરને ગતરોજ લેખિતમાં રજૂઆત પાઠવવામાં આવી હતી.

ચેમ્બર ઓફ કોમર્સના પ્રમુખ શ્રી નિખિલ મદ્રાસીએ જણાવ્યું હતું કે ચેમ્બર દ્વારા ગુજરાતના ઉદ્યોગ કમિશનર શ્રી સ્વરૂપ પી. (IAS)ને કરાયેલી રજૂઆતમાં જણાવવામાં આવ્યું છે કે દરેક વર્ષે દિવાળી પૂર્વે ઉદ્યોગ વિભાગ દ્વારા વિવિધ ઔદ્યોગિક નીતિ હેઠળની સબસિડી ફાઇલોના બેકલોગ ક્લીયર કરવામાં આવે છે. પરંતુ ટેક્ષટાઇલ વેલ્યુ ચેઈન- ૨૦૧૯ની સ્પેસિફિક સેક્ટર્સ માટેની સહાય યોજના હેઠળ ફેબ્રુઆરી ૨૦૨૫ બાદ મંજૂર થયેલા દાવાઓમાં હજુ સુધી કોઈ નાણાંની ફાળવણી કરવામાં આવી નથી.

ગુજરાતના ઉદ્યોગ કમિશનરને રજૂઆતમાં જણાવવામાં આવ્યું છે કે, ઉપરોક્ત સ્કીમ હેઠળ મંજૂર દાવાઓની બાકી રકમ આશરે રૂપિયા ૫૦૦ કરોડ જેટલી છે. આથી આ યોજનાના સંબંધિત ઉદ્યોગ સાહસિકોને નાણાં વહેલી તકે ફાળવી આપવામાં આવે, જેથી દિવાળી પૂર્વે આટલો મોટો બેકલોગ ક્લીયર કરી શકાય તેવી વિનંતિ ચેમ્બર દ્વારા કરવામાં આવી હતી.

# જી.ડી. ગોએન્કા સ્કૂલમાં ટ્રાફિક અવેરનેસ પ્રોગ્રામ યોજાયો



## સ્કૂલના વિદ્યાર્થીઓ તથા સ્કૂલ વાનના ચાલકોને ટ્રાફિક નિયમન અને રોડ સેફટી માટેના ટ્રાફિકના નિયમો વિષે વિસ્તૃત જાણકારી આપવામાં આવી

ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી દ્વારા શુક્રવાર, તા. ૧૯ સપ્ટેમ્બર, ૨૦૨૫ના રોજ સવારે ૧૦:૦૦ કલાકે જી.ડી. ગોએન્કા સ્કૂલમાં ટ્રાફિક અવેરનેસ પ્રોગ્રામ યોજાયો હતો. જેમાં વિદ્યાર્થીઓ તથા સ્કૂલ વાનના ચાલકોને ટ્રાફિક નિયમન અને રોડ સેફટી માટે ટ્રાફિકના નિયમો વિષે જાણકારી આપવામાં આવી હતી.

ચેમ્બરની ટ્રાફિક એજ્યુકેશન એન્ડ અવેરનેસ કમિટીના ચેરપર્સન સુશ્રી કામિનીબેન ડુમસવાલાએ વિદ્યાર્થીઓને રોડ પર વાહન ચલાવવું એ જવાબદારીનું કામ છે તેમ કહીને વાહન ચલાવતી વખતે હેલ્મેટ પહેરવું કેટલું મહત્વનું છે તેના વિષે સમજણ આપી હતી. સાથે જ ટ્રાફિકના સિગ્નલ અને નાની ઉંમરે વાહન ચલાવવાથી તેમજ રોંગ સાઈડમાં વાહન ચલાવવાથી અને ચાલુ વાહને મોબાઈલનો ઉપયોગ કરવાથી થતા ગંભીર અકસ્માતોની માહિતી આપી અકસ્માતોથી બચવા માટે વિદ્યાર્થીઓને ઉપયોગી માર્ગદર્શન આપ્યું હતું.

ડિસ્ટ્રિક્ટ ટ્રાફિક એજ્યુકેશન એન્ડ વેલ્ફેર સોસાયટીના પ્રેસિડેન્ટ અને રોડ સેફટી ટ્રેઈનર શ્રી બ્રિજેશ વર્મા, ચેમ્બરની ટ્રાફિક એજ્યુકેશન એન્ડ અવેરનેસ કમિટીના સભ્ય સુશ્રી અર્ચના દેસાઈ, સ્કૂલના પ્રિન્સીપાલશ્રી, શિક્ષકો અને વિદ્યાર્થીઓ સેમિનારમાં ઉપસ્થિત રહ્યા હતા.

# કામદારોના આરોગ્ય માટે ચિંતન: ચેમ્બર ઓફ કોમર્સ દ્વારા પર્યાવરણ મંત્રાલય અને અન્ય સંસ્થાઓના સહયોગથી જાગૃતિ સત્ર યોજાયું



ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી દ્વારા ભારત સરકારના પર્યાવરણ, વન અને આબોહવા પરિવર્તન મંત્રાલય, ભારતીય તબીબી સંશોધન પરિષદ (ICMR), રાષ્ટ્રીય વ્યવસાયિક આરોગ્ય સંસ્થા અને આજીવિકા બ્યુરોના સહયોગથી મંગળવાર, તા. ૨૩ સપ્ટેમ્બર, ૨૦૨૫ના રોજ સાંજે ૫:૩૦ કલાકે સરસાણા, સુરત ખાતે 'કામદારોના આરોગ્ય પર વાયુ પ્રદૂષણ, ઘોંઘાટ અને ગરમીના તણાવની અસર' વિષે જાગૃતિ સત્રનું આયોજન કરવામાં આવ્યું હતું.

ચેમ્બર ઓફ કોમર્સના માનદ્ મંત્રી શ્રી બિજલ જરીવાલાએ આવકાર પ્રવચનમાં જણાવ્યું હતું કે, ચેમ્બર હંમેશા આવા જાગૃતિ કાર્યક્રમો યોજી ઉપયોગી માર્ગદર્શન પૂરું પાડે છે. આજનું સત્ર ખૂબ મહત્ત્વપૂર્ણ છે, તેનાથી સ્થાનિક ઉદ્યોગને નવી દિશા મળશે અને કામદારોના આરોગ્ય પ્રત્યે તેઓ વધુ સંવેદનશીલ બનશે.

આઈસીએમઆર- નેશનલ ઈન્સ્ટિટ્યુટ ઓફ ઓક્યુપેશનલ હેલ્થના ટેકનિકલ ઓફિસર શ્રી સંજય કોઠિયાએ ધ્વનિ પ્રદૂષણ અને વધુ પડતી ગરમીની આપણા શરીર પર થતી અસરો વિશે વિગતે સમજણ આપી હતી. તેમણે કહ્યું હતું કે, અવાજ કરતા મશીનો જ નહીં, એરપોડ્સ-હેડફોન વગેરેથી ગીતો સાંભળવાથી પણ આપણા કાન પર વિપરિત અસરો થાય છે. સુરતમાં એમ્બ્રોઈડરી, વિવિંગમાં મશીનોથી અવાજ વધુ થાય છે. જેને કારણે ૩૦% કામદારો એનાથી પીડાય છે. ધ્વનિ પ્રદૂષણથી આવતી કામચલાઉ અને કાયમી બહેરાશ વિશે સમજણ આપતા તેમણે કહ્યું કે તેને અમુક પગલા લઈ અટકાવી શકાય છે પણ કાયમી બહેરાશ આવી જાય તો એને પલટાવી શકાતી નથી.

વધુમાં તેમણે સમજાવ્યું હતું કે કાર્યસ્થળે જો ૩ ફૂટ દૂરથી પણ મોટા અવાજે વાત કરવી પડે તો સમજી જવાનું કે તમે ઘોંઘાટિયા વાતાવરણમાં કામ કરો છો. એવામાં હિયરિંગ પ્રોટેક્ટિવનો ઉપયોગ કરી શકાય છે. કામના સ્થળોએ જ નહીં, પણ આપણી આસપાસ પણ આપણે ધ્વનિ પ્રદૂષણથી સચેત રહેવાની જરૂર છે. મોટા અવાજે વાગતા ડીજે પાસેથી પસાર થવામાં હાર્ટ રેટ વધી જાય છે. સતત હેડફોન લગાવીને કામ કરવાથી કાનમાં ચેપનું જોખમ પણ રહે છે અને તે ખતરનાક પણ છે, કાન મગજ સુધી જાય છે, એટલે એને પણ નુકસાન થઈ શકે છે. ધ્વનિ પ્રદૂષણથી કેવી રીતે બચવું તેની ટિપ્સ આપતા તેમણે કહ્યું કે અમારી સંસ્થા પણ ઘણા પગલા લે છે. અમે અવાજનું પ્રદૂષણ માપીએ, પર્સનલ નોઈઝ ડેસિમીટર પણ લગાવીએ. આ બધા અત્યાધુનિક ઉપકરણો છે.



ચેમ્બરના માનદ્ મંત્રી
શ્રી બિજલ જરીવાલા



ICMR – ટેકનિકલ ઓફિસર
શ્રી સંજય કોટડિયા



ICMR – ટેકનિકલ આસિસ્ટન્ટ
શ્રી મોહમ્મદ ઈદ્રિશ શેખ

આઈસીએમઆર- નેશનલ ઈન્સ્ટિટ્યુટ ઓફ ઓક્યુપેશનલ હેલ્થના ટેકનિકલ આસિસ્ટન્ટ શ્રી મોહમ્મદ ઈદ્રિશ શેખે હવાના પ્રદૂષણની અસરો વિશે સમજણ આપી હતી. તેમણે હવાનું પ્રદૂષણ કરતા ઘટકો વિશે વાત કરી, તેની આરોગ્ય પર થતી માઠી અસર વિશે સમજણ આપી હતી અને કેવી રીતે તેને ઘટાડી શકાય તેના ઉપાયો પર વાત કરી હતી.

ચેમ્બરની એન્વાયરમેન્ટ, પોલ્યુશન કન્ટ્રોલ અને વેસ્ટ મેનેજમેન્ટ કમિટીના ચેરમેન શ્રી કુન્હાલ શાહે કાર્યક્રમની રૂપરેખા આપતા જણાવ્યું હતું કે, ઉદ્યોગોમાં કોલસા, વધુ અવાજ કરતા મશીનો સહિતના પરિબળોને લીધે કામદારો પર તેની ઘેરી અસર થતી હોય છે. સામાન્ય રીતે તેનો ખ્યાલ જ નથી આવતો કે લાંબા ગાળે શું અસર થાય છે. આથી કામદારોનું આરોગ્ય પણ સાચવવાનું છે.

નેશનલ ઈન્સ્ટિટ્યુટ ઓફ ઓક્યુપેશનલ હેલ્થ- અમદાવાદના પ્રોગ્રામ ઓફિસર સુશ્રી પારુલ વત્સ અને ઈન્ફર્મેશન ઓફિસર શ્રી અજય નીરજે એન્વાયરમેન્ટલ ઈન્ફોર્મેશન, અવેરનેસ, કેપેસિટી બિલ્ડિંગ એન્ડ લાઈવલીહુડ પ્રોગ્રામ વિશે માહિતી આપી હતી.

આજીવિકા બ્યુરોના અધિકારી શ્રી શરદ ઝગડેએ જાગૃતિ સત્રમાં ઉપસ્થિત સર્વેનો આભાર માન્યો હતો. આ પ્રસંગે ચેમ્બરના માનદ્ ખજાનચી સીએ મિતિષ મોદી, ઉદ્યોગ જગતના પ્રતિનિધિઓ, વ્યવસાયિકો અને કામદારો ઉપસ્થિત રહ્યા હતા. ચેમ્બરના ડેપ્યુટી સેક્રેટરી શ્રી પોલિક દેસાઈએ કાર્યક્રમનું સંચાલન કર્યું હતું.

## ‘Australia-India Circular Synergies: Transforming Waste into Opportunities’ વિશે સેશન યોજાયું




ચેમ્બરના માનદ્ ખજાનચી CA મિતિષ મોદી



**મિસ નેહા મોદી**

# જ્યારે પ્રોડક્ટ પર રિસાયકલિંગ પ્રક્રિયા કરીને રિયુઝ કરવા માટે તૈયાર કરવામાં આવે છે, ત્યારે મહત્વનું છે કે પ્રોડક્ટની ગુણવત્તા જળવાઈ રહેઃ નેહા મોદી

ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઇન્ડસ્ટ્રી દ્વારા મંગળવાર, તા. ૨૩ સપ્ટેમ્બર ૨૦૨૫ના રોજ સાંજે ૦૫:૦૦ કલાકે, સંહતિ, સરસાણા, સુરત ખાતે 'Australia-India Circular Synergies: Transforming Waste into Opportunities' વિષે સેશન યોજાયું હતું. જેમાં ઓસ્ટ્રેલિયાના ક્લીનઅવે કંપનીના ઇનોવેશન અને સર્ક્યુલારિટીના બિઝનેસ પાર્ટનર નેહા મોદીએ સુરતના ઉદ્યોગ સાહસિકોને વેસ્ટ મેનેજમેન્ટ અને સસ્ટેનેબિલીટી વિષે માહિતી આપી હતી.

ચેમ્બર ઓફ કોમર્સના માનદ્ ખજાનચી સીએ મિતિષ મોદીએ સ્વાગત પ્રવચન કરતા જણાવ્યું હતું કે, 'આપણે સૌ જાણીએ છીએ કે વિકાસ સાથે કચરાનું પ્રમાણ વધે છે. પણ પ્રશ્ન એ છે કે શું કચરો માત્ર બોજ છે? કે પછી તે આપણા માટે તક બની શકે? આજની દુનિયામાં 'Circular Economy' એ બતાવ્યું છે કે કચરો એટલે સમસ્યા નહીં, પણ એક સંસાધન છે. એને યોગ્ય રીતે ઉપયોગમાં લઈએ તો પર્યાવરણને રક્ષણ આપી શકીએ, ઉદ્યોગ માટે નવા રસ્તા ખોલી શકીએ અને સૌથી મહત્વનું – ટકાઉ ભવિષ્યની રચના કરી શકીએ. રિસાયકલીંગ ઇન્ડસ્ટ્રીઝ, કચરામાંથી ઊર્જા ઉત્પન્ન કરવાની યુનિટ્સ, પ્લાસ્ટિક પેલેટાઈઝિંગ પ્લાન્ટ્સ, ટેક્સટાઈલ રિસાયકલીંગ જેવા પ્રોજેક્ટ્સ રોજગાર અને નવા બિઝનેસની તકો ઉભી કરે છે. આથી સ્થાનિક અર્થતંત્ર મજબૂત બને છે.'

નેહા મોદીએ જણાવ્યું હતું કે, 'વિશ્વમાં સૌથી વધુ કાપડનો ઉપયોગ ઓસ્ટ્રેલિયામાં થાય છે. ઓસ્ટ્રેલિયા તેના કુલ આયાતના માત્ર ૮% કાપડની જ આયાત ભારતમાંથી કરે છે. ઓસ્ટ્રેલિયાની જેમ ભારતે પણ ટેક્સટાઈલના રિસાયકલિંગ ક્ષેત્રે વધુ કાર્ય કરવાની જરૂર છે. જ્યારે પ્રોડક્ટ પર રિસાયકલીંગ પ્રક્રિયા કરીને રિયુઝ કરવા માટે તૈયાર કરવામાં આવે છે, ત્યારે મહત્વનું છે કે પ્રોડક્ટની ગુણવત્તા જળવાઈ રહે. પેકેજિંગ જેવા ક્ષેત્રમાં ૩૦% રિસાયકલીંગ વસ્તુઓનો ઉપયોગ કરવા માટે સરકારે પ્રોત્સાહન આપવા જેવી યોજનાઓ ઉપર વિચાર કરવો જોઈએ.'

તેમણે વધુમાં જણાવ્યું હતું કે, 'ભારતમાં લોકો હજુ પણ સૂકો અને ભીનો કચરો અલગ નથી નાખતા, તે સંદર્ભે બાળકોને પણ પ્રશિક્ષણ આપવાની જરૂર છે, જેથી રિસાયકલીંગની પ્રક્રિયામાં વધુ મુશ્કેલી ન પડે. જેથી લેન્ડફિલ ગેસ, ખાદ્ય કચરો અને ઉદ્યોગમાંથી નીકળતા કચરાને નવો ઊર્જા સ્ત્રોત બનાવી શકાય છે. બાયોગેસ, હાઈડ્રોજન, રિન્યુએબલ ડીઝલ જેવા વિકલ્પો ઊર્જા ક્ષેત્રે પરંપરાગત ઈંધણનો વિકલ્પ બની રહ્યા છે.'

ચેમ્બર ઓફ કોમર્સની SGCCI ગ્લોબલ કનેક્ટ કમિટીના ચેરમેન શ્રી દેવકિશન મંઘાણીએ સમગ્ર સેશનનું સંચાલન કર્યું હતું અને ઉપસ્થિતોને મુંઝવતા તમામ પ્રશ્નોના સંતોષકારક જવાબ મિસ નેહા મોદી દ્વારા આપવામાં આવ્યા હતા. ત્યાર બાદ સેશનનું સમાપન થયું હતું.

# ચેમ્બર ઓફ કોમર્સ અને સુરત મહાનગરપાલિકાના સંયુક્ત ઉપક્રમે ગ્રીન બોન્ડ ઈશ્યુ સંદર્ભે ઈન્વેસ્ટર અવેરનેસ મીટ યોજાઈ



## સુરત મહાનગરપાલિકા દ્વારા ગ્રીન બોન્ડ ઈશ્યુ અંગે પ્રેઝન્ટેશન રજૂ કરી ઈન્ટરનેશનલ ગ્રીન સર્ટિફિકેશન, ઈન્વેસ્ટમેન્ટ સ્ટ્રકચર, બેનિફિટ્સ અને ઈમ્પેક્ટ જેવા મહત્વપૂર્ણ મુદ્દાઓની વિસ્તૃત જાણકારી આપવામાં આવી

ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી અને સુરત મહાનગરપાલિકાના સંયુક્ત ઉપક્રમે મંગળવાર, તા. ૨૩ સપ્ટેમ્બર, ૨૦૨૫ના રોજ સાંજે ૪:૦૦ કલાકે સેમિનાર હોલ–એ, સરસાણા, સુરત ખાતે ગ્રીન બોન્ડ સંદર્ભે ઈન્વેસ્ટર અવેરનેસ મીટ યોજાઈ હતી, જેમાં સુરત મહાનગરપાલિકાની ટીમ દ્વારા ગ્રીન બોન્ડ ઈશ્યુ અંગે પ્રેઝન્ટેશન રજૂ કરી ઈન્ટરનેશનલ ગ્રીન સર્ટિફિકેશન, ઈન્વેસ્ટમેન્ટ સ્ટ્રકચર, બેનિફિટ્સ અને ઈમ્પેક્ટ જેવા મહત્વપૂર્ણ મુદ્દાઓની વિસ્તૃત જાણકારી આપવામાં આવી હતી.

ચેમ્બર ઓફ કોમર્સના પ્રમુખ શ્રી નિખિલ મદ્રાસીએ જણાવ્યું હતું કે, સુરત શહેરનો વિકાસ હવે પર્યાવરણને ધ્યાનમાં રાખીને કરવો સમયની માંગ છે. ગ્રીન બોન્ડ જેવા નાણાકીય સાધનો વડે શહેરમાં પર્યાવરણમિત્ર પ્રોજેક્ટ્સને વેગ મળશે અને શહેરને સ્માર્ટ તથા સસ્ટેનેબલ બનાવવામાં મદદરૂપ થશે. તેમણે કહ્યું કે, ઉદ્યોગ જગત અને રોકાણકારો આ પહેલ સાથે જોડાય તો સુરત શહેર વિશ્વસ્તરે એક અનોખું મોડેલ બની શકે છે.

સુરત મહાનગરપાલિકા દ્વારા જાણકારી આપવામાં આવી હતી કે, ગ્રીન બોન્ડ એક નવું અને વિશ્વસનીય નાણાકીય સાધન છે, જેના માધ્યમથી પર્યાવરણને અનુકૂળ પ્રોજેક્ટ્સને નાણાકીય આધાર મળી શકે છે. સુરત મહાનગરપાલિકા દ્વારા આવનારા વર્ષોમાં સસ્ટેનેબલ ડેવલપમેન્ટને પ્રોત્સાહન મળે તે હેતુસર વિવિધ પ્રોજેક્ટ્સ હાથ ધરાવાના છે, જેમાં ગ્રીન બોન્ડ મહત્વપૂર્ણ ભૂમિકા ભજવશે. સુરત શહેરના ઝડપી વિકાસ સાથે પર્યાવરણનું સંતુલન જળવાઈ રહે તે માટે ગ્રીન બોન્ડ એક અસરકારક ઉપાય સાબિત થશે. રોકાણકારો માટે પણ આ એક સુરક્ષિત અને ફાયદાકારક તક બની શકે છે.

સુરત મહાનગરપાલિકા દ્વારા ઉદ્યોગ સાહસિકો અને રોકાણકારોને સમજણ આપતા જણાવવામાં આવ્યું હતું કે, ભારત સરકાર, ગુજરાત સરકાર અને સુરત મહાનગરપાલિકા ટુવર્ડ્સ ગ્રીન ઈન્ફ્રાસ્ટ્રક્ચર પર કામ કરી રહી છે. અત્યારે ગ્લોબલ વોર્મિંગ છે. હાલમાં એર ક્વોલિટી અને ક્લાઈમેટ ઈશ્યુઝ ઉભા થઈ રહ્યા છે ત્યારે કાર્બન એમીશન અને નેટ ઝીરો કાર્બન અભિયાનને હાંસલ કરવાની દિશામાં સરકાર અને સુરત મહાનગરપાલિકા કામ કરી રહી છે. શહેરમાંથી પોલ્યુશન અને કાર્બન એમિશનને ઘટાડવા માટે પ્રયાસ કરાઈ રહ્યો છે. એના માટે વધુમાં વધુ રિન્યુએબલ એનર્જીનો ઉપયોગ કરીએ. આ બધી અવેરનેસને લોકો સુધી પહોંચાડવા માટે પ્રયાસ કરવામાં આવી રહ્યો છે.

સુરત મહાનગરપાલિકા એ ગુજરાતની પ્રથમ મહાનગરપાલિકા છે કે જે ફર્સ્ટ આઈપીઓ ગ્રીન બોન્ડ ઈશ્યુ કરશે. સુરત મહાનગરપાલિકા પબ્લિક પાર્ટીસિપેશન સાથે ગ્રીન બોન્ડ ઈશ્યુ કરશે. આ બોન્ડ અંતર્ગત સોલાર, વીન્ડ પાવર પ્લાન્ટ, ઈ–વ્હીકલ ડેપો અને વોટર ટ્રીટમેન્ટ પ્લાન્ટ જેવા પ્રોજેક્ટ હાથ ધરવા માટે આયોજન કરાયું છે. સુરત મહાનગરપાલિકા હવે ઈલેક્ટ્રીક મોબિલિટીને પ્રોત્સાહન આપી રહી છે.

આ મિટીંગમાં ઉપસ્થિત ચેમ્બરના માનદ્ ખજાનચી શ્રી મિતિશ મોદી, ઉદ્યોગ જગતના આગેવાનો, રોકાણકારો તથા ચેમ્બરના સભ્યોને પણ ગ્રીન બોન્ડની માળખાકીય વિગતો, ઉપયોગિતા તથા રોકાણની તકો વિશે માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. ચેમ્બરના ગ્રુપ ચેરમેન શ્રી કમલેશ ગજેરાએ મિટીંગમાં ઉપસ્થિત સર્વેનો આભાર માન્યો હતો અને ત્યારબાદ મિટીંગનું સમાપન થયું હતું.

# 'સિવિલ ડિફેન્સ – એક જરૂરિયાત' વિષે જાગૃતિ સત્ર યોજાયું



## તીર, તોપ, મિસાઈલ પછી હવે ડ્રોનનો યુગ છે, આજે યુદ્ધની ટેકનિક બદલાઈ ગઈ છે ત્યારે ઉદ્યોગોએ પણ સિવિલ ડિફેન્સનું મહત્વ સમજવું આવશ્યક છે, નાગરિકો જેટલા જાગૃત હશે તેટલો દેશ યુદ્ધ કે આપત્તિ સામે મજબૂત ઉભો રહી શકશે : શ્રી કાનજીભાઈ ભાલાલા

ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી દ્વારા શુક્રવાર, તા. ૧૯ સપ્ટેમ્બર, ૨૦૨૫ના રોજ સાંજે ૫:૦૦ કલાકે સમૃદ્ધિ, નાનપુરા, સુરત ખાતે 'સિવિલ ડિફેન્સ – એક જરૂરિયાત' વિષય પર જાગૃતિ સત્રનું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં મુખ્ય વક્તા તરીકે સુરત સિવિલ ડિફેન્સના પૂર્વ ચીફ વોર્ડન અને સૌરાષ્ટ્ર પટેલ સેવા સમાજના પ્રમુખ શ્રી કાનજીભાઈ ભાલાળાએ સેલ્ફ ડિફેન્સ અને સિવિલ ડિફેન્સ વચ્ચેના ભેદ વિષે વિસ્તૃત સમજણ આપી હતી.

ચેમ્બરના ગ્રુપ ચેરમેન શ્રી પરેશ લાઠિયાએ સ્વાગત પ્રવચનમાં તાજેતરના યુદ્ધના માહોલ દરમિયાન નાગરિક સુરક્ષાની પ્રબળ જરૂરિયાત પર પ્રકાશ પાડ્યો હતો. તેમણે જણાવ્યું હતું કે ૧૯૪૧માં બીજા વિશ્વયુદ્ધ દરમિયાન સિવિલ ડિફેન્સની શરૂઆત થઈ હતી. ૧૯૬૨ અને ૧૯૬૫ના યુદ્ધમાં તેની અસરકારકતા અનુભવી અને ૧૯૬૮માં સરકારે કાયદો ઘડ્યો. ૧૯૯૭માં સુરતમાં સિવિલ ડિફેન્સની સ્થાપના થઈ, જ્યારે ૨૦૦૯માં તેને કુદરતી અને માનવ સર્જિત આપત્તિઓ સુધી વિસ્તૃત કરવામાં આવ્યું હતું.

સુરત સિવિલ ડિફેન્સના પૂર્વ ચીફ વોર્ડન અને સૌરાષ્ટ્ર પટેલ સેવા સમાજના પ્રમુખ શ્રી કાનજીભાઈ ભાલાળાએ જણાવ્યું હતું કે, ઉદ્યોગોએ પણ સિવિલ ડિફેન્સનું મહત્વ સમજવું આવશ્યક છે. આજે યુદ્ધની ટેકનિક બદલાઈ ગઈ છે. તીર, તોપ, મિસાઈલ પછી હવે ડ્રોનનો યુગ છે. નાગરિકો જેટલા જાગૃત હશે તેટલો દેશ યુદ્ધ કે આપત્તિ સામે મજબૂત ઉભો રહી શકશે. તેમણે ઉદાહરણ આપતા કહ્યું હતું કે, વર્ષ ૨૦૦૧ના ભૂકંપમાં ખોટી માહિતીના કારણે અનેક લોકોના મોત થયા હતા. જ્યારે સિવિલ ડિફેન્સનો હેતુ જાગૃતિ અને સાચા માર્ગદર્શનથી જાનમાલનું રક્ષણ કરવાનો છે.

તેમણે નાગરિક સુરક્ષામાં કઈ રીતે જોડાઈ શકાય તેના વિષે પણ વિસ્તૃત જાણકારી આપી હતી. તેમણે કહ્યું કે કાકરાપાર અણુ મથક, ઉકાઈ ડેમ અને હજીરાના ઉદ્યોગોને લીધે સુરતનો દેશના ૭૦ સ્થળોમાં સમાવેશ થયો છે, જ્યાં નાગરિક સુરક્ષા ખૂબ જ મહત્વનું છે. આ મહત્વના વિષય પર ચેમ્બરે કાર્યક્રમ ગોઠવ્યો એ પ્રશંસનીય છે. ઓપરેશન સિંદૂર બાબતથી નાગરિક સુરક્ષા ફરી ચર્ચાના સ્થાને છે. નાગરિક સુરક્ષાનું કામ લોકોના જીવ બચાવવાનું, માલ-મિલકતને નુકસાન ઓછું થાય, પુરવઠો ઝડપથી પૂર્વવત્ થાય અને આપત્તિમાં લોકોનું મનોબળ ટકાવી રાખવાનું છે.

ચેમ્બરની એનજીઓ કમિટીના ચેરમેન શ્રી મોહમદ નાવેદ શેખે સૌને નાગરિક સુરક્ષાની તાલીમ લેવા અનુરોધ કરતા કહ્યું હતું કે હવે દરેક કોલેજમાં સિવિલ ડિફેન્સ યુનિટ ઉભું કરાશે.

ચેમ્બરના સભ્ય શ્રી ઘનશ્યામ નસીત કાર્યક્રમમાં ઉપસ્થિત સર્વેનો આભાર માન્યો હતો અને ત્યારબાદ કાર્યક્રમનું સમાપન થયું હતું.

# ચેમ્બરના પ્રમુખ અને ઉપ પ્રમુખ સહિતના પ્રતિનિધિ મંડળે ચીનમાં શાંઘાઇ ખાતે આયોજિત આંતરરાષ્ટ્રીય પ્રદર્શન 'ચાઇના ઇન્ટરનેશનલ સ્યુઇંગ મશીનરી એન્ડ એસેસરીઝ શો (CISMA) ૨૦૨૫'ની મુલાકાત લીધી




## ચેમ્બરના પ્રમુખ શ્રી નિખિલ મદ્રાસી અને ઉપ પ્રમુખ શ્રી અશોક જીરાવાલાએ વિવિધ આંતરરાષ્ટ્રીય કંપનીઓના પ્રતિનિધિઓ સાથે મુલાકાત કરી ટેક્ષ્ટાઇલ મશીનરી તથા એસેસરીઝ ક્ષેત્રે ટેકનોલોજી ટ્રાન્સફર તથા સંભવિત સહયોગ અંગે વિસ્તૃત ચર્ચા કરી

ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઇન્ડસ્ટ્રીના પ્રમુખ શ્રી નિખિલ મદ્રાસી અને ઉપ પ્રમુખ શ્રી અશોક જીરાવાલાએ તાજેતરમાં જ ચીનના શાંઘાઇ શહેરમાં શાંઘાઇ ન્યુ ઇન્ટરનેશનલ એક્ષ્પો સેન્ટર ખાતે આયોજિત આંતરરાષ્ટ્રીય પ્રદર્શન 'ચાઇના ઇન્ટરનેશનલ સ્યુઇંગ મશીનરી એન્ડ એસેસરીઝ શો (CISMA) ૨૦૨૫'ની મુલાકાત લીધી હતી.


સુરત સહિત દક્ષિણ ગુજરાતમાં મશીનરી સપ્લાય કરતી ચીનની પ્રખ્યાત દાહો કંપનીના સંચાલકે આંતરરાષ્ટ્રીય પ્રદર્શનમાં સંબોધન કર્યું હતું. તેમણે જણાવ્યું હતું કે, ભારત અને ચીન વચ્ચે રાજકીય સંબંધો સુધરી રહ્યા છે, જેના કારણે ઉદ્યોગ અને વેપાર ક્ષેત્રે નવી તકો સર્જાઇ રહી છે. તેમણે વધુમાં જણાવ્યું હતું કે, ટેક્ષ્ટાઇલ અને ગારમેન્ટ મશીનરી ક્ષેત્રે ભારત એક મહત્વપૂર્ણ માર્કેટ તરીકે ઉભર્યું છે. ભવિષ્યમાં ભારત–ચીન વચ્ચેનો વ્યાપારિક સહકાર વધશે અને નવી ટેક્નોલોજી ભારતના ઉદ્યોગકારોને ઝડપી વિકાસ તરફ દોરી જશે.

ચેમ્બર ઓફ કોમર્સના પ્રમુખ શ્રી નિખિલ મદ્રાસીએ જણાવ્યું હતું કે, સુરત સહિત દક્ષિણ ગુજરાતના ઉદ્યોગકારો માટે ચીન અને અન્ય દેશોની અદ્યતન મશીનરી તથા ટેક્નોલોજી સમજવાની આ સારી તક છે. આ પ્રકારના પ્રદર્શન ઉદ્યોગ જગતને વૈશ્વિક સ્તરે સ્પર્ધાત્મક બનાવવા માટે મદદરૂપ સાબિત થાય છે. તેમણે કહ્યું હતું કે, સુરતના ટેક્ષ્ટાઇલ સેક્ટરને આધુનિક ટેક્નોલોજી અપનાવવાની

અત્યંત જરૂર છે. આવા આંતરરાષ્ટ્રીય પ્રદર્શનોથી ઉદ્યોગકારોને નવી મશીનરી, ઉત્પાદન ક્ષમતામાં વધારો અને વૈશ્વિક માર્કેટ સાથે જોડાવાનો માર્ગ મોકળો થશે.

ચેમ્બરના ઉપ પ્રમુખ શ્રી અશોક જીરાવાલાએ સમગ્ર આંતરરાષ્ટ્રીય સમેલનને ચેમ્બર ઓફ કોમર્સ અને સુરત એમ્બ્રોઇડરી એસોસીએશનના સંયુક્ત ઉપક્રમે આગામી તા. ૯, ૧૦ અને ૧૧ જાન્યુઆરી ૨૦૨૬ દરમ્યાન સુરતમાં સરસાણા સ્થિત સુરત ઇન્ટરનેશનલ એક્ઝીબીશન એન્ડ કન્વેન્શન સેન્ટર ખાતે આયોજિત 'સિટમે એક્ઝીબીશન'માં પધારવા માટે આમંત્રણ આપ્યું હતું. એક્ઝીબીશનમાં ભાગ લેવા માટે ૧૫થી વધુ દેશોના પ્રતિનિધિઓએ રસ દાખવ્યો હતો.

આ પ્રસંગે ચેમ્બર ઓફ કોમર્સના પ્રમુખ અને ઉપ પ્રમુખે વિવિધ આંતરરાષ્ટ્રીય કંપનીઓના પ્રતિનિધિઓ સાથે મુલાકાત કરી હતી. ચેમ્બરના બંને હોદ્દેદારોએ ટેક્ષ્ટાઇલ મશીનરી તથા એસેસરીઝ ક્ષેત્રે નવીનતા, ટેક્નોલોજી ટ્રાન્સફર તથા સંભવિત સહયોગ અંગે વિસ્તૃત ચર્ચા કરી હતી.



# ભારત સરકારના મિનિસ્ટ્રી ઓફ ટેક્ષ્ટાઇલ્સના અન્ડર સેક્રેટરી સાથે સુરતના ટેક્ષ્ટાઇલ ઉદ્યોગકારોની પીએલઆઇ સ્કીમ સંદર્ભે મિટીંગ મળી




## ટેક્ષ્ટાઇલ ઉદ્યોગકારોએ રૂપિયા ૫૦ કરોડ સુધીનું રોકાણ કરનારા ઉદ્યોગકારોને પણ પીએલઆઇ સ્કીમનો લાભ આપવામાં આવે તેમજ તેમાં નવા એચએસએન કોડનો સમાવેશ કરવા સૂચનો કર્યા

ભારત સરકારની મિનિસ્ટ્રી ઓફ ટેક્સટાઇલ્સ દ્વારા ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઇન્ડસ્ટ્રી અને મેંટેક્સીલની સાથે મળીને તા. ૨૫ સપ્ટેમ્બર, ૨૦૨૫ના રોજ સમૃદ્ધિ, સરસાણા, સુરત ખાતે ટેક્સટાઇલ ઉદ્યોગકારો સાથે મિટીંગ કરી હતી. જેમાં નવી દિલ્હી ખાતેથી ભારત સરકારના મિનિસ્ટ્રી ઓફ ટેક્ષટાઇલ્સના અન્ડર સેક્રેટરી શ્રી ભાસ્કર કાલરાએ સુરતના ટેક્ષટાઇલ ઉદ્યોગકારોને પીએલઆઇ સ્કીમ વિષે માહિતી આપી તેના વિષેના સૂચનો ઉદ્યોગકારો પાસેથી મેળવવામાં આવ્યા હતા.

ભારત સરકારના મિનિસ્ટ્રી ઓફ ટેક્ષટાઇલ્સના અન્ડર સેક્રેટરી શ્રી ભાસ્કર કાલરાએ ટેક્ષટાઇલ ઉદ્યોગકારોને પીએલઆઇ સ્કીમના લાભો વિષે વિસ્તૃત જાણકારી આપી હતી. હાલના સંજોગોમાં આ સ્કીમ અંતર્ગત રૂપિયા ૧૦૦થી લઇને ૩૦૦ કરોડ સુધીનું તેમજ રૂપિયા ૩૦૦ કરોડથી વધુનું રોકાણ કરનારા ટેક્ષટાઇલ ઉદ્યોગકારોને લાભ મળે છે. આ સ્કીમમાં ૧૧૬ એચએસએન કોડનો સમાવેશ થાય છે. આ સ્કીમનો લાભ લેવા માટે તા. ૩૦ સપ્ટેમ્બર, ૨૦૨૫ સુધી એપ્લિકેશન વિન્ડો ઓપન



**ભારત સરકારના મિનિસ્ટ્રી ઓફ ટેક્ષ્ટાઇલ્સના**
**અન્ડર સેકેટરી શ્રી ભાસ્કર કાલરા**

છે. આથી તેમણે ઉદ્યોગકારોને વહેલી તકે આ સ્કીમનો લાભ લેવા માટે એપ્લિકેશન કરવા અનુરોધ કર્યો હતો સાથે જ ઉદ્યોગકારો પાસેથી આ સ્કીમ વિષે સૂચનો પણ મેળવ્યા હતા.

આ મિટીંગમા ચેમ્બર ઓફ કોમર્સના માનદ્ મંત્રી શ્રી બિજલ જરીવાળા, મંટેક્સિલના તત્કાલિન પૂર્વ ચેરમેન શ્રી ધીરજ શાહ, ફિઆસ્વીના ચેરમેન તેમજ ચેમ્બરના પૂર્વ પ્રમુખ શ્રી ભરત ગાંધી, પાંડેસરા સીઇટીપીના ચેરમેન શ્રી રવિન્દ્ર આર્ય, ચેમ્બરના પૂર્વ પ્રમુખ અને ચેમ્બરની ટેક્ષ્ટાઇલ ટાસ્ક ફોર્સના ચેરમેન શ્રી આશીષ ગુજરાતી તથા અન્ય ટેક્ષ્ટાઇલ ઉદ્યોગકારો ઉપસ્થિત રહ્યા હતા.

પીએલઆઇ સ્કીમ અંતર્ગત રૂપિયા ૧૦૦થી ૩૦૦ કરોડ તેમજ રૂપિયા ૩૦૦ કરોડથી વધુનુ રોકાણ કરનારા ટેક્ષ્ટાઇલ ઉદ્યોગકારોને જ હાલમા આ સ્કીમનો લાભ મળે છે. આથી ટેક્ષ્ટાઇલ ઉદ્યોગકારોએ આ સ્કીમમા રૂપિયા ૫૦ કરોડ સુધીનુ રોકાણ કરનારા ટેક્ષ્ટાઇલ ઉદ્યોગકારોને પણ લાભ આપવામા આવે તેમ સૂચન કર્યુ હતુ. આ ઉપરાંત નવા એચએસએન કોડ પણ ઉમેરવામા આવે તેમ જણાવ્યુ હતુ. વધુમા ઉદ્યોગકારોએ ટેક્ષ્ટાઇલમા ઇમ્પોર્ટ સબસ્ટીટ્યુટ પ્રોડક્ટને પણ ઉમેરવામા આવે તેવી માંગણી મિનિસ્ટ્રી ઓફ ટેક્ષ્ટાઇલ્સના અન્ડર સેકેટરી શ્રી ભાસ્કર કાલરા સમક્ષ કરી હતી.



# ‘ઇનોવેશન ઇન ઝીરો લિકિવડ ડિસ્ચાર્જ ફોર ઇન્ડસ્ટ્રીયલ વેસ્ટ વૉટર મેનેજમેન્ટ’ વિષય પર સેશન યોજાયું



ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઇન્ડસ્ટ્રી દ્વારા ધ મેન મેઇડ ટેક્ષટાઇલ્સ રિસર્ચ એસોસિએશન (મંત્રા)ની સાથે મળીને તા. ૨૯ સપ્ટેમ્બર, ૨૦૨૫ના રોજ સંહતિ, સરસાણા, સુરત ખાતે ‘ઇનોવેશન ઇન ઝીરો લિકિવડ ડિસ્ચાર્જ ફોર ઇન્ડસ્ટ્રીયલ વેસ્ટવોટર મેનેજમેન્ટ’ વિષે સેશન યોજાયુ હતુ, જેમા એમ્બોલસ સસ્ટેનેબલ બાયોએનર્જી પ્રાઇવેટ લિમિટેડના ડિરેક્ટર શ્રી નીરજ મિથાનીએ ઉદ્યોગકારોને વિસ્તૃત જાણકારી આપી હતી.

ચેમ્બરના તત્કાલીન પૂર્વ પ્રમુખ શ્રી વિજય મેવાવાલાએ સ્વાગત પ્રવચનમા કહ્યુ હતુ કે, લિકિવડ ડિસ્ચાર્જ આજનો સળગતો પ્રશ્ન છે. ઉદ્યોગકારો વોટરજેટને બદલે એરજેટ તરફ વળવા લાગ્યા છે પણ વોટરજેટ મશીનો હોય તો વીવર્સ અને પ્રોસેસર્સ માટે આ ઉકેલો ઉપયોગી થશે. પર્યાવરણની રક્ષા આપણી સૌની જવાબદારી છે. ઇન્ડસ્ટ્રીયલ વેસ્ટ વોટર મેનેજમેન્ટમા નવીનતા નવી પેઢી માટે સ્વચ્છ પર્યાવરણ છોડી જશે.

મંત્રાના ડિરેક્ટર ડૉ. અરૂપ રક્ષિતે આ કાર્યક્રમના ઉદ્દેશો વિશે ઉદ્યોગ સાહસિકોને માહિતી આપી હતી.

એમ્બોલસ સસ્ટેનેબલ બાયોએનર્જી પ્રાઇવેટ લિમિટેડના ડિરેક્ટર શ્રી નીરજ મિથાનીએ મુખ્ય સંબોધનમા પર્યાવરણીય પાલન અને ટકાઉપણુ હાંસલ કરવામા ZLD કેવી રીતે નિર્ણાયક ભૂમિકા ભજવી શકે છે તે દર્શાવતા વ્યવહારુ ઉપયોગો, ટેકનિકલ પ્રગતિ, ઇલેક્ટ્રોઓક્સીડેશન અને ઉદ્યોગની કેસ સ્ટડીઝ પર પ્રકાશ પાડ્યો હતો. તેમણે કહ્યુ હતુ કે એમિશન ટ્રેડિંગ સ્કીમની જેમ સમગ્ર દેશમા પ્રથમ સુરતમા જ એફલ્યુઅન્ટ ટ્રેડિંગ સ્કીમ આ વર્ષથી શરૂ થઇ છે. ઘણી એવી કિફાયતી અને સરળ ટેકનિકસ છે, જેનાથી વેસ્ટ વોટરને ટ્રીટ કરી શકાય છે. ટેક્ષટાઇલ ઉપરાંત સુગર, મોલાસિસ, ફાર્મા, પાવર ક્ષેત્રમા પણ તે કેટલી અસરકારક રહે છે તેની વિસ્તૃત સમજણ તેમણે આપી હતી. તેમણે કહ્યુ હતુ કે, વેસ્ટ વોટરમાંથી કલર કાઢવો સરળ છે.

ચેમ્બરના માનદ્ મંત્રી શ્રી બિજલ જરીવાલા, ઉદ્યોગ સાહસિકો અને વ્યવસાયિકો સેશનમા ઉપસ્થિત રહયા હતા. મંત્રાના ડેપ્યુટી ડિરેક્ટર ડૉ. હિતેશ જરીવાલાએ સમગ્ર કાર્યક્રમનુ અને પ્રશ્નોત્તરી સેશનનુ સંચાલન કર્યુ હતુ. મંત્રાના માનદ્ મંત્રી શ્રી પ્રફુલ્લ ગાંધીએ ઉપસ્થિત સર્વેનો આભાર માની કાર્યક્રમનુ સમાપન કર્યુ હતુ.



**શ્રી નીરજ મિથાની**

# એક્સપોર્ટર મીટ 'Navigating Global Credit Risks with Confidence' યોજાઈ




ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી દ્વારા સોમવાર, તા.૨૯ સપ્ટેમ્બર ૨૦૨૫ ના રોજ સાંજે ૦૪:૦૦ કલાકે, સંહતિ, સરસાણા, સુરત ખાતે 'Exporters Meet – Navigating Global Credit Risks with Confidence' યોજાઈ હતી. જેમાં સુરતના ECGC લિમિટેડના બ્રાન્ચ મેનેજર શ્રી સૌરભ જૈને ઉદ્યોગ સાહસિકોને ગ્લોબલ ક્રેડિટ રિસ્ક વિશેની વિસ્તૃત સમજ આપી હતી.

ચેમ્બર ઓફ કોમર્સના પ્રમુખ શ્રી નિખિલ મદ્રાસીએ ચેમ્બરના વિવિધ કાર્યો વિશે માહિતી આપી હતી. તેમણે વધુમાં જણાવ્યું હતું કે, ભારત હાલમાં હરણફાળ ભરી રહ્યું છે, પરંતુ ભારત વિશ્વના અન્ય દેશોની જેમ દરેક ક્ષેત્રમાં વિકાસ કરે તે માટે એમએસએમઈ ઉદ્યોગકારોએ આગળ આવીને વધુ પ્રયાસો કરવાના છે.

શ્રી સૌરભ જૈને જણાવ્યું હતું કે, વ્યાપારમાં ECGC એ માટે મહત્વપૂર્ણ છે કે, તે નિકાસકારોને ચુકવણીના જોખમથી બચાવે છે, બેન્ક ફાયનાન્સ મેળવવામાં સહાય કરે છે અને એક્સપોર્ટને પ્રોત્સાહન આપવાની સાથે જ વૈશ્વિક બજારમાં ભારતીય વ્યવસાયને સુરક્ષિત અને સ્પર્ધાત્મક બનાવે છે. વિદેશી ખરીદદારો માલ ખરીદી કર્યા પછી ચુકવણી નહીં કરે તો ECGC એક્સપોર્ટરોને વીમા સુરક્ષા આપે છે. તે રાજકીય જોખમ (જેમ કે, યુદ્ધ, આયાત પર પ્રતિબંધ) અને વાણિજ્યિક જોખમ (ખરીદદારોની ખરાબ નાણાકીય સ્થિતિ) બંને સામે સુરક્ષા આપે છે.

તેમણે વધુમાં જણાવ્યું હતું કે, 'સુક્ષ્મ, લઘુ અને મધ્યમ ઉદ્યોગો માટે સામાન્ય રીતે આંતરરાષ્ટ્રીય વેપારમાં સૌથી વધુ જોખમ હોય છે, ત્યારે ECGC ની વીમા યોજનાઓ એમએસએમઈ ઉદ્યોગોને વૈશ્વિક બજારમાં સ્થિર થવા તથા નિકાસ વધારવામાં સહાય કરે છે. સ્ટાન્ડર્ડ પોલિસી, સ્પેસિફિક શિપમેન્ટ પોલિસી, સ્મોલ એક્સપોર્ટર પોલિસી, બાયર્સ ક્રેડિટ ઈન્સ્યોરન્સ પોલિસી અને એક્સપોર્ટ ક્રેડિટ ઈન્સ્યોરન્સ ટુ બેન્ક પોલિસીઓ વિશે તેમણે વિસ્તૃતમાં માહિતી આપી હતી.'

ચેમ્બર ઓફ કોમર્સના ઉપ પ્રમુખ શ્રી અશોક જીરાવાલા, માનદ્ મંત્રી શ્રી બિજલ જરીવાલા, માનદ્ ખજાનચી સીએ મિતીષ મોદી તેમજ ઉદ્યોગ સાહસિકો કાર્યક્રમમાં ઉપસ્થિત રહ્યા હતા. અંતે, ઉપસ્થિતોના તમામ પ્રશ્નોના સંતોષકારક જવાબ વક્તાશ્રી દ્વારા આપવામાં આવ્યા હતા. ચેમ્બરના ગ્લોબલ કનેક્ટના સીઈઓ શ્રી પરેશ ભટ્ટે કાર્યક્રમનું સંચાલન કર્યું હતું અને ઉપસ્થિત સર્વેનો આભાર વ્યક્ત કરી, કાર્યક્રમનું સમાપન કર્યું હતું.

# 'Emotional Wellness: Strategies to Overcome Anger & Anxiety' વિષય પર સેશન યોજાયું




ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી દ્વારા મંગળવાર તા. ૨૩ સપ્ટેમ્બર ૨૦૨૫ના રોજ સાંજે ૦૪:૩૦ કલાકે, સમૃદ્ધિ બિલ્ડીંગ નાનપુરા, સુરત ખાતે 'Emotional Wellness: Strategies to Overcome Anger & Anxiety' વિષય પર સેશન યોજાયું હતું, જેમાં ક્લિનિકલ સાયકોથેરાપિસ્ટ અને માઈન્ડ ટ્રેઈનર સુશ્રી શિલ્પા અગરવાલે રોષ અને ચિંતાને કાબુમાં રાખવાના ઉપાયો વિશે વિસ્તૃતમાં માહિતી આપી હતી.

ચેમ્બર ઓફ કોમર્સના માનદ્ મંત્રી શ્રી બિજલ જરીવાલાએ સ્વાગત પ્રવચન કરતા જણાવ્યું હતું કે, આજના ઝડપી યુગમાં દરેક વ્યક્તિ સફળતા મેળવવા માટે, પરિવારની જવાબદારીઓ નિભાવવા માટે, વ્યવસાય-નોકરીમાં આગળ વધવા માટે દોડતી રહે છે. આ દોડમાં ગુસ્સો, ચિંતા અને તણાવ અણગમતા મહેમાનની જેમ વ્યક્તિના જીવનમાં પ્રવેશી જાય છે. ક્યારેક નાની-નાની વાતો પર ગુસ્સો આવે છે, ક્યારેક ભવિષ્યની ચિંતામાં મન અશાંત થાય છે અને આ બધી બાબતો વ્યક્તિના સંબંધો, તેના કામ અને તેના અંદરની શાંતિને અસર કરે છે. તેવી સ્થિતિમાં વ્યક્તિએ પોતાના ગુસ્સાને અને અશાંત મનને યોગ્ય



ચેમ્બરના માનદ્ મંત્રી શ્રી બિજલ જરીવાલા



સુશ્રી શિલ્પા અગરવાલ

દિશા આપવાની જરૂર હોય છે.'

સુશ્રી શિલ્પા અગરવાલે જણાવ્યું હતું કે, 'માનવ જીવનમાં ભાવનાઓનો વિશાળ હિસ્સો છે. સુખ, દુઃખ, પ્રેમ, રોષ, ચિંતા જેવી લાગણીઓ આપણા રોજિંદા વર્તન, સંબંધો અને નિર્ણયોમાં અસર કરે છે. પરંતુ જ્યારે રોષ (Anger) અને ચિંતા (Anxiety) વધુ પ્રમાણમાં રહે છે, ત્યારે તે માનસિક અને શારીરિક સ્વાસ્થ્ય માટે નુકસાનકારક બની શકે છે. ભાવનાત્મક સુખાકારી (Emotional Wellness) એ એવી ક્ષમતા છે, જેમાં માણસ પોતાની લાગણીઓને ઓળખી શકે, તેને સ્વસ્થ રીતે વ્યક્ત કરી શકે અને તેનું સંતુલન જાળવી શકે.'

રોષ એ એક સ્વાભાવિક લાગણી છે. અન્યાય, અપમાન, નિષ્ફળતા કે પોતાના ઈચ્છા-અભિપ્રાય પૂરા થાય ન ત્યારે રોષ આવે છે. પરંતુ અનિયંત્રિત રોષ સંબંધોમાં તણાવ, કામમાં બાધા અને આરોગ્ય સમસ્યાઓનું કારણ બની શકે છે. ભવિષ્યની અસ્પષ્ટતા, દબાણ કે ભયમાંથી ચિંતા જન્મે છે. નાની ચિંતા સ્વાભાવિક છે, પરંતુ સતત ચિંતિત રહેવું માનસિક થાક, નિર્ણય ક્ષમતામાં ઘટાડો અને આત્મવિશ્વાસમાં ઘટાડો લાવે છે.

તેમણે વધુમાં જણાવ્યું હતું કે, 'શ્વાસ નિયંત્રણ (Breathing Techniques), ઊંડા શ્વાસ લેવાની ટેવ રોષ અને ચિંતા બંનેમાં તરત જ શાંતિ આપે છે. 4-7-8 શ્વાસ ટેકનિક (4 સેકન્ડ શ્વાસ લેવી, 7 સેકન્ડ રોકવો, 8 સેકન્ડ બહાર છોડવો) ખૂબ અસરકારક છે. ધ્યાન અને યોગ (Meditation & Yoga), સકારાત્મક વિચારો (Positive Thinking), ભાવનાઓ વ્યક્ત કરવી (Expressing Emotions), શારીરિક કસરત (Physical Exercise), સમય અને કામનું આયોજન (Time & Work Management) અને પ્રોફેશનલ મદદથી રોષ અને ચિંતાને કૌશલ્યપૂર્ણ રીતથી કાબુમાં રાખી શકાય છે.'

ચેમ્બર ઓફ કોમર્સની આયુષ કમિટીના ચેરપર્સન ડૉ. મન્થાલીએ વક્તાનો પરિચય આપ્યો હતો, જ્યારે કમિટીના કો-ચેરમેન ડૉ. નિપેશ પટેલે કાર્યક્રમની રૂપરેખા આપી હતી. સમગ્ર કાર્યક્રમનું સંચાલન આયુષ કમિટીના સભ્ય શ્રી ચિરાગ ગજ્જરે કર્યું હતું. અંતે, ઉપસ્થિતોના તમામ પ્રશ્નોના સંતોષકારક જવાબ વક્તાશ્રી દ્વારા આપવામાં આવ્યા હતા. કમિટીના સભ્ય ડૉ. જયશ્રી પટેલે ઉપસ્થિત સર્વેનો આભાર વ્યક્ત કરી, કાર્યક્રમનું સમાપન કર્યું હતું.

# 'નર્ચરિંગ સ્ટાર્ટઅપ્સઃ બિલ્ડિંગ રેઝિલિયન્સ એન્ડ સ્કેલિંગ ન્યૂ હોરાઇઝન' વિષય પર પાવર સેશન યોજાયું



## સંરક્ષણમાં મેક ઈન ઈન્ડિયા માટે સ્ટાર્ટઅપ્સ અસરકારક ઉકેલો પર ધ્યાન આપેઃ ભારતીય સેનાના પૂર્વ પ્રમુખ જનરલ મનોજ મુકુંદ નરવાણે


# સુરતમાં સ્ટાર્ટઅપ ઈકોસિસ્ટમના વિકાસ માટેના તમામ ઘટકો હાજર: શ્રી આશિષ ભાટીયા



**ચેમ્બરના માનદ્ મંત્રી શ્રી બિજલ જરીવાલા**



**ભારતીય સેનાના પૂર્વ પ્રમુખ જનરલ મનોજ મુકુંદ નરવાણે (નિવૃત્ત)**



**ફિનવોલ્વ VCના સહ-સ્થાપક શ્રી આશિષ ભાટીયા**

ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી દ્વારા શનિવાર, તા. ૨૭ સપ્ટેમ્બર, ૨૦૨૫ના રોજ સાંજે ૫:૩૦ કલાકે સંહતિ, સરસાણા, સુરત ખાતે 'નર્ચરિંગ સ્ટાર્ટઅપ્સ: બિલ્ડિંગ રેઝિલિયન્સ એન્ડ સ્કેલિંગ ન્યૂ હોરાઈઝન' વિષય પર પાવર સેશનનું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં ભારતીય સેનાના પૂર્વ પ્રમુખ જનરલ મનોજ મુકુંદ નરવાણે (નિવૃત્ત) અને ઈન્ડિયા એક્સલરેટરના સ્થાપક અને સી.ઈ.ઓ. તેમજ ફિનવોલ્વ વીસીના સહ-સ્થાપક શ્રી આશિષ ભાટીયાએ સુરતના ઉદ્યોગ સાહસિકો અને સ્ટાર્ટ-અપ્સ વ્યવસાયિકોને મહત્વનું માર્ગદર્શન આપ્યું હતું.

ચેમ્બર ઓફ કોમર્સના માનદ્ મંત્રી શ્રી બિજલ જરીવાલાએ સ્વાગત પ્રવચન કરતા જણાવ્યું હતું કે, સફળતા માટે સૂર્ય ઉગે એ પહેલા ઉઠીને ઘોડાની જેમ દોડવું પડે છે. ચેમ્બરના માનદ્ ખજાનચી સીએ મિતિષ મોદીએ કાર્યક્રમની રૂપરેખા આપતા કહ્યું હતું કે, ભારતમાં સ્ટાર્ટ અપ અને યુનિકોર્ન ઈકોસિસ્ટમ ઝડપથી વિકસતી જાય છે છતાં ૯૦% સ્ટાર્ટ અપ્સ નિષ્ફળ જાય છે. જો કે, ભવિષ્ય સ્ટાર્ટ અપ્સનું જ છે.

ભારતીય સેનાના પૂર્વ પ્રમુખ જનરલ મનોજ મુકુંદ નરવાણે (નિવૃત્ત)એ 'યુદ્ધની કિંમત: ભારતની સ્ટાર્ટઅપ ઈકોસિસ્ટમ માટે વ્યૂહાત્મક અને નાણાકીય પાઠ' પર સ્થિતિસ્થાપકતા, શિસ્ત અને વ્યૂહાત્મક આયોજન પર ઉદ્યોગ સાહસિકો અને સ્ટાર્ટઅપ્સ વ્યવસાયિકોને માર્ગદર્શન આપ્યું હતું. તેમણે યુદ્ધની કિંમત સમજાવતા કહ્યું હતું કે, યુદ્ધ એ પ્રથમ નહીં પણ અંતિમ વિકલ્પ હોવો જોઈએ. સંરક્ષણમાં આત્મનિર્ભરતાની વાત કરતા કહ્યું કે સંરક્ષણમાં પણ સ્ટાર્ટ અપ્સે મોટી ભૂમિકા ભજવવાની છે. આપણે હવાઈ જહાજ હજી બહારથી ખરીદવા પડે છે. લડાઈ હવે ડ્રોન અને એન્ટી ડ્રોન સિસ્ટમની વચ્ચે છે. સ્ટાર્ટ અપ્સે અસરકારક વિકલ્પો અને ઉકેલો પર ધ્યાન કેન્દ્રિત કરવું જોઈએ તેવી સલાહ તેમણે આપી હતી.

શ્રી આશિષ ભાટીયાએ 'ઈન્ડિયા એક્સલરેટર સુરતને સિલિકોન વેલીમાં કેવી રીતે ફેરવી શકે?' તે દિશામાં સ્ટાર્ટઅપ્સને માર્ગદર્શન આપ્યું હતું. તેમણે નવા સ્ટાર્ટઅપને ઝડપી વિકાસ માટે આંતરરાષ્ટ્રીય સ્તરે માર્ગદર્શન, નેટવર્કિંગ અને રોકાણકારો પાસેથી મૂડી મેળવવામાં મળી રહેલી મદદને સમર્થન આપતા સુરતની ઉદ્યોગ સાહસિક ઈકો સિસ્ટમને કેવી રીતે વિસ્તૃત કરી શકાય તે અંગે પ્રકાશ પાડયો હતો. તેમણે સ્ટાર્ટ અપ્સને બર્ગર બનાવવા સાથે સરખાવતા કહ્યું કે વિશ્વના ૨૫% યુનિકોર્ન્સ સિલિકોન વેલીમાં છે. સમગ્ર દેશની સ્ટાર્ટ અપ ઈકોસિસ્ટમમાં સુરતનો ક્રમ છેક ૧૫મો છે, પણ હવે ૪૫% સ્ટાર્ટ અપ્સ ટિયર ૨-૩ શહેરોમાં થઈ રહ્યા છે. સુરત વિશ્વનું સૌથી વધુ ઝડપથી વિકસતું શહેર છે. સુરતમાં સ્ટાર્ટ અપ ઈકોસિસ્ટમ વિકસાવવા માટેના તમામ ઘટકો હાજર છે. ૯૦% હીરા પોલિશ કરતું સુરત હવે વિશ્વના સ્ટાર્ટ અપ્સને પોલિશ કરવા સજ્જ છે.

ચેમ્બરના સભ્ય શ્રી સમકિત શાહ અને ચેમ્બરની ઈન્કમ ટેક્ષ કમિટીના કો-ચેરમેન એડવોકેટ અનિલ શાહે વક્તાઓનો પરિચય આપ્યો હતો. સમગ્ર સેશનનું સંચાલન કાર્યક્રમના કન્વીનર શ્રી ધર્મેશ મહેતાએ કર્યું હતું. બંને વક્તાઓએ યુવા ઉદ્યોગ સાહસિકોની વિવિધ મુંઝવણો પ્રશ્નોત્તરી સેશનમાં દૂર કરી હતી. ચેમ્બરના ડેપ્યુટી સેક્રેટરી શ્રી પાલિક દેસાઈએ સર્વેનો આભાર માન્યો હતો અને ત્યારબાદ સેશનનું સમાપન થયું હતું.

# સુરતની ગ્રીન પહેલમાં નાનામાં નાનો શહેરીજન પણ પોતાનું યોગદાન આપે એટલે અમે આ ગ્રીન મ્યુનિસિપલ બોન્ડ્સ લઈ આવ્યા છે, આપણે સૌ એમાં સહભાગી થઈને સુરતને વધુ આગળ વધારીએ : સુરતના મેયર શ્રી દક્ષેશ માવાણી



સુરત મહાનગરપાલિકા ૬ ઓક્ટોબર ૨૦૨૫થી ગ્રીન મ્યુનિસિપલ બોન્ડ્સ બહાર પાડી રહ્યું છે ત્યારે ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી દ્વારા સરસાણા ખાતે રોકાણકાર જાગૃતિ મીટનું આયોજન કરવામાં આવ્યું હતું. આ બોન્ડ્સ બંને શેરબજારો પર લિસ્ટેડ, કરપાત્ર, રિડીમેબલ, સુરક્ષિત અને બિન-પરિવર્તનીય ડિબેન્ચર્સ હશે, જે ક્લાઈમેટ બોન્ડ્સ પહેલ હેઠળ પ્રમાણિત થશે.

સુરત મહાનગરપાલિકાના કમિશ્નર શ્રીમતી શાલિની અગ્રવાલે (IAS) વિકાસની સાથે સસ્ટેનેબલ અને ગ્રીન એનર્જી ક્ષેત્રે સુરત મનપાએ મૂકેલા ભાર અને હાસલ કરાયેલા લક્ષ્યાંકોની માહિતી આપતા જણાવ્યું હતું કે, સુરત શહેરને જે ૧૨-૧૩ એવોર્ડ્સ મળ્યા છે એ લોકોના છે અને લોકોને અર્પણ કરીએ છીએ. દેશનું અર્થતંત્ર સતત આગેકૂચ કરી રહ્યું છે અને આગામી સમયમાં દેશની ૮૫% જીડીપી શહેરોમાંથી આવશે. દેશની આર્થિક વ્યવસ્થામાં શહેરો અને અર્બન પ્લાનિંગની મહત્વની ભૂમિકા રહેવાની છે. અર્બન પ્લાનિંગની બાબતમાં સુરતે દેશને એક ઉદાહરણ પૂરું પાડ્યું છે. વોટર રિસાયકલ અને રિયુઝમાં પણ સુરત શહેર અને ટેક્સટાઈલ ક્ષેત્રએ ઉદાહરણ પૂરું પાડ્યું છે અને એનાથી સુરત મહાનગરપાલિકાને રૂપિયા ૧૪૦ કરોડની આવક થઈ છે. સોલાર રૂફટોપમાં પણ સુરત સમગ્ર રાજ્યમાં અવ્વલ છે. સુરત બીઆરટીએસ કોરિડોરમાં ૧૦૦% ઈલેક્ટ્રિક બસો ચલાવનારું દેશનું પહેલું શહેર બન્યું છે.

તેમણે કહ્યું હતું કે, કેન્દ્ર અને રાજ્ય સરકાર અર્બન ઈન્ફ્રાસ્ટ્રક્ચર પર ભાર મૂકે છે. ૨૦૦ કરોડના ગ્રીન બોન્ડ એટલા માટે છે કે પર્યાવરણીય પ્રોજેક્ટમાં લોકોની ભાગીદારી થાય. પેપરવર્ક વધારે હોવા છતાં અમે ૧૫% રિટેલ રોકાણકારો સાથે આઈપીઓ રૂટ પસંદ કર્યો. આ રીતે મ્યુનિસિપલ બોન્ડ્સ માટે લોકો પાસે જવામાં પણ સુરત પહેલું છે. આનો હેતુ ફંડ કરતા વધારે લોકોને સુરત મનપા સાથે, તેની ગ્રીન પહેલ સાથે જોડવાનો છે. અમે લોકો સમક્ષ વિશ્વસનિયતા સાથે જઈ રહ્યા છીએ. બોન્ડની ૮%ની ઉપજ પણ આકર્ષક છે અને અમારો ઉદ્દેશ નાના નાના રોકાણકારોને પણ જોડવાનો છે. સુરતના લોકોને આ બોન્ડ સબસ્ક્રાઈબ કરવા તેમણે અપીલ કરી હતી.

આ પ્રસંગે સુરતના મેયર શ્રી દક્ષેશ માવાણીએ કહ્યું હતું કે સુરતનો સૂર્ય મધ્યાન્હે તપે છે. સુરતની ગ્રીન પહેલમાં નાનામાં




# ગ્રીન મ્યુનિસિપલ બોન્ડ્સનો હેતુ ફંડ કરતા વધારે લોકોને સુરત મનપા સાથે, તેની ગ્રીન પહેલ સાથે જોડવાનો છે, અમારો ઉદ્દેશ નાના નાના રોકાણકારોને પણ જોડવાનો છે : સુરત મ્યુનિસિપલ કમિશ્નર શ્રીમતી શાલિની અગ્રવાલ

નાનો શહેરીજન પણ પોતાનું યોગદાન આપે એટલે અમે આ ગ્રીન બોન્ડ લઈ આવ્યા છે, આપણે સૌ એમા સહભાગી થઈને સુરતને વધુ આગળ વધારીએ.

સુરત મહાનગરપાલિકા દ્વારા પબ્લિક ઈસ્યુથી બહાર પાડવામાં આવનાર ગ્રીન બોન્ડ અંતર્ગત ઓફર ડોક્યુમેન્ટનું ફાઈલીંગ સેબીમાં તા. ૧૮ સપ્ટેમ્બર, ૨૦૨૫ના રોજ કરવામાં આવ્યું છે તેમજ બોન્ડનું સબસ્ક્રીપ્શન તા. ૬ ઓક્ટોબરથી ૯ ઓક્ટોબર, ૨૦૨૫ દરમ્યાન કરવાનું રહેશે.

ચેમ્બરના સભ્યો સાથે ગ્રીન બોન્ડ સબસ્ક્રીપ્શન અને સુરત મહાનગરપાલિકાની ગ્રીન ઈનીશિએટિવ્સની સ્ટેટ લેવલ અને નેશનલ લેવલની વિવિધ કામગીરીઓ સંદર્ભે માહિતગાર કરવામાં આવ્યા હતા.

આ પ્રસંગે ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીના પ્રમુખ શ્રી નિખિલ મદ્રાસી, ઉપ પ્રમુખ શ્રી અશોક જીરાવાલા, તાત્કાલિન પૂર્વ પ્રમુખ શ્રી વિજય મેવાવાલા, માનદ્ મંત્રી શ્રી બિજલ જરીવાલા, માનદ્ ખજાનચી સીએ મિતિષ મોદી, પૂર્વ પ્રમુખશ્રીઓ, ચેમ્બરના સભ્યો, ઉદ્યોગ સાહસિકો અને રોકાણકારો ઉપસ્થિત રહ્યા હતા.



SMC કમિશ્નર શ્રીમતી શાલિની અગ્રવાલ (IAS)



સુરતના મેયર શ્રી દક્ષેશ માવાણી



સુરતના ઉદ્યોગકારોને સંબોધત કરતી વખતે શ્રીમતી શાલિની અગ્રવાલ (IAS)

# રિજનરેટિવ મેડિસિન પર જાગૃતિ સત્ર યોજાયું



# સ્ટેમ સેલ થકી રિજનરેટિવ પાવર લાવી શકાય છે, નજીકના ભવિષ્યમાં હવે દાંત પણ ફરી ઉગશે, ઈમ્પ્લાન્ટની જરૂર નહીં પડે, બાળકનું શિક્ષણ દોઢ વર્ષની વયથી શરૂ થવું જોઈએ : ડૉ. પ્રદિપ મહાજન





ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઇન્ડસ્ટ્રીએ રવિવાર, તા. ૨૮ સપ્ટેમ્બર, ૨૦૨૫ના રોજ સવારે ૧૦:૩૦ કલાકે સમૃદ્ધિ, નાનપુરા, સુરત ખાતે 'કટિંગ-એજ સાયન્સ ઓફ રિજનરેટિવ મેડિસિન-હીલિંગ ક્રોનિક ડિસીઝ એન્ડ એન્ટિ-એજિંગ' વિષય પર જાગૃતિ સત્રનું આયોજન કર્યું હતું. જેમાં મહારાષ્ટ્ર ભૂષણ પુરસ્કાર વિજેતા અને રિજનરેટિવ મેડિસિનમાં અગ્રણી તેમજ સ્ટેમઆરએક્સ બાયોસાયન્સ સોલ્યુશન્સ પ્રા. લિ.ના સ્થાપક ડૉ. પ્રદિપ મહાજને ઉપયોગી માર્ગદર્શન પૂરું પાડ્યું હતું.

ડૉ. પ્રદિપ મહાજને હઠીલા રોગોમાં અને એન્ટિ એજિંગમાં અત્યાધુનિક રિજનરેટિવ મેડિસિનમાં થઈ રહેલી પ્રગતિ પર પ્રકાશ પાડતા જણાવ્યું હતું કે, કુદરતે માણસને માત્ર હિલિંગ પાવર આપ્યો છે. રિજનરેટિવ પાવર આપણે લાવી શકીએ છીએ. હવે ૭૫ વર્ષની વય પછી પણ બેબીઝ પેદા થઈ શકે છે. આપણા શરીરમાં જ આપણી પોતાની રીપેરીંગ કિટ રહેલી છે.

તેમણે આ અટપટા વિજ્ઞાનની સરળ ભાષામાં સમજ આપતા કહ્યું કે, એક સેલમાંથી ૧૫૦ ટ્રિલિયન સેલનું શરીર બને છે. ૨૨૨ ઓર્ગન બને છે. માસ્ટર સેલ એટલે કે સ્ટેમ સેલમાં આપણી જિનેટિક માહિતી સંગ્રહાયેલી હોય છે. વયવૃદ્ધિ-એજિંગ એ એક ખોટી માન્યતા છે, એ કુદરતી નથી પણ એક રોગ છે. તમે કોઈ પણ હોસ્પિટલ કે સર્જન પાસે જાઓ અને ઉકેલ ન મળે ત્યારે મારી ભૂમિકા શરૂ થાય છે. મારી વાતો તમને ચમત્કાર જેવી લાગશે પણ એ હકીકત છે. આજે આ વિજ્ઞાન એટલું આગળ વધ્યું છે કે ઉંમર રિવર્સ થઈ શકે છે. સેલમાંથી ભ્રૂણ ફરી બનાવી શકાય છે. એવી ટેકનોલોજી હાથવેંતમાં છે કે દાંત પણ ફરી ઉગે, ઈમ્પ્લાન્ટની જરૂર નહીં પડે.

તેમણે કહ્યું કે ઓર્ગન ટ્રાન્સપ્લાન્ટમાં રિજેક્શન (શરીર ન સ્વીકારે)ના ચાન્સ વધુ રહે છે. સ્ટેમ સેલથી ફરી ઓર્ગન ઉગાડવામાં આ પ્રશ્ન આવતો નથી. તેમણે ડાયાબિટિસને કારણે ઘટતી આંખની દ્રષ્ટિ કેવી રીતે પાછી મેળવી શકાય એ સમજાવ્યું હતું. વિજ્ઞાનનો હવાલો આપતા તેમણે કહ્યું હતું કે, બાળક દોઢ-બે વર્ષનું થાય ત્યારે જ શિક્ષણ શરૂ થઈ જવું જોઈએ. કેમ કે એ સમયે ન્યુરોન્સ સૌથી વધારે જોડાયેલા હોય છે અને આપણે તેને શીખવવું પડતું નથી. એટલે જ અગાઉના જમાનામાં બાળક બે વર્ષનું થાય એટલે તેને ગુરૂકુળમાં મૂકી દેવાતું હતું.

પેરાસિટામોલ, એન્ટિબાયોટિક્સ વિના શતાયુ જીવન કેવી રીતે જીવી શકાય એ પાછળનું વિજ્ઞાન તેમણે સમજાવ્યું હતું. વિજ્ઞાન એ હદે આગળ વધી રહ્યું છે કે આપણે એટલું જીવીશું કે કંટાળી જઈશું. આજની તારીખે અમરત્વ અશક્ય છે. આવરદાને બદલે આરોગ્ય ગાળો વધારવાની જરૂર પર ભાર મૂકી તેમણે એજ મેનેજમેન્ટ વિષે સમજણ આપી હતી.

ચેમ્બરના ગ્રુપ ચેરમેન શ્રી રાકેશ ગાંધીએ સ્વાગત પ્રવચન કર્યું હતું. ચેમ્બરની ઇન્ડસ્ટ્રીયલ વર્કર હેલ્થ કમિટીના ચેરમેન ડૉ. જગદીશ વઘાસિયાએ કાર્યક્રમની રૂપરેખા આપી હતી. જ્યારે ચેમ્બરની પબ્લિક હેલ્થ કમિટીના કો-ચેરમેન ડૉ. સોનિયા મહાનીએ મુખ્ય વક્તાનો પરિચય આપ્યો હતો અને કાર્યક્રમમાં ઉપસ્થિત સર્વેનો આભાર માની કાર્યક્રમનું સમાપન કર્યું હતું.

## THE SOUTHERN GUJARAT CHAMBER OF COMMERCE & INDUSTRY

SGCCI

(BUSINESS VOICE OF SOUTH GUJARAT SINCE 1940)

*We sincerely thank our Sponsors of Birthday Gifts*

JOGANI REINFORCEMENT · Sihora · SOLEX · KP · KHUSHALBHAI · EKTA Forest · A-ONE LIFESTYLE · Re:fresh · KLM · visitorz.io · Manbhavan Mukhwas & Munchies · TeaOx BY JIVRAJ · Vasudev Studio Pvt Ltd · GANDHI GROUP OF INDUSTRIES · MAHADEV · Thyme & Whisk · LACE · Laflora CHOCOLATE · NARMADA GROUP · KAPOOR · BRAHMANI · OTLO · amazon digital kendra · Alibaba.com · MOTORS · HASTEE BAKERY · Hilton Garden Inn Surat City Centre

More contributions are welcome for Birthday Gifts Contact: **+91 72111 73110**

ACT WITH ONE MIND

**SPECIAL**
**10% DISCOUNT**
FOR SGCCI
MEMBERS ONLY



SGCCI

SESDC
SGCCI EDUCATION HUB

GFRRC

**THE SOUTHERN GUJARAT CHAMBER OF COMMERCE & INDUSTRY**
**SGCCI EDUCATION & SKILL DEVELOPMENT CENTRE**
**GLOBAL FABRIC RESOURCE & RESEARCH CENTRE**

# SHORT TERM COURSES FOR ENTREPRENEURS

| MANAGEMENT COURSE | Textile Courses |
|---|---|
| Master Class of Export Import | Textile @ A GLANCE |
| Enhanced Digital Marketing | Modern Yarn Preparatory |
| Stock Market Trading Course | Fabric Identification |
| Concept of Mutual Funds | Modern Weaving Technology |
| Office Automation with Google Workspace | Dobby & Jacquard Designing |
| Basic Microsoft Excel | Fabric Processing |
| Advanced Ms Excel | Technical Textile |
| Business Accounting | Garment Manufacturing |
| Accountant with Taxation | Circular Knitting |

**MORE DETAILS CONTACT**

**Mr. Kirtan Mehta (M) +91 72111 73123**
**Venue:** SGCCI, Samruddhi Building, Nanpura, Surat.
(E) education@sgcci.in (W) www.sgcci.in

# EXHIBITIONS FOR THE YEAR 2025-26

RAKHI SPECIAL
SHRAVAN
BUSINESS MELA
4-5-6 July 2025

4th EDITION
WEAVE KNITT EXHIBITION 2025
THE COMPLETE FABRIC SHOW
18 19 20 JULY 2025
B2B Platform for Weavers & Knitters

7th EDITION
YARN EXPO
An International Trade Show
1 2 3 AUG. 2025

Diwali
BUSINESS MELA
10-11-12 October 2025

12th EDITION
SITEX
SURAT INTERNATIONAL TEXTILE EXPO
22-23-24 NOV 2025
AN EXCLUSIVE TEXTILE MACHINERY EXPO

SGCCI
EPE EXPO
ENERGY • POWER • ELECTRICAL
Powering the Future - Today
20-21-22 December 2025

SITME '26
SURAT INTERNATIONAL TEXTILE & MACHINERY EXPO
09-10-11-12 JAN 2026
EMBROIDERY MACHINERY EXPO

SGCCI
Food & Beverages EXPO
24 25 26 JANUARY 2026

SGCCI
GLOBAL VILLAGE
GLOBAL EXCHANGE & TRADE EXHIBITION
24 25 26 JANUARY 2026


WEE'26
25-26-27 Jan. 2026

SGCCI
DiMaS
DIGITAL MARKETING SUMMIT FEB 2026

13th EDITION
SITEX
SURAT INTERNATIONAL TEXTILE EXPO
21-22-23 FEB 2026
AN EXCLUSIVE TEXTILE MACHINERY EXPO

SURAT INTERNATIONAL
auto expo
13-14-15-16 MARCH 2026
FUELLING THE FUTURE OF MOBILITY

Vibrant
GUJARAT
REGIONAL
CONFERENCES
9 & 10 April, 2026



ACT WITH ONE MIND